વચનામૃતમાં શ્રીમદ્ભાગવતનાં પાત્રો





શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ
અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી, ભગવાન શ્રી સ્વામિનારાયણ



સ્વામિનારાયણ અક્ષરધામ, નવી દિલ્હી

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

પવિત્ર નૈતિક જીવન માટે કટિબદ્ધ આ સંસ્થા એક વિશ્વવ્યાપી
આધ્યાત્મિક સમાજ છે, એક શાંતિચાહક સમાજ છે
જીવનનો સાચો મર્મ સમજાવતી, શાશ્વત શાંતિ તરફ લઈ જતી
આ ધર્મસંસ્થાનું લક્ષ્ય છે – માનવમાત્રનો ઉત્કર્ષ
ભગવાન સ્વામિનારાયણ (સન ૧૭૮૧-૧૮૩૦) પ્રબોધિત વૈદિક આદર્શોને કેન્દ્રમાં રાખી
બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સન ૧૯૦૭માં આ સંસ્થાની સ્થાપના કરી હતી
સંસ્થાનાં ૨૦,૦૦૦થી વધુ સત્સંગ સભાકેન્દ્રો(બાળ-યુવા-મહિલા-સંયુક્ત સભાકેન્દ્રો વગેરે)નો
વિશ્વવ્યાપી આધ્યાત્મિક પરિવાર માનવ-ઉત્કર્ષની ગંગા વહાવે છે
સંસ્થાના ૧,૦૦૦ સુશિક્ષિત સંતો તથા ૫૫,૦૦૦ યુવાનોનું વિરાટ સ્વયંસેવક દળ
આધ્યાત્મિક અભિયાન ઉપરાંત અનેકવિધ રચનાત્મક પ્રવૃત્તિઓનું વહન કરે છે
ચાહે તે રાહત કાર્યો હોય કે શૈક્ષણિક અભિયાન હોય; ભૂકંપગ્રસ્ત ગામોનું પુનર્નિર્માણ હોય
વસ્ત્ર-વિતરણ કે જળસંચય અભિયાન હોય. શિક્ષણ સેવાઓમાં ગામડાંઓની પ્રાથમિક શાળાઓથી
માંડી ઇંગ્લેન્ડમાં ભવ્ય વિદ્યાર્થી સંકુલ સુધી અનેક શૈક્ષણિક સોપાન સર કર્યાં છે
રોગનિદાન યજ્ઞો, વિક્રમસર્જક રક્તદાન યજ્ઞોથી માંડી હોસ્પિટલ સેવામાં સંસ્થાએ
તબીબી સેવાઓ વિસ્તારી છે. વ્યસનમુક્તિથી લઈને એઈડ્સ અને પર્યાવરણ જેવી
સમસ્યાઓના હલ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે જાગૃતિનો શંખ ફૂંકતી આ સંસ્થા
યુનો(UNO) દ્વારા માન્ય થયેલી સામાજિક સેવાસંસ્થા છે
લંડન (યુ.કે.), શિકાગો, હ્યુસ્ટન, એટલાન્ટા, લોસ એન્જલસ, રોબિન્સવીલ (યુ.એસ.એ.)
ટોરન્ટો (કેનેડા), નૈરોબી (ઇસ્ટ આફ્રિકા), ઓકલેન્ડ (ન્યૂઝીલેન્ડ), સિડની (ઓસ્ટ્રેલિયા)
વગેરે સહિત અનેક દેશોમાં અજાયબી સમાં મંદિરો રચીને સંસ્કાર-પ્રવૃત્તિ અને
માનવસેવાની વિશિષ્ટ જ્યોત જગાવી છે
ગાંધીનગર તથા નવી દિલ્હીમાં અભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક સંકુલ – અક્ષરધામનું
નિર્માણ કરી સંસ્થાએ યુગસિદ્ધિ હાંસલ કરી છે
વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં વિકસિત થયેલી અને પરમ પૂજ્ય
મહંત સ્વામી મહારાજના નેતૃત્વ તળે સનાતન સંસ્કૃતિને જનમાનસમાં પોષતી આ સંસ્થાએ
વિશ્વવ્યાપી સ્તરે લોકહૃદયમાં નિરાળું સ્થાન પ્રાપ્ત કર્યું છે

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી ગ્રંથમાળા
વચનામૃત દ્વિશતાબ્દી ગ્રંથમાળા

વચનામૃતમાં શ્રીમદ્‌ભાગવતનાં પાત્રો

લેખક
સાધુ વિવેકનિષ્ઠદાસ

પ્રકાશક
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

VACHANAMRUTMA BHAGWATNA PATRO (Gujarati Edition)

By Sadhu Viveknishthadas

Inspired by: HH Mahant Swami Maharaj

Presented by:
B.A.P.S. SWAMINARAYAN SANSTHA
Shahibaug, Amdavad – 380 004. India.

Publishers:
SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad – 380 004. India.

1st Edition:
March 2020. Copies: 7,000

ISBN: 978-81-7526-948-4

રજૂકર્તા : બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

પ્રેરણામૂર્તિ : પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ

પ્રથમ આવૃત્તિ : માર્ચ ૨૦૨૦

પ્રત : ૭,૦૦૦

કિંમત : રૂા. ૨૦-૦૦ (સ્વામિનારાયણ અક્ષરપીઠના સૌજન્યથી
મૂળ કિંમત **રૂા. ૨૪-૦૦**માંથી ઘટાડેલી કિંમત)

મુદ્રક અને પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

પ્રકાશકીય

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ વસુંધરા પર અવતરીને એક વિરાટ અને શાશ્વત કલ્યાણમય આધ્યાત્મિક આંદોલન આદર્યું હતું. એ આંદોલનના એક ભાગરૂપે હતાં – એમનાં જ્ઞાનસત્રો. નિત્ય અહોરાત્ર ગુંજતાં એમનાં જ્ઞાનસત્રોમાં મોટે ભાગે માધ્યમ હતું – પ્રશ્નોત્તરીનું. ક્યારેક સંતો-ભક્તો આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા માટે મુમુક્ષુમાત્ર માટે ઉપયોગી એવા અદ્ભુત અને વ્યવહારુ પ્રશ્નો પૂછે અને ભગવાન સ્વામિનારાયણ તેનો ઉત્તર આપે. ક્યારેક ભગવાન સ્વયં પ્રશ્નો પૂછે અને સ્વયં ઉત્તર આપે. ક્યારેક પ્રશ્ન વગર પણ કૃપાવચન વરસાવે. ભગવાન સ્વામિનારાયણની એ પરાવાણીમાં વેદ, ઉપનિષદ, સ્મૃતિ, પુરાણ, ઈતિહાસ વગેરે તમામ શાસ્ત્રોનો અનુભવપૂર્ણ અને સાક્ષાત્કારયુક્ત અર્ક ટપકતો હતો. એમની એ પરાવાણીને પ્રમાણિત રીતે સંગ્રહીને તેમના સમકાલીન વિદ્વાન અને સમર્થ સંતશિષ્યોએ તેનો સંપાદિત ગ્રંથ તૈયાર કર્યો. નામ આપ્યું – વચનામૃત, જેને સ્વયં ભગવાને નીરખીને પ્રમાણિત પણ કર્યો.

આ વચનામૃત ગ્રંથ આધ્યાત્મિક જગતના ઈતિહાસમાં એક અજોડ શાસ્ત્ર છે. આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા ઈચ્છતા કોઈપણ મુમુક્ષુ માટે વચનામૃત એક અનિવાર્ય ગ્રંથ છે. તેમાં સૌ કોઈને સમજાય તેવું સરળ અને અદ્ભુત અનુભવપૂર્ણ માર્ગદર્શન છે. આધ્યાત્મિક માર્ગે મુમુક્ષુને ઉદ્ભવતા પ્રશ્ન માત્રનું સર્વોત્તમ સમાધાન છે.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ઊજવાઈ રહેલા આ વચનામૃત ગ્રંથના દ્વિશતાબ્દી પર્વે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી વચનામૃત વિષયક વિવિધ પ્રકાશનોની શ્રેણી પ્રકાશિત કરવામાં આવી

રહી છે. વિદ્વાન સંતો અને ભક્તોએ તૈયાર કરેલી આ પ્રત્યેક પુસ્તિકાના સર્જન પાછળ ઊંડું અધ્યયન અને ચિંતન છે. સ્વામિનારાયણ અક્ષરપીઠ આ પુસ્તિકાના લેખક વિવેકનિષ્ઠદાસ સ્વામીનો હાર્દિક આભાર માને છે.

પ્રસ્તુત પુસ્તિકામાં ભગવાન સ્વામિનારાયણનાં વચનામૃતોમાં વર્ણવાયેલ શ્રીમદ્‌ભાગવતનાં પાત્રોનો પરિચય છે. ભગવાન સ્વામિનારાયણે શ્રીમદ્-ભાગવતની કથા વારંવાર કરાવીને તેમાંથી પ્રેરક ચરિત્રોનું ગાન વારંવાર કર્યું છે. ઉદ્ધવજી, ગોપીઓ વગેરે ભાગવતનાં પાત્રોની કેટલીક અદ્‌ભુત આધ્યાત્મિક સમજણને તેમણે વારંવાર વખાણી છે. આ પુસ્તિકામાં એવાં પ્રેરક પાત્રો તેમજ આધ્યાત્મિક સાધના માટે પ્રત્યેક સાધકને નજર સમક્ષ રાખવા જેવાં ભરતજી વગેરે ચરિત્રોની પણ રજૂઆત છે.

આશા છે, આપ સૌને અને વચનામૃતને સમજવા ઇચ્છતા મુમુક્ષુઓ માટે આ પુસ્તિકા અત્યંત ઉપયોગી નીવડશે.

– સ્વામિનારાયણ અક્ષરપીઠ,

વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ, પુષ્પદોલોત્સવ, વિ.સં. ૨૦૭૬

પૂર્વભૂમિકા

સનાતન વૈદિક ધર્મનાં તમામ શાસ્ત્રોમાં શ્રીમદ્‌ભાગવત પુરાણ સૌથી વધુ લોકપ્રિય, સર્વગ્રાહ્ય, સર્વમાન્ય શાસ્ત્ર છે. ભગવાન સ્વામિનારાયણ કહે છે :

- *"વેદનો અર્થ તો અતિ કઠણ છે, માટે તેની કથા થતી નથી; અને શ્રીમદ્‌ભાગવત પુરાણ અને ભારત એમાં વેદનો જ અર્થ છે ને સુગમ છે, માટે તેની કથા જગતમાં થાય છે." (વચ.ગ.પ્ર.૭૧)*

સ્વામિનારાયણ સંપ્રદાયનો પ્રારંભકાળ હોઈ સાંપ્રદાયિક શાસ્ત્રો બહુ રચાયાં ન હતાં. વળી, ભક્તજનો પણ વિવિધ સંપ્રદાયોમાંથી આવતા હોવાથી તેમની ઉપાસના, આસ્થા-શ્રદ્ધા, રુચિ પણ વિવિધ દેવી-દેવતાઓ, અવતારોમાં હતી. તે સમયે બહુધા શ્રીમદ્‌ભાગવત, મહાભારત, શ્રીમદ્ ભગવદ્‌ગીતા, વાસુદેવમાહાત્મ્ય વગેરે ગ્રંથોની કથા થતી. વચનામૃતમાં સૌથી વધુ ઉલ્લેખ શ્રીમદ્‌ભાગવતની કથાનો છે. જેમ કે –

- *"શ્રીજીમહારાજ નિત્યાનંદ સ્વામી પાસે શ્રીમદ્‌ભાગવતના પ્રથમ સ્કંધની કથા કરાવતા હતા." (વચ.પં.૭)*
- *"પ્રાગજી દવે પાસે શ્રીમદ્‌ભાગવતમાં કપિલગીતાની કથા વંચાવતા હતા." (વચ.ગ.મ.૩૧)*

ગઢપુરમાં સં. ૧૮૬૧ થી સં. ૧૮૬૨ની જન્માષ્ટમી સુધી અનેક ઉત્સવો કર્યા. તે દરમ્યાન પ્રાગજી દવે પાસે સાત વખત ભાગવતની કથા વંચાવી હતી. એક વાર ભાગવત પૂરું થાય ત્યારે તેને મહારાજ ૧૦૦ રૂપિયા આપતા. આ સાથે દરરોજનું સીધું આપતા. આખો દિવસ ને મધ્યરાત્રિ સુધી કથા વંચાવતા. *(શ્રીહરિ-ચરિત્રામૃતસાગર : ૭/૭)*

શ્રીહરિએ સંપ્રદાયનાં આઠ માન્ય પ્રમાણરૂપ શાસ્ત્રોમાં શ્રીમદ્‌ભાગવત-

પુરાણને સ્થાન આપ્યું છે. શ્રીહરિ *વચ.ગ.મ.૩૦*માં કહે છે :

- *"શ્રીમદ્‌ભાગવત આદિક જે સચ્છાસ્ત્ર છે તે સત્ય છે અને એ શાસ્ત્રમાં જે કહ્યું હોય તે તેવી જ રીતે થાય છે પણ બીજી રીતે થતું નથી."*

તત્ત્વચર્ચા, વાદવિવાદમાં તેઓ હંમેશાં શ્રીમદ્‌ભાગવતને સૌથી વધુ પ્રમાણભૂત માનતા.

*વચ.ગ.અં.૧૦*માં એક માધ્વી સંપ્રદાયના બ્રાહ્મણની મિથ્યા સમજણ પર ટકોર કરતાં તેમણે ભાગવતનું પુસ્તક મંગાવીને, તેના એકાદશ અને દ્વાદશ સ્કંધમાંથી ચાર પ્રકારના પ્રલયનો પ્રસંગ વાંચી સંભળાવ્યો ને કહ્યું કે, જો પ્રતિપક્ષીનો મત સાચો હોય તો... *"શ્રીમદ્‌ભાગવત સરખા પ્રસિદ્ધ પુરાણનું વચન કહી સંભળાવો તો અમારે પ્રતીતિ આવે, શા માટે જે, વ્યાસજીએ વેદ, પુરાણ, ઈતિહાસ એ સર્વેનું સાર સાર ગ્રહણ કરીને શ્રીમદ્‌ભાગવત કર્યું છે. માટે જેવું ભાગવત પ્રમાણ એવું બીજા પુરાણ અતિશય પ્રમાણ નહીં... માટે એવા બળવાન શાસ્ત્રનું વચન કહી સંભળાવો તો અમને હા પડે."*

ભગવાન સંબંધી ગ્રંથ ભાગવતના બે અર્થ થાય છે :

૧. भगवतः इदम् इति भागवतम् – ભગવાન સંબંધી ચરિત્રો આમાં છે, માટે ભાગવત. ભગવાન સ્વામિનારાયણ *વચ.ગ.પ્ર.૬૮*માં કહે છે: *"જ્યારે શ્રીમદ્‌ભાગવત જેવા આસ્તિક ગ્રંથને વિશે કહી જે... ભગવાનની લીલા તેને સાંભળે તથા ભગવાનનું અને સંતનું માહાત્મ્ય સમજે ત્યારે એનું નાસ્તિકપણું જાય અને આસ્તિકપણું આવે."*

૨. भगवताम् इदम् इति भागवतम् – ભગવાનના ભક્તો સંબંધી ચરિત્રો આમાં છે, માટે ભાગવત. ભગવાન સ્વામિનારાયણ *વચ.લો.૮*માં કહે છે: *"શ્રીમદ્‌ભાગવતાદિક જે આઠ સત્શાસ્ત્ર... એ સર્વે ગ્રંથમાં પણ અનેક પ્રકારનાં પ્રકરણ છે. તે સર્વે પ્રકરણે કરીને ભગવાનને પામ્યા જે ભક્ત તેમનાં અંગ કહ્યાં છે, માટે એ સર્વે ગ્રહણ કર્યા યોગ્ય છે."*

શ્રીહરિ *વચ.ગ.મ.૧૦*માં કહે છે: *"શ્રીમદ્‌ભાગવતમાં સાકાર બ્રહ્મનું પ્રતિપાદન છે, પણ જે વાંચનારા હોય તેને જો પરમેશ્વરની ભક્તિ ન હોય તો ભગવાનનું સ્વરૂપ શ્રીમદ્‌ભાગવતમાંથી પણ નિરાકાર સમજાય."*

માટે, *"સત્શાસ્ત્રનું શ્રવણ કરવું તે સત્પુરુષ થકી જ કરવું, પણ અસત્પુરુષ થકી સત્શાસ્ત્રનું કોઈ દિવસ શ્રવણ કરવું નહીં."* *(વચ.લો.૧૧)*. કારણ કે,

"માહાત્મ્ય સહિત જે ભગવાનનો નિશ્ચય તેણે રહિત એવો જે જીવ તેના મુખ થકી ગીતા, ભાગવત સાંભળે તેણે કરીને કોઈનું કલ્યાણ થતું નથી, એમાંથી તો મૂળગું ભૂંડું થાય છે." (વચ.વર.૧૨)

ભાગવત જેવા ગ્રંથોમાંથી ભગવત્સ્વરૂપ, નિશ્ચયની વાતો કોના થકી સમજાય, દૃઢ થાય તે જણાવતાં ભગવાન સ્વામિનારાયણ કહે છે :

- *"સદ્‌ગ્રંથોમાં આવી વાર્તા તો હોય પણ જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ વાત સમજ્યામાં આવે છે." (વચ.ગ.મ.૧૩)*
- *"જેમ હીરે કરીને જ હીરો વેંધાય છે પણ બીજા વતે નથી વેંધાતો, તેમ ભગવાનનો નિશ્ચય તે ભગવાન વતે જ થાય છે." (વચ.ગ.પ્ર.૫૧)*

ભગવાન સ્વામિનારાયણ સર્વોપરી પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ હોવાથી તેમને શાસ્ત્રોનાં તમામ રહસ્યો હસ્તામલકવત્ હતાં. ભગવાન હોવા છતાં તેઓ આ લોકની રીત મુજબ આપણા આદર્શ માટે દૈહિક, વૈચારિક સાધના કરીને આત્મા-પરમાત્માના સાક્ષાત્કારની સ્થિતિ સુધી પહોંચેલા. તેઓ અધ્યાત્મ સાધનામાં જેવું અનુભવમૂલક માર્ગદર્શન આપી શકે તેવું બીજું કોઈ ન આપી શકે.

ભગવાન સ્વામિનારાયણે ૯૬ વચનામૃતોમાં ભાગવતનાં ૧૫૧થી વધુ આખ્યાનો, શ્લોકો, દૃષ્ટાંતો, જ્ઞાનવાર્તાનો ઉલ્લેખ કરીને અધ્યાત્મમાર્ગના કઠિન સિદ્ધાંતો સરળ રીતે સમજાવ્યા છે. ભાગવતના ૧૮,૦૦૦ શ્લોકોના જ્ઞાતા દીનાનાથ ભટ્ટને ન પકડાય તેવો ભાગવતનો સારભૂત શ્લોક પણ ભગવાન સ્વામિનારાયણે કહી બતાવ્યો છે. ભાગવત પર અનેક ગ્રંથો, ટીકાઓ છે; પરંતુ ભગવાન સ્વામિનારાયણે ભાગવતનાં આખ્યાનો, શ્લોકો પર જે મૌલિક સિદ્ધાંતો, વિચારો સમજાવ્યા છે, તેવું કોઈ સમજાવી નથી શક્યું.

સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિતો માટે વચનામૃત મુખ્ય ગ્રંથ છે, જેમાં ૩૫% વચનામૃતોમાં ભાગવતનાં આખ્યાનો, શ્લોકો છે; જે જાણ્યાં, સમજ્યાં વિના વચનામૃત વાંચનનો પૂરો આનંદ ન આવે. સમયની કટોકટીમાં સત્સંગીઓને સમગ્ર ભાગવત વાંચવાનો અવકાશ ન મળે. માટે તેના સારરૂપે અમુક પાત્રોને પસંદ કર્યાં છે, જેથી ભગવત્પ્રાપ્તિમાં તેમને નડેલાં વિઘ્નોથી વાકેફ રહી શકાય અને ભક્તિમાર્ગ નિર્વિઘ્ન બને.

વળી, આ પુસ્તકનો હેતુ ભાગવતનાં બધાં જ આખ્યાનો વિસ્તારપૂર્વક વર્ણન કરવાનો નથી, તેના માટે ઘણાં પુસ્તકો ઉપલબ્ધ છે. પરંતુ ભગવાન સ્વામિનારાયણે જેટલાં આખ્યાનો, જેટલા પ્રમાણમાં, જે સંદર્ભમાં, જે હેતુથી

વચનામૃતમાં લીધાં છે; તેટલું જ વર્ણન આ પુસ્તકમાં કર્યું છે. વિસ્તારદોષને ટાળવા શક્ય હોય તેટલું ટૂંકમાં, છતાં જરૂરી વાતો રહી ન જાય, તે રીતે લખવા પ્રયત્ન કર્યો છે.

– સાધુ વિવેકનિષ્ઠદાસના
જય સ્વામિનારાયણ

ક્રમિકા

વિભાગ - ૧ : દેવ-દેવીઓ, અવતારો

૧. ભગવાન શ્રીકૃષ્ણ....................૨
૨. બળદેવજી (બલરામજી) ૨૧
૩. લક્ષ્મીજી ૨૩
૪. શિવજી....................૨૫
૫. મત્સ્યાવતાર....................૨૭
૬. વરાહ અવતાર....................૨૯
૭. નૃસિંહ અવતાર, પ્રહ્લાદ, હિરણ્યકશિપુ....................૩૦
૮. વામન અવતાર, બલિરાજા....................૩૭
૯. ઋષભદેવ ભગવાન....................૪૧
૧૦. કપિલમુનિ ૪૪
૧૧. દત્તાત્રેયજી ૪૮

વિભાગ - ૨ : મહર્ષિઓ, રાજર્ષિઓ, ભક્તો

૧૨. વેદવ્યાસજી ૫૧
૧૩. શુકદેવજી....................૫૫
૧૪. પરીક્ષિત....................૫૯
૧૫. ઉદ્ધવજી....................૬૨

૧૬. ભરતજી.. ૬૭
૧૭. ધ્રુવજી ૭૦
૧૮. અજામિલ ૭૨
૧૯. ચિત્રકેતુ.. ૭૪
૨૦. વૃત્રાસુર.. ૭૬
૨૧. પૃથુરાજા.. ૭૭
૨૨. દક્ષ ૭૯
૨૩. જય-વિજય ૮૨
૨૪. સૌભરિ ઋષિ.. ૮૫

વિભાગ - ૧

દેવ-દેવીઓ, અવતારો

૧

ભગવાન શ્રીકૃષ્ણ

દ્વાપરના અંતે જ્યારે રાજાઓના સ્વરૂપમાં દૈત્યો અત્યાચારથી, પાપથી પૃથ્વીને પીડિત કરવા લાગ્યા, ત્યારે ભગવાને સ્વયં વસુદેવ-દેવકી થકી જન્મ ધારણ કરવાનું વચન આપ્યું. વસુદેવ-દેવકીનાં લગ્ન બાદ તેમનો રથ દેવકીના કાકા મથુરાનરેશ ઉગ્રસેનનો પુત્ર કંસ હંકારી રહ્યો હતો. ત્યારે આકાશવાણીએ કહ્યું: 'હે કંસ! આ જ દેવકીનો આઠમો પુત્ર તારો કાળ બની તને મારશે.'

કંસે બંનેને કારાગૃહમાં કેદ કર્યાં. તેમના સાત સંતાનોનો ક્રમશઃ વધ કર્યો. આઠમા પુત્ર તરીકે સ્વયં ભગવાન શ્રાવણ વદિ અષ્ટમીની મધ્યરાત્રીએ પ્રગટ થયા. હિંદુ ધર્મની માન્યતા મુજબ ભગવાનના દશાવતારમાં આઠમા ને ચોવીસ અવતારોમાં બાવીસમા અવતાર તરીકે પ્રગટ્યા – ભગવાન શ્રીકૃષ્ણ. આ જન્માષ્ટમી ઉત્સવ સમગ્ર ભારતમાં ધામધૂમથી ઊજવાય છે.[૧]

જન્મ સમયે ભગવાને ચાર ભુજાઓમાં શંખ, ચક્ર, ગદા, પદ્મ ધારણ કર્યાં હતાં. માથે મુગટ, કાનમાં કુંડળ, કંઠમાં કૌસ્તુભમણિ, નીચે પીળું પીતાંબર ધારણ કર્યાં હતાં. દેવકીજીએ સ્તુતિ કરી: 'આપ આપનું ચતુર્ભુજરૂપ સમેટી લો.' તુરંત ભગવાને સાધારણ બાળકનું રૂપ ધારણ કર્યું.

ભગવાન સ્વામિનારાયણે આનો ઉલ્લેખ વચ.પં.૬; લો.૧૮; ગ.મ.૧૦, ૩૯; વર.૧૮માં કર્યો છે.

ભગવાન સ્વામિનારાયણ અન્ય અવતારો કરતાં શ્રીકૃષ્ણની વિશેષતા

---

૧. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના આદેશ મુજબ બી.એ.પી.એસ.ના તમામ સંતો-ભક્તો વર્ષના પાંચ નિર્જળ ઉપવાસ અંતર્ગત એક ઉપવાસ જન્માષ્ટમીના દિવસે કરે છે તથા રાત્રે ૧૨:૦૦ વાગ્યા સુધી ભજન-ભક્તિ કરે છે.

જણાવતાં વચનામૃતમાં કહે છે :

- *"અમે ઝાઝી વાર સુધી વિચાર કર્યો ને સર્વે શાસ્ત્રમાં નજર ફેરવીને જોયું ત્યારે એમ જણાયું જે, 'શ્રીકૃષ્ણ જેવો અવતાર સર્વ શક્તિએ યુક્ત બીજો કોઈ નથી થયો;' ...પ્રથમ પોતે દેવકી થકી જન્મ્યા ત્યારે શંખ, ચક્ર, ગદા, પદ્મ ધારીને ચતુર્ભુજરૂપે દર્શન દીધું, તેણે કરીને લક્ષ્મીપતિ જે વૈકુંઠનાથ તેનો ભાવ પોતામાં જણાવ્યો. તથા માતા યશોદાને પોતાના મુખમાં વિશ્વરૂપ દેખાડ્યું, તેણે કરીને સહસ્રશીર્ષાપણે કરીને અનિરુદ્ધપણું પોતામાં જણવ્યું તથા અક્રૂરને યમુનાના ધરામાં દર્શન દીધાં, તેણે કરીને શેષશાયીપણું જણવ્યું. તથા અર્જુનને રણસંગ્રામમાં વિશ્વરૂપ દેખાડ્યું...*
  ગોલોકવાસી જે રાધિકા સહિત શ્રીકૃષ્ણ તે તો પોતે જ હતા. અને બ્રાહ્મણના બાળકને લેવા ગયા ત્યારે અર્જુનને પોતાનું ભૂમાપુરુષરૂપે દર્શન કરાવ્યું. તથા શ્વેતદ્વીપવાસી વાસુદેવ તેણે તો પોતે જ એ અવતાર ધર્યો હતો. તથા નરનારાયણ તો સમગ્ર ભારતને વિશે તથા ભાગવતમાં એ શ્રીકૃષ્ણને જ કહ્યા છે... માટે એ અવતાર તે બહુ મોટો થયો છે." (વચ.પં.૬)
- *"બીજા જે સર્વ અવતાર તે પણ શ્રીકૃષ્ણ ભગવાનના જ છે... શ્રીકૃષ્ણ ભગવાનને વિશે તો સર્વ કળાઓ છે. માટે એ શ્રીકૃષ્ણ ભગવાન તો રસિક પણ છે ને ત્યાગી પણ છે ને જ્ઞાની પણ છે ને રાજાધિરાજ પણ છે ને કાયર પણ છે ને શૂરવીર પણ છે ને અતિશય કૃપાળુ પણ છે ને યોગકળાને વિશે પ્રવીણ છે ને અતિશય બળિયા પણ છે ને અતિશય છળિયા પણ છે."* (વચ.ગ.મ.૬૪)

શ્રીકૃષ્ણ લીલાવતાર છે. તેમનાં અમુક ચરિત્રોનું ભક્તિપૂર્વક ફક્ત રસપાન કરવાનું હોય છે, પરંતુ અનુકરણ નહીં, તે વાત જણાવતાં ભગવાન સ્વામિનારાયણ વર.૧૮માં કહે છે :

"શ્રીકૃષ્ણ ભગવાન વ્રજને વિશે બાળમુકુંદ કહેવાયા, મુરલીમનોહર કહેવાયા, રાધાકૃષ્ણ કહેવાયા તથા વાછડાં ચાર્યાં, ગાયો ચારી, ગોવર્ધન પર્વત ધાર્યો, ગોપીઓ સાથે રાસક્રીડા કરી તથા મથુરાપુરીમાં આવીને કંસને માર્યો, યાદવને સુખિયા કર્યા તથા સાંદીપનિ બ્રાહ્મણને ઘેર વિદ્યા ભણ્યા તથા કુબ્જા

સંગાથે વિહાર કર્યો તથા દ્વારકાપુરીમાં વસ્યા ને રુક્મિણી આદિક અષ્ટ પટરાણીઓને પરણ્યા તથા સોળ હજાર સ્ત્રીઓને પરણ્યા તથા હસ્તિનાપુરમાં રહ્યા ને પાંડવની સર્વ કષ્ટ થકી રક્ષા કરી ને દ્રૌપદીની લાજ રાખી ને અર્જુનના સારથિ થયા ઇત્યાદિક સ્થાનકને ભેદે કરીને જે શ્રીકૃષ્ણ ભગવાનની અનેક લીલા છે; તેણે કરીને એ શ્રીકૃષ્ણ ભગવાનના દ્વિભુજ સ્વરૂપને વિશે ઉપાસનાના ભેદ ન કરવા અને જે કરશે તે વચનદ્રોહી, ગુરુદ્રોહી છે.''

શ્રીહરિ શ્રીકૃષ્ણના વચનના આધારે ભગવાનમાં મનુષ્યભાવ ન પરઠવાની વાત *વચ.લો.૮*માં દૃઢાવતાં કહે છે:

''શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું છે –

'અવજાનન્તિ માં મૂઢા માનુષીં તનુમાશ્રિતમ્ ।
પરં ભાવમજાનન્તો મમ ભૂતમહેશ્વરમ્ ॥'

માટે જે મૂઢ છે તે ભગવાનના એવા પરમભાવને જાણ્યા વિના ભગવાનને વિશે પોતાના જેવા મનુષ્યના ભાવને પરઠે છે...માટે એવા ભાવનો પરઠનારો જે હોય તેને ભગવાનના નિશ્ચય જેવું જણાય છે તોપણ તેનો નિશ્ચય કાચો છે. અને એ જરૂર સત્સંગમાંથી પડશે.''

શ્રીહરિ ભગવાનની કલ્યાણભાવનાનું સામર્થ્ય વર્ણવતાં કહે છે :

''જ્યારે ભગવાને કૃષ્ણાવતાર ધાર્યો ત્યારે મહાપાપણી જે પૂતના તેણે ભગવાનને ઝેર પાયું, તેને શ્રીકૃષ્ણ ભગવાને પોતાની માતા જે યશોદાજી તે બરોબર ગતિ આપી ને બીજા પણ મહાપાપી દૈત્ય હતા તે ભગવાનને મારવા આવ્યા હતા, તેને પણ શ્રીકૃષ્ણ ભગવાન પરમપદ આપતા હતા.'' (વચ.વર.૬)

યાદવોના કુળપુરોહિત ગર્ગાચાર્યે નંદબાવાની વિનંતીથી તેમની બે પત્નીઓનાં બે સંતાનોનાં નામકરણ સંસ્કાર કરી તેમનો મહિમા કહ્યો હતો.

એક વાર ગોપબાળકોએ યશોદાજીને ફરિયાદ કરી, 'મા ! કનૈયાએ માટી ખાધી.' યશોદાજીએ બાલકૃષ્ણને પકડી ઠપકો આપ્યો, 'અલ્યા, ઓ કૃષ્ણ ! તેં છુપાઈને માટી કેમ ખાધી ?' બાલકૃષ્ણ કહે, 'મા ! આ બધા જુઠ્ઠા છે. તમે જાતે મારું મોઢું જોઈ લો.' એમ કહી બાલકૃષ્ણે પોતાનું મોઢું ખોલી દીધું.

યશોદાજીએ બાલકૃષ્ણના મુખમાં સંપૂર્ણ વિશ્વ જોયું ! શ્રીહરિએ *વચ. કારિ.૮*માં આ પ્રસંગનો ઉલ્લેખ કર્યો છે :

''શ્રીકૃષ્ણ ભગવાન તેણે પોતાની માતા જે યશોદાજી તેને પોતાના મુખને

વિશે અષ્ટાવરણે યુક્ત સમગ્ર બ્રહ્માંડ દેખાડ્યું."

બાલકૃષ્ણે પાંચ વર્ષની ઉંમરે અઘાસુરને માર્યો. તેથી બ્રહ્માને તેની પરીક્ષા લેવાનું મન થયું. તેણે વાછરડાં અને ગોપબાળકોને અદશ્ય કર્યાં. આથી શ્રીકૃષ્ણ દહીં-ભાત જમવાનું ચાલુ રાખીને વાછરડાં શોધવા નીકળ્યા. આથી બ્રહ્માને સંશય થયો કે 'નોય પરબ્રહ્મ, આ તો ગોવાળિયો છે.'

જો કે બાલકૃષ્ણને ખબર પડી કે, આ બધા બ્રહ્માના કરતૂત છે. બાલકૃષ્ણે પોતે જ તમામ ગોપબાળ અને વાછરડાંના સ્વરૂપ ધારણ કર્યાં અને એક વર્ષ સુધી વનમાં અને વ્રજમાં લીલા કરતા રહ્યા. એક વર્ષ બાદ બ્રહ્માજી વ્રજમાં પધાર્યા. ભગવાનની લીલા જોઈ આશ્ચર્ય પામ્યા.

શ્રીહરિએ આનો ઉલ્લેખ કરતાં *વચ.લો.૪*માં કહ્યું છે : *"ભગવાનની યોગકળામાં બ્રહ્માદિક જેવાને કુતર્ક થાય તો એ ભગવાનની માયાના બળના પારને ન પામ્યા કહેવાય."*

પછી બ્રહ્માએ ભગવાનના સંબંધનો મહિમા સમજી સ્તુતિ કરી:

अहो भाग्यम् अहो भाग्यं नन्दगोपव्रजौकसाम्।
यन्मित्रं परमानन्दं पूर्णं ब्रह्म सनातनम्॥ (भागवत: १०/१४/३२)

અહો ! અહો ! ભાગ્ય છે, નંદ, ગોપ અને વ્રજવાસીઓનું અહોભાગ્ય છે કે જેમના મિત્ર પરમાનંદ પૂર્ણ સનાતન બ્રહ્મ ભગવાન છે. હે ભગવાન્, આ વ્રજભૂમિમાં કોઈપણ વનમાં, વિશેષ કરીને ગોકુળમાં જો જન્મ થાય તે મોટું ભાગ્ય છે, કારણ કે જે પ્રેમી ભક્તોનું સંપૂર્ણ જીવન ભગવાન મુકુંદ છે અને જે પ્રેમી ભક્તોની ચરણરજ શ્રુતિઓ આજે પણ શોધી રહી છે, તે શ્રેષ્ઠ પ્રેમી ભક્તોની ચરણરજનો મારા પર અભિષેક થાય. *(ભાગવત: ૧૦/૧૪/૩૨-૩૪)*

શ્રીહરિએ આનો ઉલ્લેખ કરતાં વચનામૃત *ગ.અં.૨૮*માં કહ્યું છે :

"બ્રહ્મા પણ ભગવાનનું માહાત્મ્ય જાણતા હતા તો એવી રીતે બોલ્યા. તે માટે જો ભગવાનની ને સંતની એવી રીતે મોટાઈ જાણતો હોય તો માન, ઈર્ષ્યા, ક્રોધ રહે જ નહીં ને તેને આગળ દાસાનુદાસ થઈને વર્તે."

વળી, *વચ.કા.૯*માં પણ તેઓ આ જ વાત જણાવે છે :

"બ્રહ્માએ પણ શ્રીકૃષ્ણ ભગવાન પાસે એમ વર માગ્યો છે જે, 'હે પ્રભો ! આ જન્મને વિશે અથવા પશુ-પક્ષીના જન્મને વિશે હું જે તે તમારા દાસને વિશે રહીને તમારાં ચરણારવિંદને સેવું એવું મારું મોટું ભાગ્ય થાઓ.' માટે એવો

જ્યારે ભગવાનના ભક્તનો મહિમા સમજે ત્યારે તેને ભગવાનના ભક્ત ઉપર કોઈ દિવસ અવગુણની ગાંઠ ન બંધાય અને પોતાના ઈષ્ટ જે પ્રત્યક્ષ ભગવાન તેનો જે ભક્ત તેને વિશે જે કોઈક અલ્પ દોષ હોય તે મહિમાના સમજનારાની દૃષ્ટિમાં આવે જ નહીં.''

ગોપીઓની ભક્તિ

વ્રજના ગોવાળોની પત્ની ગોપીઓ ગામડાની અબુધ, અભણ નારીઓ હતી. છતાં શ્રીકૃષ્ણ પ્રત્યે તેમનો પ્રેમ મોટા મોટા પંડિતો, જ્ઞાનીઓને ટપી જાય તેવો હતો. ગોપીઓની ભક્તિનું પ્રમાણ આપતાં શ્રીહરિ કહે છે:

- *''જેને ગોપીઓના જેવી પ્રેમલક્ષણા ભક્તિ છે તેને તો સર્વે સાધન સંપૂર્ણ થયાં છે.'' (વચ.ગ.પ્ર.૫૬)*
- *''એવી જે ભક્તિ તે તો મહાદુર્લભ છે. ને એક-બે જન્મને સુકૃતે કરીને એવી ભક્તિ ન આવે, એ તો અનેક જન્મના જ્યારે શુભ સંસ્કાર ભેળા થાય છે ત્યારે તેને ગોપીઓના સરખી ભક્તિ ઉદય થાય છે. ને એવી ભક્તિ છે તે જ પરમપદ છે. માટે આવી રીતની જે ભક્તિ તે જ્ઞાન-વૈરાગ્ય થકી અધિક છે ને જેના હૃદયને વિશે આવી રીતની ભક્તિ હોય તેને ભગવાનને વિશે પ્રીતિમાં શું બાકી છે? કાંઈ બાકી નથી.'' (વચ.ગ.મ.૧૦)*

કોઈપણ વ્યક્તિ શ્રીકૃષ્ણના મોહક રૂપમાં ખેંચાયા વિના રહેતી નહીં. ગોપીઓનું તો સમગ્ર જીવન જ કૃષ્ણમય હતું. બાલકૃષ્ણે માખણ ચોરવાની નટખટ લીલા દ્વારા તેમનાં ચિત્ત ચોરી લીધાં હતાં. તેમને હાલતાં-ચાલતાં, ખાતાં-પીતાં બસ કૃષ્ણનું જ સ્મરણ થતું. દિવસ દરમ્યાન ગોપીઓ કંઈક ને કંઈક નિમિત્તે નંદને ઘેર આવી બાલકૃષ્ણનાં દર્શન કરી તેમને રમાડી જતી.

બાલકૃષ્ણ ૮-૯ વર્ષના થયા. માગશર મહિનામાં ગોપીઓએ 'નંદનંદન શ્રીકૃષ્ણ અમારા પતિ થાય' તે ઈચ્છા સાથે કાત્યાયની વ્રત કર્યું. રોજ મુજબ તેઓ યમુનામાં સ્નાન કરી રહી હતી ત્યારે બાલકૃષ્ણ તેમનાં કાંઠે પડેલાં વસ્ત્રો લઈ કદંબના વૃક્ષ પર ચડી ગયા. શ્રીકૃષ્ણની ઈચ્છા મુજબ ગોપીઓ લજ્જાનો (દેહાભિમાનનો) ત્યાગ કરી પાણીની બહાર આવી, ત્યારે શ્રીકૃષ્ણે તેમને વસ્ત્રો પાછાં આપ્યાં. આ ચીરહરણલીલા બાદ ગોપીઓ શ્રીકૃષ્ણના સમાગમ માટે

તેમને લજ્જાયુક્ત દૃષ્ટિથી નિહાળતી રહી. શ્રીકૃષ્ણે કહ્યું: 'હું તમારો સંકલ્પ જાણું છું કે, તમે મારી પૂજા કરવા ઇચ્છો છો. તમારો સંકલ્પ સત્ય થશે. તમે આવનારી શરદઋતુની રાત્રિઓમાં મારી સાથે વિહાર કરશો.'

બાલકૃષ્ણ ૧૦ વર્ષના થયા. શરદઋતુ આવી. ભગવાને પોતાની યોગ-માયાનો આશ્રય લઈને રસમયી રાસક્રીડા કરવાનો સંકલ્પ કર્યો. આ રાસ-લીલા લૌકિક દેહભાવયુક્ત સ્ત્રી-પુરુષનું મિલન નથી. પરંતુ ભક્ત-ભગવાનનું, આત્મા-પરમાત્માનું દિવ્ય મિલન છે. પૂર્ણ ચંદ્ર આકાશમાં ખીલ્યો હતો ત્યારે ભગવાને વાંસળી પર કામબીજ 'ક્લીં'નો મધુર વેણુનાદ છેડ્યો. ગોપીઓ તમામ કાર્ય છોડીને ભય, સંકોચ, ધૈર્ય, મર્યાદાનો ત્યાગ કરીને શ્રીકૃષ્ણ પાસે દોડી ગઈ. પોતાના પિતા, પતિ, ભાઈ, સ્વજનોના રોકવા છતાં તેઓ ન રોકાઈ.

तमेव परमात्मानं जारबुद्ध्याऽपि सङ्गताः।
जहुर्गुणमयं देहं सद्यः प्रक्षीणबन्धनाः॥ (भागवत: १०/२९/११)

અર્થ : જો કે તેમનો શ્રીકૃષ્ણ પ્રતિ જારભાવ પણ હતો; તેમ છતાં તેમણે જેમનો સંગ કર્યો તે સ્વયં પરમાત્મા જ હતા. તેથી ગોપીઓનાં માયાનાં બંધન નષ્ટ થઈ ગયાં. તેમણે પ્રાકૃત શરીરનો ત્યાગ કરી દિવ્ય શરીર પ્રાપ્ત કરી લીધાં. ભગવાન સ્વામિનારાયણ કહે છે : *"જે ગોપીઓને રાસક્રીડામાં ન જવા દીધી તે દેહ મૂકીને શ્રીકૃષ્ણ પાસે ગઈ."* (વચ.ગ.મ.૩)

ભગવાન સ્વામિનારાયણ *ગ.પ્ર.૪૨*માં કહે છે :

"પરમાત્મા જે શ્રીકૃષ્ણ ભગવાન તેની સંગાથે વ્રજની ગોપીઓએ કામબુદ્ધિએ કરીને પ્રીતિ કરી તોપણ સર્વે ભગવાનની માયાને તરી ગઈયો, ને પોતે ગુણાતીત થઈને નિર્ગુણ એવું જે ભગવાનનું અક્ષરધામ તેને પામિયો. તેનું કારણ એ છે જે, શ્રીકૃષ્ણ ભગવાન પોતે સાક્ષાત્ પુરુષોત્તમ ગુણાતીત દિવ્યમૂર્તિ હતા, તો તે સંગાથે ગોપીઓએ જાણે-અજાણે પ્રીતિ કરી તોપણ તે ગોપીઓ ગુણાતીત થઈયો; અને ભરતજીએ દયાએ કરીને મૃગલામાં પ્રીતિ કરી તો પોતે મૃગલું થયા ...અને જો શ્રીકૃષ્ણ ભગવાન પોતે ગુણાતીત ન હોત તો એના ભક્ત જે ગોપીઓ તે ગુણાતીતપણાને ન પામત અને જો ગુણાતીત પદને પામિયો તો શ્રીકૃષ્ણ ભગવાન ગુણાતીત કૈવલ્ય દિવ્યમૂર્તિ જ છે. અને વેદાંતી કહે છે જે, 'સર્વત્ર બ્રહ્મ સભર ભર્યો છે' ત્યારે જેમ ગોપીઓએ શ્રીકૃષ્ણ ભગવાનને વિશે પ્રીતિ કરી તેમ જ સર્વે સ્ત્રીઓ પોતપોતાના ધણીને

વિશે પ્રીતિ કરે છે તથા સર્વે પુરુષ પોતાની સ્ત્રીઓને વિશે પ્રીતિ કરે છે તોપણ તેમને ગોપીઓના જેવી પ્રાપ્તિ થતી નથી, તેમને તો ઘોર નરકની પ્રાપ્તિ થાય છે. માટે જે વિધિનિષેધ છે તે સાચા છે, પણ ખોટા નથી અને જે એ વિધિનિષેધને ખોટા કરે છે તે તો નારકી થાય છે.''

શ્રીકૃષ્ણે ગોપીઓને ઘરે પાછા જવા કહ્યું, ત્યારે ગોપીઓ કહે છે: ''જે દિવસથી તમારાં દુર્લભ ચરણોનો સ્પર્શ અમને પ્રાપ્ત થયો, તે દિવસથી તમે જ અમારી આંખોમાં વસી ગયા છો. અમારી દૃષ્ટિ હવે બીજા કોઈ તરફ જતી નથી.' *(ભાગવત : ૧૦-૨૯-૩૬)*

ભગવાન સ્વામિનારાયણે આ વાત *વચ.સા.૫* અને *ગ.મ.૬૨*માં કરી છે:

''પતિવ્રતાનું જે અંગ છે તે તો વ્રજની ગોપીઓના જેવું જોઈએ. જેમ ગોપીઓએ જે દિવસ થકી શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરણારવિંદનો સ્પર્શ કર્યો તે દિવસ થકી જેટલાં સંસાર સંબંધી જે સુખ તે સર્વે ઝેર જેવાં થઈ ગયાં...''

આ રીતે પોતે કરેલી કસોટીમાં ગોપીઓની દૃઢતા જોઈ શ્રીકૃષ્ણ દ્રવી ગયા. તેઓ પોતાના હાવ-ભાવ અને ક્રિયા ગોપીઓને અનુકૂળ કરી યમુનાતટ પર ગોપીઓ સાથે વિહાર કરવા લાગ્યા. ગોપીઓને અભિમાન આવ્યું કે સમસ્ત સંસારની સ્ત્રીઓમાં અમે જ સૌથી સુંદર, સર્વશ્રેષ્ઠ છીએ માટે ભગવાને અમને પસંદ કરી. ગોપીઓના અભિમાનનું ખંડન કરી તેમની ભક્તિ નિર્વિઘ્ન કરવા શ્રીકૃષ્ણ અચાનક તેમની વચ્ચેથી અંતર્ધાન થઈ ગયા. વિરહાગ્નિમાં ગોપીઓ શ્રીકૃષ્ણમય બની. શ્રીકૃષ્ણના જ હાવ-ભાવ સાથે તેમની લીલાઓનું અનુકરણ કરવા લાગી. ભગવાનને શોધતાં તમામ ગોપીઓ હવે યમુનાતટે આવી. વિરહાવેશમાં 'ગોપીકાગીત' દ્વારા શ્રીકૃષ્ણના ગુણોનું ગાન કરવા લાગી.

શ્રીહરિએ *વચ:સા.૧૫*માં ગોપીઓના વચન મુજબ તેમનું ત્રણ પ્રકારે વર્ગીકરણ કર્યું છે :

''ગોપીઓ કાંઈ ભોળિયો નહોતી, એ તો આત્મનિષ્ઠા ને વૈરાગ્યે યુક્ત હોય તેની સમજણને ઉલ્લંઘી જાય એવી ડાહિયો હતી. જેમ કોઈક રાજનીતિનો જાણનારો હોય ને તે બોલે તેના જેવું તો ગોપીઓને બોલ્યામાં ડહાપણ હતું; અને ભગવાનને પણ જેમ યથાર્થપણે જાણ્યા જોઈએ તેમ જાણતી હતી...અને તમે કહેશો જે, 'ગોપીઓ તો એવી બુદ્ધિમાન નહોતી,' તો એમાં તો મુગ્ધા, મધ્યા અને પ્રૌઢા એ ત્રણ પ્રકારના ભેદ હતા. તેમાં મુગ્ધાનું એવું લક્ષણ છે જે,

એક તો ભગવાન ઉપર ધોખો ઘણો કરે અને એમ બોલે જે, 'અમે તમારે અર્થે કરી કરીને મરી ગયાં તોપણ તમે નજરમાં લાવતા નથી;' અને એમ કરતાં જો વધુ છેડે તો ભગવાન સાથે રીસ કરે અને તોછડાં તોછડાં વચન બોલે જે, 'જાણીએ હમણાં વિમુખ થઈ જશે;' એવી જાતનાં જેનાં શાસ્ત્રને વિશે વચન હોય તે ગોપીને મુગ્ધા જાણવી. અને જે મધ્યા હોય તે તો કોઈ દિવસ ભગવાન સામો ક્રોધ ન કરે અને તોછડું વચન પણ ન કહે; અને ડહાપણે કરીને યુક્તિ યુક્તિએ પોતાનું સ્વાર્થીપણું બીજાને જણાવા દે નહીં; અને પોતાનું કામ સાધે તે ભેળું ભગવાનનું ગમતું કરે પણ એકલું ભગવાનનું ગમતું કરે નહીં, અને જો ભગવાનનું જ ગમતું કરવું પડે તોપણ કાંઈક પોતાનું ગમતું કરવાની યુક્તિ જરૂર રાખે; એવાં જેનાં શાસ્ત્રને વિશે વચન હોય તે ગોપીને મધ્યા જાણવી. અને જે પ્રૌઢા હોય તે તો કેવળ ભગવાનના ગમતા પ્રમાણે જ ચાલે અને કોઈ રીતે પોતાના સ્વાર્થને અર્થે યુક્તિ કરે નહીં અને કેવળ ભગવાનને રાજી કરવાને ઈચ્છે અને જે રીતે ભગવાન રાજી થાય તે રીતે જ પોતે રાજી રહે; અને પોતાની બરોબરની જે બીજી ગોપીઓ હોય તે ઉપર ઈર્ષ્યા, ક્રોધ કરે જ નહીં અને માન, મત્સર આદિક સર્વે વિકારનો ત્યાગ કરીને ભગવાનની સેવામાં સાવધાન રહે; અને જેણે કરીને ભગવાન કુરાજી થાય તેવું આચરણ તો મન, કર્મ, વચને કરીને કોઈ કાળે કરે નહીં; એવાં જેનાં શાસ્ત્રમાં વચન હોય તે ગોપીને પ્રૌઢા જાણવી. એવી રીતે મુગ્ધા, મધ્યા અને પ્રૌઢા એવા ગોપીઓના ભેદ છે. માટે ગોપીઓની સમજણમાં તો અતિશય વિવેક હતો, તે માટે એની પ્રીતિ અણસમજણની કહેવાય નહીં. અને ગોપીઓ તો યથાર્થ ભગવાનના મહિમાને જાણતી હતી અને તે મહિમાને પ્રતાપે કરીને આત્મનિષ્ઠા ને વૈરાગ્ય સહજે એના હૈયામાં વર્તતાં હતાં.''

વિરહાવેશમાં ગોપીઓ જાત-જાતના ગાન-પ્રલાપ કરવા લાગી. અંતે દીનતા પ્રગટી. તેઓ મન મૂકીને રડી. ભક્તિ પરિશુદ્ધ બની. ત્યારે શ્રીકૃષ્ણ તેમની વચ્ચે પ્રગટ થયા અને ગોપીઓ સાથે યમુનાતટે મહા રાસ ખેલ્યા. ભગવાન સ્વામિનારાયણ કહે છે :

''જેમ શ્રીકૃષ્ણ ભગવાને રાસક્રીડા કરી ત્યારે પોતે એક હતા, તે જેટલી ગોપાંગનાઓ હતી તેટલા રૂપે પ્રગટ થયા.'' (વચ.ગ.મ.૪૨,૬૪)

શ્રીકૃષ્ણ ભગવાને ગોપીઓની ઈચ્છા મુજબ તેમની સાથે વિવિધ રીતે

યમુનાજીમાં, યમુના તટે, ઉપવનમાં વિહાર કર્યો. ગોપીઓની પ્રેમભક્તિનું ફળ આપી, તેમની જન્મોજનમની કસર ટાળી, તેમને કૃતાર્થ કરી દીધી.

કામદેવે મોટા દેવોને પરાસ્ત કરેલા. તેનો મદ ઉતારવા શ્રીકૃષ્ણ ભગવાને આ રાસલીલા કરી અને ઊર્ધ્વરેતા બ્રહ્મચારી રહ્યા.

તે રહસ્ય સમજાવતાં ભગવાન સ્વામિનારાયણ આ કામવિજયલીલાને પ્રમાણિત કરતાં *વચ.ગ.પ્ર.૭૨*માં કહે છે:

"શરદઋતુને વિશે રાત્રિમાં કામદેવનું વધુ બળ થાય તથા સ્ત્રીના રાગ-રંગ, વિલાસના શબ્દ સાંભળવા તથા સ્ત્રીનું રૂપ જોવું, સ્ત્રીનો સ્પર્શ કરવો, તેણે કરીને કામદેવનું અતિશય બળ વધે છે; એ સર્વે સામાન શ્રીકૃષ્ણ ભગવાને કામદેવને આપીને તેને જીતી લીધો ને અખંડ બ્રહ્મચારીની પેઠે ઊર્ધ્વરેતા રહ્યા ને એવી રીતે કામનો ગર્વ ઉતાર્યો. એવું અલૌકિક સામર્થ્ય ભગવાન વિના બીજામાં હોય નહીં."

શ્રીકૃષ્ણ લીલા પુરુષોત્તમ છે. તેમની લીલાઓ દિવ્યભાવથી માણવાની હોય છે. તેમની બધી ક્રિયાઓનું અનુકરણ કરવાનું હોતું નથી. કેટલાક દંભી, ઢોંગી, પાખંડી મનુષ્યો શ્રીકૃષ્ણની આ લીલાના બહાને અધર્માચરણ ન કરે તે માટે વિવેક સમજાવતાં ભગવાન સ્વામિનારાયણ કહે છે:

- *"એ શ્રીકૃષ્ણ ભગવાનના આચરણ પ્રમાણે આચરણ ન કરવું અને જે કરશે તે વિમુખ છે, અમારો સત્સંગી નથી...અમારા સંપ્રદાયને વિશે જેમ જેના ધર્મ કહ્યા છે, તે જે અમારાં વચન તે પ્રમાણે સર્વેને રહેવું." (વચ.વર.૧૮)*
- *"ભગવાન દિવ્ય ચરિત્ર કરે તે તો ભક્ત અને અભક્ત બેયને દિવ્ય જણાય, પણ જ્યારે ભગવાન મનુષ્યના જેવાં પ્રાકૃત ચરિત્ર કરે તોપણ તેને વિશે જેને દિવ્યપણું જ જણાય પણ કોઈ રીતે ભગવાનનાં તે ચરિત્રમાં અભાવ આવે નહીં, એવી જેની બુદ્ધિ હોય તેને પરમેશ્વરની ભક્તિ કહેવાય; અને એવી ભક્તિ કરે તે જ ભક્ત કહેવાય. અને એ શ્લોકમાં કહ્યું જે ફળ તે આવા ભક્તને જ થાય છે. અને જેમ ગોપીઓ ભગવાનનાં ભક્ત હતાં તે કોઈ રીતે ભગવાનનો અવગુણ લીધો જ નહીં." (વચ.ગ.મ.૧૦)*

ગોપીઓને તો પોતાના નિર્લેપપણાની પ્રતીતિ શ્રીકૃષ્ણ ભગવાને પૂર્વે

પણ કરાવેલી તે ગોપાલોત્તરતાપિનિ ઉપનિષદના પ્રસંગનો ઉલ્લેખ ભગવાન સ્વામિનારાયણે *વચ.ગ.મ.૧૦* અને *ગ.પ્ર.૭૩*માં કરેલો છે:

"જ્યારે દુર્વાસા ઋષિ વૃંદાવનને વિશે આવ્યા ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને ગોપીઓને કહ્યું જે, 'દુર્વાસા ભૂખ્યા છે માટે સર્વે થાળ લઈને જાઓ.' પછી ગોપીઓએ પૂછ્યું જે, 'આડાં યમુનાજી છે તે કેમ ઊતરાશે?' ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું જે, યમુનાજીને તમે એમ કહેજો જે, 'શ્રીકૃષ્ણ સદા બ્રહ્મચારી હોય તો માર્ગ દેજ્યો.' પછી ગોપીઓ હસતી હસતી યમુનાને કાંઠે જઈને એમ કહ્યું, ત્યારે યમુનાજીએ તત્કાળ માર્ગ દીધો. પછી ગોપીઓએ ઋષિને જમાડતાં તે ઋષિ સર્વના થાળ જમી રહ્યા. પછી ગોપીઓએ કહ્યું જે, 'અમે ઘેર કેમ કરીને જઈએ, આડાં યમુનાજી છે?' ત્યારે તે ઋષિએ પૂછ્યું જે, 'આવ્યાં ત્યારે કેમ કરીને આવ્યાં હતાં?' પછી ગોપીઓએ કહ્યું જે, 'શ્રીકૃષ્ણે એમ કહ્યું હતું જે, 'અમે સદા બાળબ્રહ્મચારી હોઈએ તો યમુનાજીને કહેજો જે માર્ગ દેજો.' પછી યમુનાજીએ માર્ગ દીધો તે તમારી પાસે આવ્યાં છીએ. તે વાત સાંભળીને ઋષિ બોલ્યા જે, 'હવે યમુનાજીને એમ કહેજો જે, 'દુર્વાસા સદા ઉપવાસી હોય તો માર્ગ દેજ્યો.' પછી ગોપીઓએ હસતી હસતી જઈને એમ કહ્યું ત્યારે યમુનાજીએ તત્કાળ માર્ગ દીધો. ત્યારે ગોપીઓ સર્વે એ બે વાત જોઈને અતિશય આશ્ચર્ય પામી.' માટે ભગવાનનું સ્વરૂપ તો એવું આકાશની પેઠે નિર્લેપ છે અને સર્વે ક્રિયાઓને કર્તા થકા ભગવાન અકર્તા છે અને સર્વના સંગી થકા પણ અત્યંત અસંગી છે." (વચ.ગ.મ.૧૦)

શ્રીકૃષ્ણનું મથુરાગમન

કંસ શ્રીકૃષ્ણનો દ્રોહ વધુ કરે, જેના પાપથી તે વહેલા મૃત્યુ પામે; તે હેતુથી નારદજીએ તેને ઉશ્કેર્યો કે, 'વ્રજમાં શ્રીકૃષ્ણ જ દેવકીના આઠમા પુત્ર છે. તે જ તારો કાળ છે. તેં મોકલેલા અસુરોને તેણે જ માર્યા છે.'

કંસે ધનુષ્યયજ્ઞનાં દર્શન નિમિત્તે કૃષ્ણ-બલરામને બોલાવી મારી નાખવાનો વિચાર કર્યો. તેણે બંને બાળકો, નંદાદિ ગોવાળોને વ્રજથી મથુરા લાવવા અક્રૂરજીને મોકલ્યા. શ્રીકૃષ્ણ પોતાનું અવતારકાર્ય આગળ વધારવા બીજા દિવસે મથુરા જવા તૈયાર થયા ત્યારે તેમની વય ૧૧ વર્ષ અને ૩ મહિનાની હતી.

ગોપીઓ વ્યાકુળતા સાથે રડીને કહેવા લાગી:

'निवारयामः समुपेत्य माधवं किं नोऽकरिष्यन् कुलवृद्धबान्धवाः ।
(भागवत: १०/२९/२८)

અર્થ : ચાલો, આપણે પોતે જ જઈને આપણા પ્રાણપ્રિય શ્યામસુંદરને રોકીશું. પરિવારના વડીલો-વૃદ્ધો અને ભાઈઓ વગેરે આપણું શું કરી લેશે?'

ભગવાન સ્વામિનારાયણે આનો ઉલ્લેખ કરતાં *વચ.કા.૧૧*માં કહ્યું છે :

"જેને પોતાના પ્રિયતમ જે ભગવાન તેને વિશે પ્રીતિ હોય તે પોતાના પ્રિયતમની મરજીને લોપે નહીં એ પ્રીતિનું લક્ષણ છે. જો ગોપીઓને શ્રીકૃષ્ણ ભગવાનને વિશે પ્રીતિ હતી, તો જ્યારે શ્રીકૃષ્ણ ભગવાન મથુરા જવા તૈયાર થયા ત્યારે ગોપીઓ સર્વે મળીને એમ વિચાર કર્યો જે, 'આપણે કુટુંબની તથા લોકની લાજનો ત્યાગ કરીને ભગવાનને જોરાઈએ રાખીશું.' પછી ચાલવા સમે શ્રીકૃષ્ણ ભગવાનનાં નેત્ર સામું જોયું ત્યારે ભગવાનની રહ્યાની મરજી દેખી નહીં, ત્યારે સર્વે ડરીને છેટે રહીયો અને અંતરમાં એમ બીનીયો જે, 'જો આપણે ભગવાનના ગમતામાં નહીં રહીએ તો ભગવાનને આપણા ઉપરથી હેત ઊતરી જશે,' એમ વિચારીને કાંઈ કહી શકીઓ નહીં. પછી ભગવાન મથુરા પધાર્યા ત્યારે પણ ત્રણ ગાઉ ઉપર ભગવાન હતા તોપણ ગોપીઓ કોઈ દિવસ મરજી લોપીને દર્શને ગઈ નહીં; અને ગોપીઓએ એમ જાણ્યું જે, 'ભગવાનની મરજી વિના જો આપણે મથુરા જઈશું તો ભગવાનને આપણા ઉપર હેત છે તે ટળી જશે.' માટે હેતનું એ જ રૂપ છે જે, 'જેને જે સાથે હેત હોય તે તેની મરજી પ્રમાણે રહે.' અને જો પોતાના પ્રિયતમને પાસે રહ્યે રાજી જાણે તો પાસે રહે અને જો પોતાના પ્રિયતમને છેટે રહ્યે રાજી જાણે તો છેટે રહે પણ કોઈ રીતે પોતાના પ્રિયતમની આજ્ઞાને લોપે નહીં એ પ્રેમનું લક્ષણ છે. જો ગોપીઓને ભગવાનને વિશે સાચો પ્રેમ હતો તો આજ્ઞા વિના ભગવાનને દર્શને ગઈ નહીં અને જ્યારે ભગવાને કુરુક્ષેત્રમાં તેડી ત્યારે ભગવાનનું દર્શન કર્યું, પણ કોઈ રીતે ભગવાનના વચનનો ભંગ કર્યો નહીં. માટે જેને ભગવાનને વિશે પ્રીતિ હોય તે ભગવાનની આજ્ઞા કોઈ કાળે લોપે નહીં. જેમ ભગવાનનું ગમતું હોય તેમ જ રહે એ પ્રીતિનું લક્ષણ છે."

ગોપીઓએ કૃષ્ણ વિરહમાં કેવળ તેમના એક અંતિમ દર્શનની આશાએ પોતાના પ્રાણ ટકાવી રાખ્યા. છેવટે મહાભારત યુદ્ધના અંતે સર્વગ્રાસ સૂર્ય-ગ્રહણ સમયે કુરુક્ષેત્રના મેદાનમાં શ્રીકૃષ્ણે તેમને બોલાવી. કૃષ્ણદર્શનથી તેમની

અંતિમ ઈચ્છા પૂર્ણ થઈ. તેમનો જીવભાવ, લિંગ શરીર નષ્ટ થઈ ગયાં. તેમણે કૃતાર્થ થઈ તળાવમાં દેહત્યાગ કર્યો. તે તળાવ 'ગોપી તળાવ' કહેવાય છે અને તેની માટી 'ગોપીચંદન' તરીકે વપરાય છે.

કંસ, શિશુપાલ, દંતવક્ત્રા આદિ વૈરભાવે કૃષ્ણને ભજતા તો તેની સારૂપ્ય મુક્તિ થઈ, જેની પ્રાપ્તિ મોટા-મોટા યોગીઓને થવી દુર્લભ છે. શ્રીહરિ કહે છે :

"અને કંસ, શિશુપાલ, પૂતના એ આદિક જે દૈત્ય તેમણે ભગવાનનો દ્રોહ કર્યો ને તેનું પણ ભક્તની પેઠે ભગવાને કલ્યાણ કર્યું, તેનો શો અભિપ્રાય છે જે, એ દૈત્યે વૈરબુદ્ધિએ કરીને પણ ભગવાનનું ચિંતવન કર્યું ત્યારે ભગવાને એમ જાણ્યું જે, 'વૈરબુદ્ધિએ કરીને પણ એ દૈત્યે મારું ચિંતવન કર્યું ને મારા સંબંધને પામ્યા; માટે મારે એનું કલ્યાણ કરવું.' એવી રીતે એને વિશે ભગવાનની દયાનું અધિકપણું જાણવું. અને વળી એમ જાણવું જે, 'એ વૈરબુદ્ધિએ કરીને આશર્યા તેનું પણ ભગવાને કલ્યાણ કર્યું, તો જે ભક્ત ભક્તિએ કરીને એનો આશરો લેશે ને ભગવાનને ભક્તિએ કરીને રાજી કરશે તેનું ભગવાન કેમ કલ્યાણ નહીં કરે ? કરશે જ.' " (વચ.ગ.અં.૩૫)

જો કે શ્રીહરિ કહે છે : *"દ્રોહબુદ્ધિ રાખીને ભજે તેનું અસુર એવું નામ ક્યારેય મટે જ નહીં ને તે ભક્ત પણ કહેવાય જ નહીં. માટે અસુરની રીત મેલીને જેને ધ્રુવ, પ્રહ્લાદ, નારદ, સનકાદિકની પંક્તિમાં ભળવું હોય તેને તો ભક્તિએ કરીને જ ભગવાનને ભજવા તે અતિ શ્રેષ્ઠ છે." (વચ.જે.૪)*

શ્રીકૃષ્ણની ૧૬,૧૦૮ રાણીઓ

દ્વારિકાધીશ શ્રીકૃષ્ણ રુક્મિણીની પોતા પ્રત્યે પતિવ્રતાની ટેક જોઈ તેનું અપહરણ કરી પરણ્યા. રુક્મિણીજી લક્ષ્મીજીનો અવતાર હતાં. શ્રીકૃષ્ણની અષ્ટ પટરાણીઓ આ પ્રમાણે હતી - રુક્મિણી, જાંબવતી, સત્યભામા, સૂર્યપુત્રી કાલિંદી, મિત્રવિંદા, કોસલનરેશ નગ્નજિતની પુત્રી સત્યા, લક્ષ્મણા, મદ્રદેશની રાજકન્યા ભદ્રા. ભૌમાસુર/નરકાસુર રાજાએ પોતાની રાજધાની પ્રાગ્જ્યોતિષપુરમાં (આસામ) ૧૬,૧૦૦ સુંદર રાજકુંવરીઓ બળપૂર્વક છીનવી એકઠી કરી રાખી હતી. શ્રીકૃષ્ણ સત્યભામા સાથે ગરુડ પર ત્યાં ગયા. ભૌમાસુરનો ઉદ્ધાર કર્યો. દેવોએ આનંદમાં દીવા પ્રગટાવ્યા. તે જ દીપાવલિ ઉત્સવ થયો. ૧૬,૧૦૦

રાજકન્યાઓને દ્વારકા લાવી અલગ-અલગ રૂપધારણ કરી એક સાથે તેમને પરણ્યા. આ ૧૬,૧૦૦ રાણીઓના પૂર્વજન્મની કથા જણાવતાં ભગવાન સ્વામિનારાયણ કહે છે :

"સોળ હજાર ને એકસો જે શ્રીકૃષ્ણ ભગવાનની સ્ત્રીઓ હતી તે જન્માંતરે અપ્સરાઓ હતી. તેમણે બ્રહ્મા પાસે વર માગ્યો જે, 'હે મહારાજ! અમે દેવ, દૈત્ય અને મનુષ્ય એ સર્વેનો સ્પર્શ કર્યો છે, પણ જે નારાયણ પુરુષ છે તેનો પતિભાવે સ્પર્શ નથી કર્યો; માટે એવી કૃપા કરો જે એ અમારા પતિ થાય.' પછી બ્રહ્માએ કહ્યું જે, 'તમે તપ કરો, તમારા પતિ નારાયણ થશે.' ત્યારે તેમણે ઘણું તપ કર્યું. પછી તેમની ઉપર અષ્ટાવક્ર ઋષિ તથા નારદમુનિ તે પણ પ્રસન્ન થયા ને વર આપ્યો જે, 'તમારા પતિ નારાયણ થશે.' એવી રીતે જન્માંતરે ઘણુંક તપ કરીને શ્રીકૃષ્ણ ભગવાનને પામી હતી, પણ જો ભગવાન કરતાં સાંબને વિશે અધિક રૂપ દીઠું તો તેમાં મોહ પામી. માટે જેની એક મતિ રહેતી ન હોય તેને પંચ ઇંદ્રિયોના વિષયના સુખસંબંધે કરીને ભગવાનમાં પ્રીતિ કરવી તે ઠીક નહીં અને જેની મતિ એકની એક નિસ્તર્કપણે રહ્યા કરે તેને તો ઠીક છે." (વચ.પં.૩)

શ્રીકૃષ્ણે પોતાની યોગશક્તિથી ૧૬,૧૦૮ રાણીઓ માટે અલગ-અલગ મહેલ, રથ, પાલખી, ભોગસામગ્રી વગેરે રચાવ્યાં. પ્રત્યેક સ્ત્રી થકી શ્રીકૃષ્ણને ૧૦ પુત્રો ને ૧ પુત્રી થઈ. આ રીતે શ્રીકૃષ્ણના ૧૬,૧૦૮×૧૧ = ૧,૭૭,૧૮૮ સંતાન થયાં. તેમના પૌત્રોની સંખ્યા તો કરોડો સુધી પહોંચી. *વચ.ગ.પ્ર.૭૩*માં આનો મર્મ સમજાવતાં શ્રીહરિ કહે છે :

"દ્વારિકામાં તો ભગવાન સાંખ્યમતને આશર્યા હતા. ...તે મત તો જનક જેવા રાજાઓનો છે. ...એમ ભગવાન પણ ગૃહસ્થાશ્રમમાં હતા અને દ્વારિકાના રાજા કહેવાતા હતા, માટે સાંખ્યમતને અનુસર્યા થકા એમ નિર્લેપ હતા."

પાંડવોનાં સ્વજન, અર્જુનને ગીતાજ્ઞાન

મહાભારત કહે છે, 'यतो कृष्णस्ततो धर्मः यतो धर्मस्ततो जयः' અર્થાત્ 'જ્યાં ભગવાન છે ત્યાં જ ધર્મ છે અને જ્યાં ધર્મ છે, ત્યાં જ જય છે.' શ્રીકૃષ્ણ અર્જુનના કેવળ રથના નહીં, પરંતુ તેમના જીવનરથના પણ સારથિ બન્યા અને અનેક રીતે તેમની રક્ષા કરી જીવનસંગ્રામમાં વિજય અપાવ્યો.

મહાભારત યુદ્ધ સમયે અર્જુને સામે પક્ષે જ્યારે પોતાના સ્વજનો, ગુરુજનોને જોયા ત્યારે તેમને મોહરૂપી વિષાદજ્વર વ્યાપ્યો ને તેઓ 'न योत्स्ये' કહી હિંમત હારી બેસી ગયા. તે સમયે ભગવાને તેમને ગીતાજ્ઞાનમાં પ્રત્યક્ષ પરમાત્મા સ્વરૂપ યોગ દૃઢ કરાવ્યો. ગીતાનો આઠમો અધ્યાય છે, 'અક્ષરબ્રહ્મ-યોગ' અને પંદરમો અધ્યાય છે, 'પુરુષોત્તમયોગ'. આ બન્નેને જોડતી કડી છે:

'ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति।

समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम्॥' (गीता: १८/५४)

'અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની ભક્તિ કરવી' – આ છે સાધના.

આ રીતે અક્ષરપુરુષોત્તમ દર્શનના સિદ્ધાંતો દઢાવી અર્જુનનો કારણ-શરીરજન્ય મોહ દૂર કર્યો. અંતે અર્જુન 'करिष्ये वचनं तव' બોલી ઊઠ્યા. ગીતા સમજાવે છે કે જીવનમાં અક્ષરપુરુષોત્તમ દર્શન આત્મસાત્ થાય ત્યારે જ કારણશરીરના ભાવ નષ્ટ થાય. ભગવાન સ્વામિનારાયણે ગીતાના ૩૦ શ્લોકોનો ઉલ્લેખ ૩૫ વચનામૃતોમાં કર્યો છે.

ચેદિ દેશના રાજા દમઘોષનો પુત્ર હતો શિશુપાલ. શિશુપાલ જન્મ્યો ત્યારે જ તેને હિરણ્યકશિપુની જેમ ત્રણ આંખો ને ચાર હાથ હતા. જન્મતાં જ તેણે ગર્દભ જેવો અવાજ કાઢ્યો! તેને અપશુકનિયાળ ગણી ત્યાગ કરવા ગયા, ત્યાં જ આકાશવાણી થઈ કે, 'જેના ખોળામાં બેસાડતા આના વધારાના બે હાથ ને ત્રીજી આંખ ખરી પડે તેના હાથે આનું મોત થશે.' આથી તેને જીવતો રાખ્યો.

શિશુપાલનાં માતા શ્રુતશ્રવા, જે શ્રીકૃષ્ણના ફોઈ થતાં, તેઓ જે કોઈ પોતાને ઘેર આવે તેના ખોળામાં પુત્રને મૂકતા. તે જ રીતે, શ્રીકૃષ્ણના ખોળામાં મૂકતાં જ તેના વધારાના બે હાથ ને ત્રીજી આંખ ખરી પડ્યાં. શ્રીકૃષ્ણના હાથે પુત્રનું મોત જાણી ફોઈએ શ્રીકૃષ્ણ પાસે વચન માંગ્યુ કે 'મારો પુત્ર અવળચંડો છે, માટે તે અપરાધ કરે તો મારીશ નહીં.'

શ્રીકૃષ્ણે પૂછ્યું: 'ક્યાં સુધી ન મારું?'

ફોઈએ કહ્યું: '૧૦૦ અપરાધ સુધી સહન કરજે.' શ્રીકૃષ્ણે વચન આપ્યું.

ઈન્દ્રપ્રસ્થમાં યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞ કર્યો. તેમાં અગ્રપૂજા કોની કરવી તેની ચર્ચા થઈ. ભીષ્મની ઇચ્છા મુજબ સહદેવજી બોલ્યા: 'સર્વશ્રેષ્ઠ ભગવાન શ્રીકૃષ્ણ જ અગ્રપૂજાને પાત્ર છે.' બધા સભાસદોએ આ સ્વીકાર્યું. પરંતુ શિશુપાલ તેના પ્રારબ્ધ મુજબ શ્રીકૃષ્ણનો દ્રોહ કરવા માંડ્યો. છેવટે તે શ્રીકૃષ્ણને

મારવા ધસ્યો, ત્યારે તેણે ૧૦૦થી વધુ અપરાધો કર્યા હોવાથી, ભગવાને તેનું મસ્તક સુદર્શનચક્રથી કાપી નાખ્યું. શિશુપાલના દેહમાંથી તેજની જ્યોતિ નીકળીને શ્રીકૃષ્ણમાં સમાઈ ગઈ. વેરભાવે તેની વૃત્તિઓ ભગવાનમાં તદાકાર થઈ હોવાથી તે ભગવાનનો પાર્ષદ બની ગયો.

ભગવાન કે ભગવાનના ભક્તનો દ્રોહ ન કરવા અંગે શ્રીહરિ કહે છે:

"ભગવાન અને ભગવાનના ભક્તનો અવગુણ આસુરી બુદ્ધિવાળો શિશુપાળ તેણે લીધો, પણ ભગવાનના ભક્ત હતા તેણે એવો અવગુણ કાંઈ ન લીધો. માટે એવી જાતનો જેને અવગુણ આવે તેને આસુરી બુદ્ધિવાળો જાણવો." (વચ.ગ.પ્ર.૩૧)

ભૂમાપુરુષના લોકમાં શ્રીકૃષ્ણ-અર્જુન, શ્રીકૃષ્ણથી પર કોઈક તત્ત્વ

દ્વારકામાં એક બ્રાહ્મણના એક પછી એક નવ પુત્રો જન્મતાં જ મરી ગયા. તેનું દુઃખ સાંભળી અર્જુને પ્રતિજ્ઞા કરી કે, 'તમારા દસમા પુત્રનું જો હું રક્ષણ ન કરી શકું તો હું અગ્નિમાં પ્રવેશ કરીશ.'

થોડા દિવસે બ્રાહ્મણની સ્ત્રીનો પ્રસવનો સમય આવ્યો ત્યારે અર્જુને પ્રસૂતિગૃહની આસપાસ બાણોનું પાંજરું બનાવ્યું. પરંતુ આ વખતે તો પુત્ર જન્મતાં જ સશરીર આકાશમાર્ગે ચાલ્યો ગયો. અર્જુને યમપુરી ઉપરાંત અનેક લોકમાં, સ્થાનોમાં તેને શોધ્યો પણ ન મળ્યો. તેથી તે અગ્નિપ્રવેશ કરવા તૈયાર થયા. શ્રીકૃષ્ણે અર્જુનને અટકાવતાં કહ્યું કે, 'હું તને બ્રાહ્મણના પુત્રો દેખાડું.'

શ્રીકૃષ્ણ અર્જુનને પોતાના રથમાં બેસાડી પશ્ચિમ દિશામાં ગયા. સાત-સાત પર્વતોવાળા સાત દ્વીપ, સાત સમુદ્ર અને લોકાલોક પર્વતને ઓળંગીને ઘોર અંધકારમાં પ્રવેશ કર્યો. તેમાં ઘોડા ભટકવા લાગ્યા. માર્ગ સૂઝ્યો નહીં. શ્રીકૃષ્ણે પોતાના હજાર-હજાર સૂર્ય જેવા તેજસ્વી સુદર્શનચક્રને આગળ ચાલવાની આજ્ઞા આપી, જેણે અંધકારને છેદી નાંખ્યો. ગુણાતીતાનંદ સ્વામી કહે છે : *"દશ હજાર સૂર્યનું તેજ સુદર્શનચક્રમાં છે. તેનો દીવા જેટલો પ્રકાશ થાય એટલું ઘાટું માયાનું તમ છે." (સ્વા.વાતો: ૧/૨૪૮).*

અંધકારને પેલે પાર અપાર તેજ દેખાયું. અર્જુનની આંખો અંજાઈને બંધ થઈ ગઈ. પછી રથે દિવ્ય જળરાશિમાં પ્રવેશ કર્યો. તેમાં વિશાળ મહેલ હતો. તેમાં શેષશય્યા પર બિરાજમાન પુરુષોત્તમ ભગવાનનાં (ભૂમાપુરુષનાં)

દર્શન થતાં જ શ્રીકૃષ્ણ-અર્જુન હાથ જોડી ઊભા રહ્યા.

આનો ઉલ્લેખ કરી શ્રીહરિ કહે છે: *"શ્રીકૃષ્ણ ભગવાન દિવ્યમૂર્તિ હતા તો તેને પ્રતાપે કરીને લાકડાંનો જે રથ અને પંચભૂતના દેહવાળા જે ઘોડા તે સર્વ દિવ્ય ને માયા પર જે ચૈતન્ય તે રૂપે થતા હતા..."* (વચ.ગ.પ્ર.૬૬)

આ જ વાતની પુષ્ટિ *વચ.કારિ.૮*માં પણ કરી છે.

તે લોકમાં બ્રહ્માદિ લોકપાલોના સ્વામી ભૂમાપુરુષે શ્રીકૃષ્ણ-અર્જુનને કહ્યું:

'द्विजात्मजा ये युवयोर्दिदृक्षुणा मयोपनीता भुवि धर्मगुप्तये।
कलावतीर्णाववनेर्भरासुरान् हत्वेह भूयस्त्वरयेतमन्ति मे॥

(भागवत : १०/८९/५९)

હે શ્રીકૃષ્ણ અને અર્જુન! તમારા બંનેનાં દર્શન કરવાની ઇચ્છાવાળો હું બ્રાહ્મણ બાળકોને મારી પાસે લાવ્યો છું. તમે બંનેએ ધર્મનું રક્ષણ કરવા પૃથ્વી ઉપર મારી કળા સાથે અવતાર લીધો છે. પૃથ્વીના ભારરૂપ અસુરોને મારીને અહીંયાં મારી પાસે આવવા ફરીથી ઉતાવળા થાવ.'

'युवां नरनारायणौ ऋषी। (भागवत: १०/८९/६०)

તમે બન્ને ઋષિવર નર (અર્જુન) અને નારાયણ (શ્રીકૃષ્ણ) છો.'

ત્યારબાદ તેઓ બ્રાહ્મણના પુત્રોને લઈ પાછા આવ્યા. ભાગવતમાં અહીં શ્રીકૃષ્ણથી કોઈ તત્ત્વ પર છે, તેનો સ્પષ્ટ ઉલ્લેખ થયો છે. શ્રીમદ્ ભગવદ્-ગીતામાં પણ શ્રીકૃષ્ણ પોતાથી કોઈક પર તત્ત્વનો ઉલ્લેખ કરે છે : 'तमेव चाद्यं पुरुषं प्रपद्ये यतः प्रवृत्तिः प्रसूता पुराणी। (गीता: १५/४) તે આદિ પુરુષના શરણે હું જાઉં છું, જેનાથી આ પુરાણી સૃષ્ટિ વિસ્તારને પામી છે.'

ગીતામાં શ્રીકૃષ્ણે અર્જુનને ૩૫ વાર 'माम्', 'मद्' કહી પોતામાં જોડ્યા છે, પરંતુ 'પાઘડીનો વળ છેડે'ની જેમ ૧૮મા અધ્યાયના અંતે કહે છે:

'तमेव शरणं गच्छ सर्वभावेन भारत।
तत्प्रसादात्परां शान्तिं स्थानं प्राप्स्यसि शाश्वतम्॥ (गीता: १८/६२)

હે ભારત! (અર્જુન!) તું પણ સર્વભાવથી તે પુરુષોત્તમને શરણે જા. તેમની કૃપાથી જ તું પરમ શાંતિ અને શાશ્વત મોક્ષપદ પામીશ.'

મહાભારતના આદિપર્વમાં વ્યાસજી કહે છે: 'નારાયણે (શેષનારાયણ, વિરાટનારાયણ) પોતાના બે કેશ ઉખેડીને યદુકુળની રોહિણી અને દેવકી નામની બે સ્ત્રીઓમાં નાખ્યાં. તેમાંથી એક બળદેવ થયા કે જે ભૂમાપુરુષનો

ધોળો કેશ હતો, બીજો કેશ જે વર્ણથી કાળો હતો તે કૃષ્ણ થયા.' (મહાભારત - આદિપર્વ : ૧૯૩/૩૨,૩૩)

ટૂંકમાં, ભાગવત, ગીતા કે મહાભારત જેવા કોઈ ગ્રંથમાં શ્રીકૃષ્ણના સર્વોપરીપણાનો ઉલ્લેખ સુધ્ધાં નથી. તમામ શાસ્ત્રોમાં શ્રીકૃષ્ણનો વૈકુંઠનાથ વિષ્ણુના અથવા ક્ષીરસાગરનિવાસી શેષશાયીનારાયણના અંશાવતાર કે કલા-અવતાર તરીકે ઉલ્લેખ છે. ભાગવત મુજબ :

'अवतारा ह्यसंख्येया हरेः सत्त्वनिधेर्द्विजाः।
यथाविदासिनः कुल्याः सरसः स्युः सहस्रशः॥ (भागवत: १/३/२६)

જેવી રીતે અગાધ સરોવરમાંથી હજારો નાની નદીઓ નીકળે છે તેમ સત્ત્વનિધિ ભગવાન શ્રીહરિમાંથી અસંખ્ય અવતારો થયા કરે છે.'

વૈષ્ણવો નીચેના શ્લોકમાં 'कृष्णस्तु भगवान् स्वयम्'ના આધારે શ્રીકૃષ્ણને સર્વોપરી ભગવાન માને છે :

'एते चांशकलाः पुंसः कृष्णस्तु भगवान् स्वयम्।
इन्द्रारिव्याकुलं लोकं मृडयन्ति युगे युगे॥ (भागवत: १/३/२८)

આ બધા ભગવાનના અંશાવતાર અથવા કલાવતાર છે, પરંતુ શ્રીકૃષ્ણ તો સ્વયં ભગવાન છે. તેઓ દૈત્યોના અત્યાચારથી વ્યાકુલ લોકને દરેક યુગમાં રક્ષે છે.'

અવતારો અસંખ્ય છે. તે તમામ અવતારોના અવતારી ભગવાન સ્વામિનારાયણ છે તેવું તેઓ પોતે કહે છે : *"એ અક્ષરાતીત જે પુરુષોત્તમ ભગવાન છે તે જ સર્વે અવતારનું કારણ છે, ને સર્વ અવતાર પુરુષોત્તમમાંથી પ્રગટ થાય છે ને પાછા પુરુષોત્તમને વિશે લીન થાય છે." (વચ.ગ.મ.૧૩)*

યાદવાસ્થળી, શ્રીકૃષ્ણ સ્વધામગમન

શ્રીકૃષ્ણ ભગવાનના કુળજનો ૬૫ કોટિ યાદવો દ્વારિકામાં નિવાસ કરતા હતા. ભગવાને વિચાર્યું : 'અપાર વૈભવના કારણે આ યાદવો પૂરેપૂરા ઉદ્ધત થતા જાય છે. કોઈની આજ્ઞામાં રહેતા નથી. આ જીવિત છે ત્યાં સુધી પૃથ્વીનો ભાર હળવો નહીં થાય.' માટે ભગવાને બ્રાહ્મણોના શાપને નિમિત્ત બનાવી પ્રભાસક્ષેત્રમાં યાદવાસ્થળીમાં તેમનો પરસ્પર વિનાશ કરાવી પોતાનું અવતારકાર્ય પૂર્ણ કર્યું.

શ્રીકૃષ્ણ ભાલકા તીર્થમાં પીપળાના વૃક્ષ નીચે બેઠા. સ્વધામગમનનો સંકલ્પ કર્યો. તેમની પ્રેરણાથી જરા પારધીએ તેમનાં ચરણમાં બાણ માર્યું. શ્રીકૃષ્ણ પોતાના ધામમાં ચાલ્યા ગયા. દ્વારકાથી બધા શોકથી માથાં કૂટતાં પ્રભાસક્ષેત્ર આવ્યા. દેવકી, વસુદેવ, રોહિણીએ પોતાના પુત્રોના વિરહથી પ્રાણ છોડી દીધા. શ્રીકૃષ્ણની રુક્મિણી આદિ પટરાણીઓ ભગવાનના ધ્યાનમાં મગ્ન થઈ અગ્નિમાં પ્રવેશી ગઈ. ભગવાનના ન રહેવાથી સમુદ્રે એક જ ક્ષણમાં દ્વારકા નગરીને ડુબાડી દીધી. અર્જુન ૧૬,૧૦૦ રાણીઓને ઈન્દ્રપ્રસ્થ લઈ જતા હતા, ત્યારે કાબા લૂંટારુઓ તેને હરાવી સ્ત્રીઓ લઈ ગયા.

ભગવાન સ્વામિનારાયણ આનો ઉલ્લેખ કરતાં કહે છે :

“જેમ શ્રીકૃષ્ણ ભગવાને દેહ મૂક્યો ત્યારે એ ભગવાનની પત્નીઓ જે રુક્મિણી આદિક હતી, તે એ ભગવાનના દેહને લઈને બળી મરી; ત્યારે અજ્ઞાની હતા તેણે તો એમ જાણ્યું જે, ‘હવે એ નાશ થઈ ગયાં.’ અને જે જ્ઞાની હતા તેણે તો એમ જાણ્યું જે, ‘અહીંથી અંતર્ધાન થઈને બીજે ઠેકાણે જણાણા છે.’ એમ ભગવાનને અખંડ સમજે. તે પોતે શ્રીકૃષ્ણે કહ્યું છે જે –

‘અવજાનન્તિ માં મૂઢા માનુષીં તનુમાશ્રિતમ્ ।
પરં ભાવમજાનન્તો મમ ભૂતમહેશ્વરમ્ ॥’ ” (વચ.પં.૭)

શ્રીકૃષ્ણ ભગવાન ૧૧ વર્ષ ગોકુળમાં, ૧૪ વર્ષ મથુરામાં અને ૧૦૦ વર્ષ દ્વારિકામાં રહ્યા.

શ્રીકૃષ્ણનું પ્રાગટ્ય સંત દ્વારા

ધામગમન પૂર્વે શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવજીને એકાંતમાં બોલાવી ભાગવત ધર્મનો ઉપદેશ આપતાં કહ્યું, ‘સંતો દ્વારા બતાવેલા માર્ગે જીવ મને સહજમાં પ્રાપ્ત કરે છે.’ ઉદ્ધવજીના પૂછવાથી ભગવાને સંતનાં ૩૦ લક્ષણ કહ્યાં પછી તેવા સંતના સમાગમનો અર્થાત્ સત્સંગનો મહિમા જણાવતાં કહ્યું : ‘न रोधयति मां योगो...’ (भागवत: ११/१२/१,२) – બધી આસક્તિઓનો નાશ કરનાર સત્સંગ જેવો મને વશ કરે છે, તેવાં અષ્ટાંગયોગ, સાંખ્ય, અહિંસાદિક સામાન્ય ધર્મ, વેદના પાઠરૂપ સ્વાધ્યાય, તપ, સંન્યાસરૂપ ત્યાગ, અગ્નિહોમાદિ ઈષ્ટ ને વાવકૂવા વગેરે પૂર્ત, દાન, એકાદશી વગેરે વ્રતો, દેવપૂજારૂપ યજ્ઞો, વેદ-મંત્રો, તીર્થો, નિયમ અને સંયમ મને વશ કરવામાં ઉપાયભૂત થતાં નથી.’

ગુણાતીતાનંદ સ્વામીએ આ સત્સંગની વ્યાખ્યા કરી છે:

"ભગવાને કહ્યું છે જે, "જેવો હું સત્સંગે કરીને વશ થાઉં છું એવો તપ, યજ્ઞ, યોગ, વ્રત, દાનાદિક સાધને કરીને પણ વશ નથી થાતો." તે સત્સંગ શું જે, 'મોટા એકાંતિકને હાથ જોડવા અને તે કહે તેમ કરવું એ જ છે." (સ્વા.વાતો: ૧/૧૭)

શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવજીને કહ્યું: 'नोद्धवोऽण्वपि मन्न्यूनो (भागवत : ૩/૪/૩૧) હે ઉદ્ધવ! હું થકી તું અણુમાત્રન્યૂન નથી. તમે બદરિકાશ્રમમાં જાઓ. ભવિષ્યમાં મારી આજ્ઞા મુજબ ભાગવત ધર્મના પ્રચાર માટે પૃથ્વી પર પ્રગટ થજો.'

આ જ ઉદ્ધવજી બીજે જન્મે શ્રીહરિના પ્રાગટ્ય પૂર્વે આ ભાગવત ધર્મની, એકાંતિક ધર્મની સ્થાપનાની ડુગડુગી વગાડવા રામાનંદ સ્વામીરૂપે પ્રગટ થયા એવું મનાય છે. આ લોકની રીત મુજબ ભગવાન સ્વામિનારાયણે તેમને ગુરુ કર્યા. તેથી આપણો સંપ્રદાય પૂર્વે 'ઉદ્ધવ સંપ્રદાય' કહેવાતો. (વિશેષ જુઓ 'ઉદ્ધવજી'નો પાત્રપરિચય)

ઉપસંહાર

શ્રીકૃષ્ણ ભગવાનનું કાર્ય સૌના કલ્યાણ માટે હતું. ભવિષ્યની પેઢી માટે પ્રેરણારૂપ હતું. તેમણે આપેલું ગીતાજ્ઞાન સૌ સંપ્રદાયો માટે આધારરૂપ બની ગયું છે. પ્રસ્થાનત્રયીમાં સ્થાન પામ્યું છે.

ભગવાન સ્વામિનારાયણે ગીતા અને ભાગવતને જ્ઞાન-ભક્તિનાં શાસ્ત્રો તરીકે માન્યાં છે. તેમણે વચનામૃતોમાં ઠેર ઠેર તેના સંદર્ભ લીધા છે. વળી, શ્રીકૃષ્ણ પ્રત્યે તેમનો આંતરિક લગાવ પણ ઠેર ઠેર જોવા મળે છે. શ્રીહરિએ શ્રીકૃષ્ણસંબંધી શાસ્ત્રોનો તલસ્પર્શી અભ્યાસ કર્યો છે. શ્રીકૃષ્ણના જીવનમાંથી ભક્તોએ ગ્રહણ કરવાના સારભૂત મુદ્દાઓ તેમણે જુદા તારવ્યા છે.

જેમ કે, 'પ્રગટમાં જોડાણ', 'બ્રાહ્મીસ્થિતિ', 'સ્થિતપ્રજ્ઞનાં લક્ષણ', 'દિવ્ય-ભાવ', 'સંબંધનો મહિમા', 'સાંખ્યવિચાર', 'ભક્તિનીસર્વોચ્ચતા', 'આત્મશોધન', 'બ્રહ્મથી પર પરબ્રહ્મનું અસ્તિત્વ' વગેરે...

ભાગવતમાં એવાં ઉચ્ચ પાત્રોની ઓળખાણ વ્યાસજીએ સુપેરે કરાવી છે. હવે પછીનાં પૃષ્ઠોમાં તેનાં દર્શન કરીએ...

૨

બળદેવજી (બલરામજી)

હિંદુ ધર્મની માન્યતા મુજબ ભગવાનના ૨૪ અવતારોમાં ૨૧મો અવતાર હતા બળદેવજી. શેષજીનો અવતાર બળદેવજી શ્રીકૃષ્ણના મોટા ભાઈ હતા. દ્વાપરના અંતે જ્યારે રાજાઓના સ્વરૂપમાં દૈત્યો પૃથ્વીને પીડિત કરવા લાગ્યા ત્યારે ભગવાને સ્વયં પ્રગટ થવાનું વરદાન આપતાં સહસ્ર મુખવાળા ભગવાન અનંતને કહ્યું: 'તમે પહેલા વસુદેવનાં પત્ની દેવકીના ગર્ભમાં જઈ પછી રોહિણીના ઉદરથી પ્રગટ થજો. પછી હું દેવકીજીના પુત્રરૂપે પ્રગટ થઈશ.'

કંસના કારાવાસમાં દેવકીજીના સાતમા ગર્ભ તરીકે ભગવાન અનંત કે શેષજી પધાર્યા. ભગવાનની આજ્ઞા મુજબ યોગમાયાએ દેવકીજીનો આ ગર્ભ લઈ તેને વસુદેવનાં બીજાં પત્ની જે ગોકુળમાં નંદબાવાને ત્યાં રહેતા તે રોહિણીના ગર્ભમાં સ્થાપિત કર્યો અને રોહિણીના ગર્ભને દેવકીજીમાં મૂક્યો, જે સ્રવી ગયો. દેવકીજીના ગર્ભનું સંકર્ષણ કરવાથી શેષજી 'સંકર્ષણ' નામે પણ પ્રસિદ્ધ થયા. અતિ બળવાન હોવાથી ગર્ગાચાર્યે તેમનું 'બલભદ્ર' નામાભિધાન કર્યું. બલરામ-શ્રીકૃષ્ણ વ્રજમાં રામ-શ્યામ તરીકે ઓળખાતા. બંને ભાઈઓમાં ખૂબ આત્મીયતા હતી. તેમનાં શરીર જુદાં હતાં, હૈયાં એક હતાં. બાલ્યાવસ્થામાં વ્રજમાં બધી નટખટ લીલાઓ તેમણે સાથે જ કરી.

એક વાર શ્રીકૃષ્ણ, બલરામ ગોપબાળકો સાથે ગોકુળના વનમાં રમતા હતા ત્યારે પ્રલંબાસુર ગોવાળના વેશમાં આવ્યો. શ્રીકૃષ્ણ તેને ઓળખી ગયા, છતાં તેનો ઉદ્ધાર કરવા રમતમાં સાથે રાખ્યો. ગોપબાળકો શ્રીકૃષ્ણના અને બલરામના દળમાં વહેંચાયા. રમતમાં એક દળના બાળકોએ બીજા દળના બાળકોને પોતાની પીઠ પર બેસાડી નિશ્ચિત સ્થાન સુધી લઈ જવાનાં હતાં.

પ્રલંબાસુરે જોયું કે, શ્રીકૃષ્ણને તો હું હરાવી શકીશ નહીં. માટે શ્રીકૃષ્ણના દળમાં રહી બળરામજીને પોતાની પીઠ પર ચડાવી વેગપૂર્વક આગળ દોડવા લાગ્યો. ભયંકર દૈત્યનું સ્વરૂપ ધારણ કરી તે બળદેવજીને વેગપૂર્વક આકાશમાં લઈ ચાલ્યો. ત્યાંથી બળદેવજીને નીચે પછાડી મારવાનો તેનો દુષ્ટ વિચાર હતો.

બળદેવજી થોડા ગભરાઈ ગયા. ત્યાં આકાશવાણી થઈ કે 'તમે શેષનારાયણ છો. તમારામાં અનંત બળ છે. તમે અસુરને મારી શકશો.'

તે સાંભળી બળદેવજીને પોતાના સ્વરૂપની સ્મૃતિ થઈ આવી. તેમણે ક્રોધપૂર્વક તેના માથા પર એક મુક્કીનો પ્રહાર કર્યો. પ્રલંબાસુર મુખેથી લોહી ઓકતો પ્રાણહીન થઈ પૃથ્વી પર પડ્યો.

ભગવાન સ્વામિનારાયણે આનો ઉલ્લેખ *વચ.ગ.પ્ર.૫૯*માં કર્યો છે:

"જો એ(ભક્ત) ભગવાનનો આવો મહિમા જાણે છે તો એને ભગવાનને વિશે અસાધારણ હેત છે પણ એ જાણતો નથી. 'જેમ હનુમાનજીમાં અપાર બળ હતું પણ કોઈકના જણાવ્યા વિના જણાણું નહીં.' અને 'જેમ પ્રલંબાસુર બળદેવજીને લઈ ચાલ્યો ત્યારે પોતામાં બળ તો અપાર હતું પણ પોતે જાણતા ન હતા. પછી જ્યારે આકાશવાણીએ કહ્યું ત્યારે જાણ્યું.' તેવી રીતે એ ભક્તને ભગવાનને વિશે અસાધારણ પ્રીતિ તો છે પણ જણાતી નથી."

શ્રીકૃષ્ણનાં લગભગ તમામ પરાક્રમોમાં તેઓ સાથે હતા. સ્યમંતકમણિના પ્રસંગમાં તેમને શ્રીકૃષ્ણ પ્રત્યે શંકા ગઈ અને દ્વારકા પાછા ન જતાં ત્રણ વર્ષ જનકરાજાની નગરીમાં રહ્યા. તે દરમ્યાન દુર્યોધન તેમની પાસેથી ગદાયુદ્ધ શીખ્યો. પછી અક્રૂરજી પાસે મણિ મળતાં શંકા નિવારણ થતાં તેઓ પાછા દ્વારકા પધાર્યા. પ્રભાસક્ષેત્રમાં યાદવાસ્થળી બાદ બલરામજી સમુદ્રતટે એકાગ્ર-ચિત્તે પરમાત્મચિંતન કરતાં પૃથ્વી છોડી ચાલ્યા ગયા.

3

લક્ષ્મીજી

સંપત્તિ અને સમૃદ્ધિની દેવી, ઐશ્વર્ય અને વૈભવની અધિષ્ઠાત્રી, આયુષ્ય અને ધનધાન્યની વિપુલતા પ્રસરાવતી ભગવતી એ જ લક્ષ્મી દેવી. દેવો-દાનવોએ કરેલા સમુદ્રમંથનમાંથી પ્રગટ થયાં માટે તેઓ સમુદ્રનાં પુત્રી છે. તેમણે વિષ્ણુને વરમાળા પહેરાવી પોતાના સ્વામી તરીકે સ્વીકાર્યા.

લક્ષ્મીજીનાં અનેક નામ છે. એક વાર તેઓ ભૃગુઋષિનાં પુત્રીરૂપે પણ પ્રગટ થયાં હતાં. માટે તેઓ 'ભાર્ગવી' પણ કહેવાય છે. તેમના સ્વરૂપનું વર્ણન કરતાં શ્રીહરિ કહે છે :

"અને રાધિકાજી, લક્ષ્મીજી તેના જેવું ત્રિલોકીમાં કોઈ સ્ત્રીનું રૂપ હોય નહીં અને એના જેવી કોઈની બોલી પણ મીઠી ન હોય અને એના દેહનો સુગંધ પણ અતિશય હોય." (વચ.ગ.મ.૩)

લક્ષ્મીજી પોતાના હાથમાં કમળની વરમાળા લઈ પોતાને યોગ્ય, દોષ-રહિત અને સર્વગુણસંપન્ન પુરુષને શોધી વરવા નીકળ્યા. પરંતુ દેવો, ગંધર્વો, યક્ષો, સિદ્ધો, ચારણો, અસુરો વગેરેમાં કોઈ પણ તેવો પુરુષ તેમને મળ્યો નહીં. છેવટે સર્વગુણનિધિ વિષ્ણુ ભગવાનને જાણી લક્ષ્મીજીએ વરમાળા પહેરાવી.

શ્રીહરિ આનો ઉલ્લેખ કરતાં કહે છે :

"જ્યારે સમુદ્રમંથન કર્યું ત્યારે સમુદ્રમાંથી લક્ષ્મીજી નીસર્યાં. પછી લક્ષ્મીજીએ હાથમાં વરમાળા લઈને વિચાર કર્યો જે, 'વરવા યોગ્ય કોણ છે? તેને હું વરું.' પછી જ્યાં તપાસીને જોયું ત્યાં તો જેમાં રૂપ તેમાં રૂડા ગુણ નહીં ને જેમાં કાંઈક ગુણ તેમાં રૂપ નહીં. એવી રીતે ઘણાકને વિશે મોટાં મોટાં કલંક દીઠાં. પછી દેવતામાત્ર તથા દૈત્યમાત્ર તેને કલંકના ભર્યા દેખીને સર્વ

ગુણે કરીને સંપૂર્ણ અને સર્વ દોષે રહિત ને સર્વ સુખના નિધાન એવા એક ભગવાનને જ દીઠા ત્યારે લક્ષ્મીજીને ભગવાનને વિશે દૃઢ ભક્તિ થઈ. પછી અતિ પ્રેમે કરીને ભગવાનને વરમાળા પહેરાવી ને ભગવાનને વર્યાં. માટે એવા કલ્યાણકારી ગુણને જે જાણવા ને પરમેશ્વરનો દૃઢ આશ્રય કરવો તેનું જ નામ ભક્તિ છે." (વચ.ગ.મ.૧૦)

લક્ષ્મીજીની આરાધના નારાયણ સાથે જ કરવી જોઈએ. એકલી લક્ષ્મી અનર્થ કરે. માટે ભગવાન સ્વામિનારાયણે વરતાલમાં લક્ષ્મીજી સહિત નારાયણની પ્રતિષ્ઠા કરી છે.

લક્ષ્મીજી કે શ્રી એક હોવા છતાં બે સ્વરૂપે જોવા મળે છે. એક સ્વરૂપે સચ્ચિદાનંદમયી લક્ષ્મી જે સદાય ભગવાનના વક્ષઃસ્થળમાં નિવાસ કરીને રહે છે. બીજા સ્વરૂપે ભૌતિક સંપત્તિમાં રહે છે.

ભગવાન સ્વામિનારાયણ કહે છે :

- *"લક્ષ્મીજી છે તે વાસુદેવ ભગવાનના હૃદયને વિશે ચિહ્નરૂપે સ્નેહના આધિક્યપણે કરીને રહ્યાં છે ને બહાર થકી સ્ત્રીરૂપે કરીને સેવામાં પણ રહ્યાં છે." (વચ.ગ.અં.૩૩)*
- *"લક્ષ્મીજી છે તે હેતે કરીને ક્યારેક તો ભગવાનના સ્વરૂપમાં લીન થઈ જાય છે ને ક્યારેક તો નોખાં રહ્યાં થકાં ભગવાનની સેવામાં રહે છે." (વચ.સા.૧૧)*
- *"વૈકુંઠલોકને વિશે તે જ ભગવાન ચતુર્ભુજ મૂર્તિ થકા લક્ષ્મીજીએ સહિત છે ને તે શંખ, ચક્ર, ગદા, પદ્મને ધરી રહ્યા છે તથા વિષ્વક્સેનાદિક જે પાર્ષદ તેમણે સેવ્યા છે." (વચ.વર.૨)*

વચનામૃત કા.૧૦ અને *ગ.મ.૧૯*માં ભગવાન સ્વામિનારાયણ લક્ષ્મીજી અને રાધિકાજીની ભક્તિ વખાણે છે :

"જેવો રાધિકાજી તથા લક્ષ્મીજી ભગવાનને વિશે પ્રેમલક્ષણા ભક્તિએ કરીને ભાવ રાખે છે તેવો ભાવ રાખવો." (વચ.કા.૧૦)

ભગવાન સ્વામિનારાયણે રાધિકાજી અને લક્ષ્મીજીનો જોડે ઉલ્લેખ *ગ.પ્ર.૫૬; સા.૨; લો.૧૮; વર.૧૮; ગ.અં.૨૮, ૩૯* વચનામૃતોમાં કર્યો છે.

૪
શિવજી

પ્રત્યેક બ્રહ્માંડના ત્રણ સંચાલક દેવો છે - બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ. બ્રહ્મા સર્જન, વિષ્ણુ પોષણ અને મહેશ સંહાર કરે છે. તેઓ વૈરાટપુરુષનાં જ ત્રણ સ્વરૂપો છે. વૈરાટપુરુષના નાભિકમળથી રજોગુણપ્રધાન બ્રહ્મા, હૃદયમાંથી સત્ત્વગુણપ્રધાન વિષ્ણુ અને ભાલમાંથી તમોગુણપ્રધાન શિવ ઉત્પન્ન થાય છે.

પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણનો અક્ષર દ્વારા બ્રહ્મા, વિષ્ણુ, શિવમાં અનુપ્રવેશ જણાવતાં શ્રીહરિ કહે છે:

"એવા અતિ સમર્થ જે ભગવાન તે પોતે અક્ષરમાં પ્રવેશ કરીને અક્ષરરૂપે થાય છે અને પછી મૂળ પ્રકૃતિપુરુષરૂપે થાય છે અને પછી પ્રધાન-પુરુષરૂપે થાય છે અને પછી પ્રધાનમાંથી થયાં જે ચોવીસ તત્ત્વ તેને વિશે પ્રવેશ કરીને તે રૂપે થાય છે અને પછી તે તત્ત્વે કરીને સરજાણા જે વિરાટપુરુષ તેને વિશે પ્રવેશ કરીને તે રૂપે થાય છે અને પછી બ્રહ્મા, વિષ્ણુ, શિવમાં પ્રવેશ કરીને તે તે રૂપે થાય છે." (વચ.ગ.પ્ર.૬૩)

ભગવાન સ્વામિનારાયણ દ્વારા શિવજીને આદર

શિવજી સાથે શ્રીહરિનો એક વિશિષ્ટ સંબંધ રહ્યો છે. બાળપણમાં ઘનશ્યામ અયોધ્યામાં નિત્ય શિવમંદિરે દર્શને જતા તેનો ઉલ્લેખ તેમણે *વચ.ગ.અં.૧૪*માં કર્યો છે :

"જ્યારે અમે નાના હતા ત્યારે અયોધ્યાપુરીમાં એક શિવનું મંદિર હતું, તેમાં જઈને અમે સૂતા."

નીલકંઠવર્ણીને હરિદ્વારમાં બ્રાહ્મણના વેશમાં શંકર-પાર્વતીજીએ રસ-

રોટલીની રસોઈ જમાડી હતી. તથા દક્ષિણ ભારતમાં નીલકંઠવર્ણીને રામેશ્વરથી સુંદરરાજ થઈ ભૂતપુરી જતા ઘોર વિકટ વનમાં પાંચ દિવસ સુધી અન્ન-જળ ન મળ્યાં ત્યારે શંકર-પાર્વતીજીએ કાપડીના વેશમાં આવી સાથવો જમાડ્યો હતો. તે ઉપકારને યાદ રાખી શ્રીહરિએ જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરમાં સિદ્ધેશ્વર મહાદેવ પધરાવ્યા છે. શિવજી વિશેનો પોતાનો અભિપ્રાય જણાવતાં ભગવાન સ્વામિનારાયણ કહે છે :

"આજ પાછલી ચાર ઘડી રાત હતી તે સમે સ્વપ્નમાં અમને શિવજીએ દર્શન દીધાં. તે શિવજી મોટો જબરો નંદીશ્વર તે ઉપર બેઠા હતા અને શરીરે બહુ પુષ્ટ હતા ને ચાળીસ વર્ષની અવસ્થા હતી ને મોટી જબરી જટા હતી. ને તે શિવજી ભેળે પાર્વતી હતાં તેણે ધોળાં વસ્ત્ર પહેર્યાં હતાં. અને તે શિવજી મોટા સંતની પેઠે શાંતમૂર્તિ હતા.... શિવજીને અમે માનીએ છીએ તેનું શું કારણ છે? તો શિવજી તો ત્યાગી છે ને યોગી છે... માટે શિવને માનીએ છીએ." (વચ.લો.૧)

પુરાણોમાં વર્ણવેલા શિવજીના પ્રસંગોનો ઉલ્લેખ કરીને ભગવાન સ્વામિનારાયણે તેમના ગુણાનુવાદ ગાતાં વચનામૃતમાં કહ્યું છે:

- *"શિવ, બ્રહ્મા જેવા કોઈ સમર્થ કહેવાય નહીં, એ તો નારદ જેવાના પણ ગુરુ છે; અને એ જેવા બ્રહ્મસ્વરૂપે વર્તે છે, તેવું તો બીજાને વર્તવું કઠણ છે. તોપણ દેશ, કાળ, ક્રિયા, સંગ, મંત્ર, શાસ્ત્ર, દીક્ષા અને ધ્યાન એ આઠ જો ભૂંડાં થયાં, તો તેને યોગે કરીને એ શિવ, બ્રહ્મા જેવાને પણ અંતરમાં અતિશય દુઃખ થયું..." (વચ.ગ.મ.૫૧)*

૫

મત્સ્યાવતાર

હિંદુ ધર્મની માન્યતા મુજબ ભગવાનના દશાવતારમાં પ્રથમ મત્સ્ય અવતાર વેદોના રક્ષણ માટે થયો. કલ્પના અંતે બ્રહ્માનો દિવસ પૂરો થવાથી મહાપ્રલયમાં ભુર્લોક, ભુવર્લોક, સ્વર્લોક સમુદ્રમાં ડૂબી ગયા. તે સમયે બ્રહ્માને નિદ્રા આવવાથી તેમના મુખમાંથી વેદો સરી પડ્યા. હયગ્રીવ રાક્ષસ વેદોને ઉપાડી ગયો. ભગવાને મત્સ્યાવતાર ધારણ કરી હયગ્રીવનો ઉદ્ધાર કરી બ્રહ્માને પાછા વેદો લાવી આપ્યા.

એક વાર વિવસ્વાન્‌ના પુત્ર દ્રવિડ દેશના સત્યવ્રત રાજા કૃતમાલા નદીમાં તર્પણ કરતા હતા. તેટલામાં તેમના ખોબામાં પાણી સાથે એક નાની માછલી આવી ગઈ. રાજા તેને પાણીમાં પાછા નાખવા ગયા ત્યારે તેણે પોતાની રક્ષા કરવા પોકાર કર્યો. રાજા તેને કમંડળમાં મૂકી આશ્રમ પર લાવ્યા. રાતભરમાં તે માછલી વધીને કમંડળ જેવડી થઈ ગઈ. તેને માટલામાં મૂકી. તો બે ઘડીમાં તો તે માટલા જેવડી વધી ગઈ. તેને ઉત્તરોત્તર એક-એકથી મોટાં સરોવરોમાં મૂકી, તો તે તેટલી મોટી થતી ગઈ. અંતે તેને સમુદ્રમાં છોડતાં સત્યવ્રતે સ્તુતિ કરી: 'મેં આજ સુધી દિવસમાં ચારસો કોસ વૃદ્ધિ પામનાર જળચર જીવ નથી જોયો. અવશ્ય આપ શ્રીહરિ જ છો. જીવો પર કૃપા કરવા આપે આ ચરિત્ર કર્યું છે. આપ કયા ઉદ્દેશ્યથી આ મત્સ્યરૂપ ધારણ કર્યું છે ?'

ભગવાને સત્યવ્રત રાજાને કહ્યું: 'આજથી સાતમા દિવસે પ્રલયના સમુદ્રમાં પૃથ્વી સહિત ત્રિલોકી ડૂબી જશે. ત્યારે મારી પ્રેરણાથી તમારી પાસે એક વિશાળ નૌકા આવશે. તમે સમસ્ત પ્રાણીઓનાં સૂક્ષ્મ શરીરો, સઘળાં ધાન્યો તથા બીજો, સપ્તર્ષિઓ સહિત નાવ પર ચડી જજો. ઘોર અંધકારમાં ઋષિઓની દિવ્ય

જ્યોતિ વડે તમે બધું જોઈ શકશો. જ્યારે વાવાઝોડાથી નાવ ડગમગશે ત્યારે હું આ જ મત્સ્યરૂપે ત્યાં આવીશ. તમે વાસુકિ નાગ વડે નૌકાને મારા શૃંગ સાથે બાંધી દેજો. જ્યાં સુધી બ્રહ્માજીની રાત્રિ રહેશે ત્યાં સુધી હું તમને સર્વને સમુદ્રમાં વિચરણ કરાવતો રહી ઉપદેશ આપીશ.' આમ કહી, ભગવાન અંતર્ધાન થયા.

સાત દિવસ બાદ પ્રલયના મેઘ વરસવા લાગ્યા. સમુદ્ર મર્યાદા તોડી પૃથ્વીને ડુબાડવા લાગ્યો. રાજાએ ભગવાનનું સ્મરણ કરતાં જ નૌકા આવી ગઈ. તમામ પ્રાણીઓનાં સૂક્ષ્મ શરીરો, ધાન્યો, બીજો, સપ્તર્ષિઓ સાથે રાજા નૌકા પર આરૂઢ થયા. ભગવાનનું ધ્યાન કરતાં જ તેઓ મત્સ્ય અવતારરૂપે પ્રગટ થયા. તેમનું શરીર ચાર લાખ કોસ વિસ્તારવાળું સુવર્ણ જેવું દેદીપ્યમાન હતું. રાજાએ વાસુકિ નાગ વડે તેમના વિશાળ શૃંગ સાથે નૌકાને બાંધી દીધી. સત્યવ્રત રાજાએ સ્તુતિ કરી: 'હે ભગવાન! હું આપને શરણે છું. આપ મને સ્વસ્વરૂપનું જ્ઞાન આપો.' મત્સ્ય ભગવાને સમુદ્રમાં વિહાર કરતાં કરતાં તેમને આત્મજ્ઞાનનો, સ્વસ્વરૂપનો ઉપદેશ આપ્યો, જેને 'મત્સ્યપુરાણ' કહે છે.

ભગવાનની કૃપાથી સત્યવ્રત રાજા આ સાતમા કલ્પમાં વૈવસ્વત મનુ થયા. જ્યારે પ્રલયનો અંત થયો ને બ્રહ્માજી નિદ્રામાંથી જાગ્યા ત્યારે ભગવાને હયગ્રીવ અસુરનો ઉદ્ધાર કરી તેની પાસેથી વેદો પાછા મેળવી બ્રહ્માજીને સોંપી દીધા. આમ, મત્સ્યાવતારરૂપે ભગવાને વેદની રક્ષા કરી.

ભગવાન સ્વામિનારાયણે *વચ.ગ.પ્ર.૭૮; પં.૨,૪; લો.૭*માં મત્સ્ય અવતારનો સામાન્યપણે ઉલ્લેખ કર્યો છે. ભગવાનના સ્વરૂપમાં દિવ્યભાવ દૃઢાવતાં ભગવાન સ્વામિનારાયણ કહે છે :

"(ભગવાને) મત્સ્યાવતાર ધાર્યો ત્યારે માછલા જેવું જ રૂપ હતું... અને મત્સ્યજીને મળ્યા તે શું ધામને વિશે મત્સ્યરૂપ જ દેખે છે?... અને મત્સ્યને પતિભાવે ભજ્યા તે શું માછલી થઈ અને સખાભાવે ભજ્યા તે શું માછલો થયો?... ભગવાન પોતે અનંત ઐશ્વર્ય ને અનંત શક્તિ સહિત જ મત્સ્ય-કચ્છાદિક રૂપને ધારણ કરે છે... માટે ચિત્રામણમાં જ્યાં જ્યાં મત્સ્ય-કૂર્માદિક ભગવાનના અવતારનાં ચિત્રામણ કરે છે ત્યાં ત્યાં થોડોક મત્સ્ય-કચ્છાદિકનો આકાર કરીને પછી તે ઉપર શંખ, ચક્ર, ગદા, પદ્મ, વૈજયંતી માળા, પીતાંબર વસ્ત્ર, કિરીટ-મુકુટ, શ્રીવત્સનું ચિહ્ન ઈત્યાદિક ચિહ્ને સહિત ભગવાનની મૂર્તિને લખે છે. તો જો ભગવાનનું રૂપ અનાદિ એવું જ છે." (વચ.લો.૧૮)

૯

વરાહ અવતાર

હિંદુ ધર્મની માન્યતા મુજબ દશાવતારમાં આ તૃતીય અવતાર વરાહનો છે, જે પૃથ્વીની રક્ષા માટે ભગવાને ધારણ કર્યો હતો. એક વાર હિરણ્યાક્ષ દૈત્ય પૃથ્વીને રસાતળમાં લઈ ગયો. તે વખતે બ્રહ્માજીની નાસિકામાંથી અંગૂઠા જેવડું વરાહનું બચ્ચું નીકળ્યું ને જોતજોતાંમાં તે પર્વતાકાર થઈ ગયું. પૃથ્વીનો માર્ગ સૂંઘતાં સૂંઘતાં તેમણે મહાસાગરમાં પ્રવેશ કર્યો. ત્યાં રસાતળમાં પૃથ્વી દીઠી. પૃથ્વીને પોતાની વિશાળ દાઢો પર ગોઠવી તેઓ બહાર આવતા હતા ત્યારે હિરણ્યાક્ષ ગદા લઈ યુદ્ધની આશાએ માર્ગ રોકી ઊભો રહ્યો. વરાહ ભગવાને લીલામાં તેનો મોક્ષ કરી પૃથ્વીને જળમાંથી બહાર કાઢી યથાસ્થાને ગોઠવી દીધી. આ કલ્પમાં પૃથ્વી સ્થિર થઈ તેથી આ કલ્પનું નામ શ્વેતવારાહ કલ્પ પડ્યું.

ભગવાન સ્વામિનારાયણે ઉલ્લેખ કરતાં કહ્યું છે :

- *"એ જે ભગવાન તે બ્રહ્માંડમાં... જ્યાં જેવું કાર્ય ત્યાં તેવા દેહનું ધારણ કરે છે ને તેવી રીતે વર્તે છે...તથા પશુના દેહનું ધારણ કરે છે ત્યારે તે પશુની પેઠે જ વર્તે છે. જેમ વરાહરૂપ ભગવાને ધાર્યું ત્યારે સૂંઘીને પૃથ્વીને ખોળી કાઢી." (વચ. પં.૪)*
- *"જે વરાહને મળ્યા તે શું ધામને વિશે ભગવાનને વરાહરૂપ જ દેખે છે? ...અને જેણે વરાહને પતિભાવે ભજ્યા તે શું ભૂંડણ થઈ અને સખાભાવે ભજ્યા તે શું ભૂંડ થયો? ...માટે જો ભગવાનનું મૂળરૂપ વરાહાદિક જેવું જ હોય તો તો તે તે અવતારના ભક્તોને તેના ધ્યાને કરીને તદાકારપણું થાય. ત્યારે તો કહ્યું તેમ જ થયું જોઈએ; પણ એ વાત એમ નથી." (વચ.લો.૧૮)*

૭

નૃસિંહ અવતાર, પ્રહ્લાદ, હિરણ્યકશિપુ

દક્ષકન્યા દિતિના વિવાહ પ્રજાપતિ કશ્યપ ઋષિ સાથે થયેલા. દિતિને એક વાર સાયંકાળે ઋષિનો સંગ કરવાની ઇચ્છા થઈ. ઋષિએ સાયંકાળ અયોગ્ય જણાવ્યો, છતાં દિતિના દુરાગ્રહથી ઋષિએ સંગ કર્યો, પરંતુ પછી દિતિને શાપ આપ્યો: 'તને બે અધમ રાક્ષસપુત્રો જન્મશે, જે આ સંસારના લોકોને અને દેવોને કષ્ટ આપશે.'

દિતિએ માફી માગી કૃપાની યાચના કરી. ત્યારે ઋષિ કહે: 'તારા બન્ને પુત્રોનું કલ્યાણ ભગવાન દ્વારા થશે. તારો પૌત્ર ભગવાનના યોગથી તેમનો ભક્ત થશે.'

દિતિના બે પુત્રો – હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ થયા, જેઓ વૈકુંઠમાં વિષ્ણુના પાર્ષદો જય-વિજયના પ્રથમ જન્મરૂપે હતા. સનકાદિક મુનિના શાપ મુજબ તેમણે વેરભાવે વિષ્ણુનું ભજન કર્યું ને વિષ્ણુ ભગવાને વરાહ અવતાર ધરી હિરણ્યાક્ષનું અને નૃસિંહ અવતાર ધરી હિરણ્યકશિપુનું કલ્યાણ કર્યું. હિરણ્યકશિપુના પુત્ર વિષ્ણુભક્ત પ્રહ્લાદજી થયા, જેમની રક્ષા નૃસિંહ ભગવાને કરી.

વિષ્ણુ ભગવાને વરાહ અવતારરૂપે પોતાના ભાઈ હિરણ્યાક્ષનો વધ કર્યો, તેથી હિરણ્યકશિપુએ ક્રોધિત થઈ જેના વડે વિષ્ણુનું પોષણ થાય તેવા તમામ ધર્મકર્મ જેવાં કે તપ-વ્રત, યજ્ઞયાગ, વેદપાઠ, સ્વાધ્યાય, દાન-દક્ષિણા,

સંતસમાગમ, બ્રાહ્મણપૂજા, ગૌસેવા વગેરે બંધ કરાવ્યાં. મંદિરો, શાસ્ત્રો નષ્ટ કરાવ્યાં. હવે વિષ્ણુનો સ્વયં વધ કરી વેર લેવા, અજેય, અમર બનવા તે મંદરાચલની તલેટીમાં કઠિન તપ કરવા લાગ્યો. બ્રહ્માજી પ્રસન્ન થયા ત્યારે તેણે માગ્યું કે 'મારું મૃત્યુ ઘરની અંદર કે બહાર, દિવસે કે રાત્રે, પૃથ્વી પર કે આકાશમાં, અસ્ત્રથી કે શસ્ત્રથી, માણસથી કે પશુથી, સજીવથી કે નિર્જીવથી કદાપિ ન થાય. હું સમસ્ત પ્રાણીઓનો સમ્રાટ થાઉં.'

બ્રહ્માએ તથાસ્તુ કહ્યું.

હિરણ્યકશિપુ તપ કરવા ગયો ત્યારે ઇન્દ્ર વગેરે દેવોએ દાનવો પર આક્રમણ કર્યું. દાનવો ભયથી ભાગી છૂટ્યા. ઇન્દ્ર હિરણ્યકશિપુની ગર્ભવતી પત્ની કયાધુનું અપહરણ કરી દેવલોક લઈ ચાલ્યા, જેથી જન્મ બાદ દૈત્યબાળકનો વધ કરી શકાય. પરંતુ રસ્તામાં નારદજીએ કહ્યું: 'આના ગર્ભમાં ભગવાનનો પરમ ભક્ત છે. માટે છોડી દે.' નારદજી કયાધુને પોતાના આશ્રમ પર લઈ ગયા. ક્યાધુની સેવા-શુશ્રૂષાથી પ્રસન્ન થઈ નારદજીએ તેમને ભાગવત ધર્મનું જ્ઞાન આપ્યું. સમય જતાં દૈત્ય સ્ત્રીને તો તે જ્ઞાન યાદ ન રહ્યું, પરંતુ નારદજી જેવા સંતના અનુગ્રહથી પ્રહ્‌લાદજી તે ન ભૂલ્યા. આમ, દૈત્યકુળમાં વિષ્ણુભક્ત પ્રહ્‌લાદજી જન્મ્યા. પ્રહ્‌લાદજી બાળપણથી જ રમત-ગમતને બદલે ભગવાનના ભજન-ભક્તિમાં અહોનિશ લીન રહેતા.

ભગવાન સ્વામિનારાયણ વચનામૃતમાં કહે છે:

- *"જો નારદજીને રાજી કર્યા તો પ્રહ્‌લાદને દેશકાળાદિક અશુભ હતાં તોપણ નડી શક્યાં નહીં ને જો સનકાદિકને કોપાયમાન કર્યા તો દેશ-કાળાદિક શુભ હતાં તોપણ જય-વિજય પડી ગયા."* (વચ.ગ.મ.૨૭)
- *"પ્રહ્‌લાદજી દૈત્ય હતા તેણે નારદજીનો ઉપદેશ ગ્રહણ કર્યો તો પરમભાગવત સંત કહેવાયા... માટે જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું હોય તેને ભગવાન ને ભગવાનના ભક્ત તેનો કોઈ રીતે દ્રોહ કરવો નહીં અને જે રીતે ભગવાન ને ભગવાનના ભક્ત રાજી થાય તેમ કરવું."* (વચ.વર.૧૫)

બ્રહ્મા થકી વર પામીને અભિમાની હિરણ્યકશિપુ વિષ્ણુનો વધ કરવા તેમને શોધવા વૈકુંઠ, ત્રિલોકી, દિશાઓ, આકાશ, સમુદ્ર – સર્વત્ર ફરી વળ્યો. વિષ્ણુ ભગવાને વિચાર કર્યો : 'હું જ્યાં જ્યાં જઈશ, ત્યાં ત્યાં આ મારો પીછો

કરશે; તેથી હું આના હૃદયમાં પ્રવેશી જાઉં, કે જેથી મને શોધી શકે નહીં; કારણ કે આ દૈત્ય હોવાથી બહિર્મુખ છે.' વિષ્ણુ ભગવાને સૂક્ષ્મ સ્વરૂપ ધારી તેના શ્વાસ મારફતે નાસિકામાં થઈ તેના હૃદયમાં પ્રવેશ કર્યો. બહાર ક્યાંય વિષ્ણુ ભગવાન મળ્યા નહીં, તેથી તેઓ મૃત્યુ પામ્યા હશે, એવું માની હિરણ્યકશિપુ પાછો ફર્યો. *(ભાગવત : ૮/૧૯/૮-૧૨નો સારાંશ)*

હિરણ્યકશિપુ હવે ત્રિલોકી વશ કરીને સ્વર્ગમાં ઇન્દ્રના મહેલમાં રહેવા લાગ્યો. ઐશ્વર્યના મદમાં દેવો, ગાંધર્વો, યક્ષો, કિન્નરો, મનુષ્યોને પીડવા લાગ્યો. બધાએ રક્ષા માટે ભગવાનની સ્તુતિ કરી. ભગવાને કહ્યું : 'તમે ડરો નહીં. યોગ્ય સમયની રાહ જુઓ. આ જ્યારે મારા પરમ ભક્ત એવા તેના પુત્ર પ્રહ્લાદજીનો દ્રોહ કરશે, ત્યારે હું તેનો વધ કરીશ.'

હિરણ્યકશિપુએ પ્રહ્લાદજીને અસુર પાઠશાળામાં ભણવા મોકલ્યા. ત્યાં દાનવોના પુરોહિત શુક્રાચાર્યના પુત્રો શંડ ને અમર્ક દૈત્ય બાળકોને ભણાવતા. તેમાં લૌકિક ધર્મ-અર્થ-કામનો ઉપદેશ આપતા, પરંતુ મોક્ષનો નહીં. પ્રહ્લાદજીને રસ પડતો નહીં, તેથી વિષ્ણુનું ભજન કરતા. એક વાર શંડ-અમર્ક રજા પર ગયા, ત્યારે પ્રહ્લાદજીએ દૈત્ય બાળકોને વિષ્ણુભક્તિનો રંગ લગાડ્યો.

એક વાર હિરણ્યકશિપુએ વહાલથી પૂછ્યું : 'બેટા ! ગુરુજી પાસેથી તું શું ભણ્યો તેનો સાર મને જણાવ.'

પ્રહ્લાદજીએ કહ્યું : 'પિતાજી ! મનુષ્ય જીવનની સાર્થકતા શ્રીવિષ્ણુનું શરણ ગ્રહણ કરવામાં જ છે. તેમની નવધા ભક્તિ જે –

श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम्।
अर्चनं वन्दनं दास्यं सख्यम् आत्मनिवेदनम्॥ (भागवत : ७/५/२३)

ભગવાનની ભક્તિના નવ ભેદ છે – ભગવાનની લીલાનું શ્રવણ કરવું, ગુણગાન, સ્મરણ, ચરણોની સેવા, પૂજા, વંદન, દાસ્ય, મૈત્રી ને આત્મસમર્પણ. આ નવધા ભક્તિ દ્વારા વિષ્ણુ ભગવાનને પ્રસન્ન કરવા તે જ શિક્ષણની ફળશ્રુતિ છે.'

પ્રહ્લાદજીનાં વચનો સાંભળી ક્રોધિત થઈ હિરણ્યકશિપુએ 'પિતૃદ્રોહી' પુત્રને મારી નાખવા માટે વિવિધ પ્રયત્નો શરૂ કર્યા. તેમને ભૂખ્યા રાખ્યા, ઝેર પિવડાવ્યું, ઝેરી સર્પો કરડાવ્યા, ઉન્મત્ત હાથીઓના પગ તળે કચડાવ્યા, પર્વત પરથી ગબડાવ્યા, સમુદ્રમાં ડુબાવ્યા, મર્મસ્થાન પર અસ્ત્ર-શસ્ત્રના પ્રહારો કર્યા,

કૃત્યા રાક્ષસીઓ દ્વારા ત્રાસ અપાવ્યો, ઠંડાગાર હિમપ્રદેશમાં રાખ્યા. છેવટે હિરણ્યકશિપુની બહેન હોલિકા પ્રહ્લાદજીને ગોદમાં લઈ ભડકતી આગમાં બેઠી, પણ તેનું જાદુઈ વસ્ત્ર ઊડી ગયું. હોલિકા બળી ગઈ અને પ્રહ્લાદની રક્ષા થઈ. (હોલિકાનું પાત્ર પુરાણોમાં મળતું નથી. કદાચ પરંપરાથી આ વાત આવી હોય. કલ્યાણ ભક્તાંક : પૃષ્ઠ ૨૪૬માં હોલિકાનો પ્રસંગ વર્ણવ્યો છે.) ભગવાને પ્રહ્લાદનું શરીર જ જીવાત્મા જેવું કરી તેની રક્ષા કરી.

હિરણ્યકશિપુએ હવે ગુસ્સે થઈ પ્રહ્લાદજીને પૂછ્યું: 'દુષ્ટ બાળક! તેં મારા સિવાય બીજા કોને જગતનો સ્વામી બનાવ્યો છે? ક્યાં છે તારો એ ભગવાન?'

પ્રહ્લાદજી કહે: 'તેઓ તો મારામાં, તમારામાં, જડ-ચેતન સૃષ્ટિમાં - સર્વત્ર વસે છે.'

હિરણ્યકશિપુએ અગ્નિથી તપેલો લાલચોળ લોહસ્તંભ બતાવી કહ્યું: 'શું આમાં પણ છે? જો ખરેખર હોય તો ભેટી લે આ થાંભલામાં રહેલા તારા વિષ્ણુને.'

પ્રહ્લાદજી 'ૐ વિષ્ણવે નમઃ' બોલતાં બોલતાં વિશ્વાસપૂર્વક નિર્ભયપણે થાંભલાને ભેટ્યા. ત્યાં જ બ્રહ્માંડ ફાટી પડે તેવો અવાજ થયો અને થાંભલો ફાટ્યો. તેમાંથી શરીર મનુષ્યનું પરંતુ મુખ અને નખ સિંહના તેવા નૃસિંહ અવતારરૂપે વિષ્ણુ ભગવાન પ્રગટ થયા. તેમણે હિરણ્યકશિપુને પકડીને બ્રહ્માજીએ આપેલ વરદાનમાં બાધ ન આવે તે રીતે મહેલના દરવાજાના ઉંબરા પર (ઘરમાં નહીં ને બહાર નહીં), પોતાની જાંઘ ઉપર (આકાશમાં નહીં ને પૃથ્વી પર નહીં), તે વખતે સાયંકાળે (દિવસે નહીં ને રાત્રે નહીં), પોતાના નખથી (અસ્ત્રથી નહીં ને શસ્ત્રથી નહીં), નૃસિંહ સ્વરૂપે (માનવ નહીં ને પશુ નહીં) પેટ ચીરી મોક્ષ કર્યો.

શ્રીહરિ ભગવાનના ભક્તના દ્રોહનું ફળ જણાવતાં કહે છે :

"...હિરણ્યકશિપુ હતો તેણે ત્રિલોકી પોતાને વશ કરી રાખી હતી એવો બળવાન હતો, પણ તેણે જો પ્રહ્લાદજીનો દ્રોહ કર્યો તો ભગવાન સ્તંભમાંથી નૃસિંહરૂપે પ્રકટ થઈને તે હિરણ્યકશિપુનો નાશ કરી નાખ્યો. એમ વિચારીને ભગવાનના ભક્ત હોય તેને અતિશય ગરીબપણું પકડવું પણ કોઈનું અપમાન કરવું નહીં..." (વચ.ગ.પ્ર.૬૨)

પ્રહ્‌લાદજીએ ભગવાનના માર્ગે વિઘ્નરૂપ પોતાના પિતાજીનું પણ વચન ન માનીને કેવળ ભગવાનનો જ પક્ષ રાખ્યો તેનો ઉલ્લેખ કરતાં શ્રીહરિ કહે છે :

"લોકમાં એમ કહે છે જે, 'સાધુને તો સમદૃષ્ટિ જોઈએ,' પણ એ શાસ્ત્રનો મત નથી; કેમ જે, નારદ, સનકાદિક ને ધ્રુવ, પ્રહ્‌લાદાદિક તેમણે ભગવાનનો ને ભગવાનના ભક્તનો જ પક્ષ રાખ્યો છે, પણ વિમુખનો પક્ષ કોઈએ રાખ્યો નથી." (વચ.ગ.મ.૫)

ભગવાન સ્વામિનારાયણે *વચ.લો.૪,૧૮; પં.૪* વગેરે વચનામૃતોમાં નૃસિંહ અવતારનો ઉલ્લેખ કર્યો છે : હિરણ્યકશિપુનો વધ કરી નૃસિંહ ભગવાન તેના સિંહાસન પર બેઠા. તેમનો ક્રોધ હજી વધતો જતો હતો. દેવોએ ભગવાનને શાંત કરવા લક્ષ્મીજીને મોકલ્યા, પરંતુ ભયથી તેઓ નજીક ન જઈ શક્યાં. કોઈની નજીક જવાની હિંમત ન ચાલી ત્યારે બ્રહ્માએ પ્રહ્‌લાદજીને મોકલ્યા. ભગવાને પોતાનો વાત્સલ્યપૂર્ણ અભયહસ્ત પ્રહ્‌લાદજીના મસ્તક પર મૂક્યો.

પ્રહ્‌લાદજીએ *ભાગવત(૭/૯/૧૫)*માં ભગવાનની સ્તુતિ કરી છે. તેનો ઉલ્લેખ કરતાં શ્રીહરિ કહે છે :

"પ્રહ્‌લાદ જે તે નૃસિંહજી પ્રત્યે બોલ્યા જે, 'હે મહારાજ ! હું આ તમારા વિકરાળ રૂપથી નથી બીતો ને તમે જે મારી રક્ષા કરી તેને હું રક્ષા નથી માનતો; ને તમે જ્યારે મારા ઈન્દ્રિયોરૂપ શત્રુના ગણ થકી રક્ષા કરશો ત્યારે હું રક્ષા માનીશ.' માટે જે ભગવાનનો ભક્ત હોય તે દૈહિક રક્ષા ભગવાન કરે તેણે કરીને હર્ષ ન પામે ને રક્ષા ન કરે તેણે કરીને શોક ન કરે અને અલમસ્ત થકો ભગવાનને ભજે." (વચ.લો.૩)

નૃસિંહ ભગવાને પ્રહ્‌લાદજીને ઘણાં વરદાનો, પ્રલોભનોની લાલચ આપી, પરંતુ પ્રહ્‌લાદજીએ કહ્યું :

'आशासानो न वै भृत्यः स्वामिन्याशिष आत्मनः ।
न स्वामी भृत्यतः स्वाम्यमिच्छन् यो राति चाशिषः ॥ (ભાગવત : ૭/૧૦/૫)

અર્થ : તે સેવક નથી કે જે સ્વામી પાસે પોતાની કામનાઓ પૂરી કરાવવા ઇચ્છે છે. અને તે સ્વામી નથી કે જે સેવક પાસે સેવા કરાવવા તથા તેનો સ્વામી બનવા માટે તેની કામનાઓ પૂરી કરે છે.'

ગુણાતીતાનંદ સ્વામી કહે છે : *"જે વિષયને વિશે જોડે છે તે એકાંતિક નહીં અને જે ઐશ્વર્યને વિશે જોડે છે તે પુરુષોત્તમ નહીં. તે એ મર્મને તો*

પ્રહ્‌લાદે જાણ્યો જે, વિષયને આપે તે ભગવાન નહીં અને જે વિષયને માગે તે ભક્ત નહીં.'' (સ્વા.વાત.૩/૨૪)

પ્રહ્‌લાદજીએ માંગ્યું:

'यदि रासीश मे कामान् वरांस्त्वं वरदर्षभ।

कामानां हृद्यसंरोहं भवतस्तु वृणे वरम्॥ (भागवत:७/१०/७)

હે વર આપનારામાં શ્રેષ્ઠ, હે સ્વામી, જો તમે મને મારા મનગમતા વર આપવા માગો છો તો મારા હૃદયમાં કામના અંકુર ઊઠે નહીં - તે વરદાન આપની પાસે હું માંગું છું.'

શ્રીહરિ આ વાતનો ઉલ્લેખ કરતાં કહે છે:

''હનુમાન, નારદ, પ્રહ્‌લાદ એ જે મોટા મોટા ભગવાનના ભક્ત તેમણે પણ ભગવાન પાસે એમ જ માગ્યું છે જે, 'અહં-મમત્વરૂપ માયા થકી રક્ષા કરજ્યો...'' (વચ.ગ.અં.૩૯)

નૃસિંહ ભગવાને પ્રહ્‌લાદજીને કહ્યું: 'તું એક મન્વન્તર સુધી રાજ્ય કર. મારી ભક્તિના પ્રતાપે પછી તું મને પામીશ.'

પ્રહ્‌લાદજી કહે: 'મારા પિતાએ અજ્ઞાનવશ આપનો દ્રોહ કર્યો છે. આપ કૃપા કરી તેમનો ઉદ્ધાર કરો.'

નૃસિંહ ભગવાન કહે: 'તારા જેવા ભક્તના સંબંધના પ્રતાપે તેઓની સદ્‌ગતિમાં કોઈ શંકા નથી, પરંતુ તેમની એકવીસ પેઢીઓના પિતૃઓ હોત તો તેઓ પણ તરી જાત.'

ત્યારપછી નૃસિંહ ભગવાને બ્રહ્માજીને કહ્યું: 'દૈત્યોને તમે આવું વરદાન આપ્યા કરશો નહીં. તે સાપને દૂધ પિવડાવવા જેવું છે.' એમ કહી નૃસિંહજી અંતર્ધાન થયા.

નૃસિંહજીની દેહત્યાગ-લીલા વર્ણવતાં ભગવાન સ્વામિનારાયણ કહે છે:

''રાક્ષસને મારવાને અર્થે ભગવાને નૃસિંહરૂપ ધાર્યું ને પછી તે કાર્યને કરીને પછી તે દેહનો ત્યાગ કરવાને ઈચ્છ્યા, પણ તે સિંહને કોણ મારે? પછી પોતાની ઈચ્છાએ કરીને કાળરૂપ શિવ તે શરભનું રૂપ ધારીને આવ્યા ને નૃસિંહને ને શરભને યુદ્ધ થયું. પછી બેય જણે દેહ મૂક્યો. તેણે કરીને શિવ શરભેશ્વર મહાદેવ થયા ને નૃસિંહજીએ દેહ મૂક્યો તે નારસિંહી શિલા થઈ.'' (વચ.લો.૧૮)

નોંધ : વૈશાખ સુદ ચૌદશે ભગવાન પ્રગટ્યા. માટે આ નૃસિંહ જયંતીના દિવસે સ્વામિનારાયણીય સંતો સાંજ સુધી ફળાહાર કરી, સાંજે નૃસિંહજીની આરતી કરી, આ ઉત્સવ ઊજવે છે.

૮

વામન અવતાર, બલિરાજા

હિંદુ ધર્મની માન્યતા મુજબ ભગવાનના દશ અવતારોમાં પાંચમો અને ચોવીસ અવતારોમાં પંદરમો વામન અવતાર છે. ઈન્દ્રે ગુમાવેલું રાજ્ય દાનવરાજ બલિ પાસેથી છીનવી તેને પાછું અપાવવા તેમણે આ અવતાર ધારણ કર્યો હતો. બલિ પ્રહ્લાદજીના પૌત્ર થાય. પિતા વિરોચન અસુર હતા. દાદા પ્રહ્લાદજીના ભક્તિના સંસ્કાર બલિએ પ્રાપ્ત કરેલા.

દેવાસુર સંગ્રામ વખતે ઈન્દ્રે વજ્રથી કેટલાક દાનવોને હણ્યા, પરંતુ દૈત્ય-ગુરુ શુક્રાચાર્યે સંજીવની વિદ્યાથી બલિરાજા સહિત તમામ દાનવોને જીવતા કર્યા.

બલિએ ભૃગુવંશી બ્રાહ્મણોની ભાવથી સેવા કરી. બ્રાહ્મણોએ પ્રસન્ન થઈ વિશ્વજિત યજ્ઞ કરાવી પુનઃ બલિરાજાને બળ-શક્તિ-ઐશ્વર્યથી સંપન્ન કર્યા. બલિએ સ્વર્ગ પર ચઢાઈ કરી. દેવો સ્વર્ગ છોડી ગયા. બલિએ અમરાવતી પર અધિકાર જમાવી ત્રણે લોક જીત્યા. ભૃગુવંશી બ્રાહ્મણોએ નર્મદાતટે ભૃગુક્ષેત્ર/ભૃગુકચ્છ(હાલ ભરૂચ)માં બલિ પાસે સો અશ્વમેધ યજ્ઞોનો આરંભ કરાવ્યો, જે પૂર્ણ થયા બાદ બલિરાજાને ઈન્દ્રપદ પ્રાપ્ત થાય. આથી, દેવમાતા અદિતિ દુ:ખી થયાં. અદિતિએ પોતાના પતિ કશ્યપ ઋષિની સૂચના મુજબ પોતાના પુત્રો દેવોને બધું પાછું અપાવે તેવા સમર્થ પુત્રની પ્રાપ્તિ માટે બાર દિવસનું પયોવ્રત કર્યું. ભગવાને પ્રગટ થઈ કહ્યું : 'અદિતિ ! હું કશ્યપજીમાં પ્રવેશ કરી તમારો પુત્ર બની તમારા પુત્રોનું રક્ષણ કરીશ.'

ભાદરવા સુદ બારશે ભગવાન વામન સ્વરૂપે અદિતિ થકી પ્રગટ થયા.[૨]

---

૨. આ વામન જયંતીએ સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો બપોર સુધી ફરાળી ઉપવાસ કરે છે. બપોરે શિખરબદ્ધ મંદિરોમાં વામનજીના પ્રાગટ્યની આરતી થાય છે.

ભગવાને તુરંત શિર પર જટા, ખભા પર યજ્ઞોપવીત, હાથમાં છત્ર, દંડ, કમંડલુ ધારી વામન બ્રહ્મચારીનું રૂપ ધારણ કર્યું. ભગવાન સ્વામિનારાયણ *વચ.લો.* ૧૮માં કહે છે:

“(ભગવાને) વામનાવતાર ધાર્યો ત્યારે તે વામનરૂપના હાથ-પગ ટૂંકા ને કેડ્ય ધીંગી ને શરીર ધીંગું એવા ટૂંકડા હતા.”

બલિરાજાએ વામનજીને કંઈક માગવા કહ્યું, ત્યારે વામનજીએ ત્રણ ડગલાં પૃથ્વી માગી. બલિએ કહ્યું: ‘હું ત્રિલોકીનો સ્વામી છું. અનેક દ્વીપોનું દાન આપી શકું છું. તમારે જેટલી ભૂમિની જરૂર હોય તેટલી માગી લો.’

વામનજી કહે: ‘જેને ત્રણ ડગલાં પૃથ્વીથી સંતોષ ન થાય તેને સમગ્ર નવખંડ-ધરા આપો તો પણ સંતોષ ન થાય. મારે ફક્ત આટલું જ જોઈએ.’

દૈત્યગુરુ શુક્રાચાર્યએ બલિને ચેતવ્યા: ‘આ તારા શત્રુ વિષ્ણુ વામન બ્રહ્મચારીરૂપે પધાર્યા છે. તારું સર્વસ્વ છીનવી લેશે. પોતાની આજીવિકા નષ્ટ થાય તેવા દાનનો શાસ્ત્રમાં નિષેધ છે. ભલે તેં પ્રતિજ્ઞા કરી, પરંતુ અમુક પરિસ્થિતિઓમાં અસત્ય બોલવું શાસ્ત્ર પ્રમાણે પાપ નથી.’

શુક્રાચાર્યે શાસ્ત્રવચનોથી, તર્કબદ્ધ દલીલોથી બલિને દાન ન આપવા સમજાવ્યા, જે ‘શુક્રનીતિ’ કહેવાય છે. પરંતુ બલિરાજાએ પ્રત્યક્ષ ભગવાનની સામે સત્ત્વગુણપ્રધાન ધર્મશાસ્ત્ર-વચનો, ગુરુઆજ્ઞા ગૌણ કરી દઢતાથી કહ્યું:

‘હે ગુરુદેવ! હું પ્રહ્લાદજીનો પૌત્ર છું. દાન આપવાની પ્રતિજ્ઞા કરી ચૂક્યો છું. હવે ધનના લોભે તેમાંથી પાછો નહીં હટું. જો આ વામનજી ખરેખર વિષ્ણુ જ છે તો તેઓ યુદ્ધમાં મને મારીને પણ પૃથ્વી પડાવી જ લેશે. અને જો કોઈ બીજા હશે તો મારાં બાણોથી હણાઈ જશે.’

બલિરાજાએ હાથમાં જળ લઈ દાનનો સંકલ્પ કરવા જળઝારી હાથમાં લીધી. શુક્રાચાર્ય તેના નાળચામાં ભમરો થઈને પેઠા અને પાણી રોકી રાખ્યું. બલિએ દર્ભની સળી ભોંકી જેથી શુક્રાચાર્યની એક આંખ ફૂટી ને તેઓ બહાર આવી ગયા.

બલિએ જળ લઈ સંકલ્પ કર્યો કે તુરંત વામનજીએ વિરાટ સ્વરૂપ ધારણ કર્યું. પોતાના એક ચરણથી સઘળી પૃથ્વી માપી લીધી. બીજું ચરણ ઉપર તરફ સ્વર્ગને ઓળંગી મહર્લોક, જનલોક, તપલોક ઓળંગી સત્યલોક જઈ પહોંચ્યું. બ્રહ્માજીએ કમંડળથી ભગવાનનાં ચરણ પખાળ્યાં.

ભગવાન સ્વામિનારાયણ કહે છે :

"ભગવાને વામનાવતાર ધર્યો ત્યારે પ્રથમ તો વામનરૂપે દર્શન આપ્યું; અને ત્રણ પગલાં ધરતી બળિ પાસે શ્રીકૃષ્ણાર્પણ કરાવ્યા પછી એવું પોતાના સ્વરૂપને વધાર્યું જે સાત પાતાળનું તો એક પગલું કર્યું ને આકાશમાં તો પોતાનું શરીર બધેય માઈ રહ્યું અને બીજું પગલું ઊંચું મેલ્યું તેણે સાત સ્વર્ગને વેંધીને અંડકટાહ ફોડ્યું. એવું જે ભગવાનનું મોટું સ્વરૂપ થયું તેને બળિ રાજાએ દીઠું ને બળિ વિના જે બીજા હતા તેણે તો જેવું વામન સ્વરૂપ ભગવાને ધારણ કર્યું હતું તેવું ને તેવું દીઠું." (વચ.કા.૮)

ભગવાને બલિને કહ્યું: 'બે ચરણમાં તો મેં ત્રિલોકી માપી લીધી. હવે ત્રીજા ચરણનું દાન આપો, નહીંતર પ્રતિજ્ઞાભંગના ફળરૂપે થોડાં વર્ષો સુધી નરક ભોગવો.'

ભગવાનની ઇચ્છાથી ગરુડજીએ બલિને વરુણપાશથી બાંધ્યા. બલિએ કહ્યું: 'પંચતત્ત્વથી બનેલો મારો દેહ પણ પૃથ્વીરૂપ જ છે. માટે ત્રીજું ચરણ મારા મસ્તક પર મૂકો.'

ભગવાને ત્રીજું ચરણ તેમના મસ્તક પર મૂકી તેમને સુતલ લોકમાં મોકલી દીધા. બલિએ પોતાનું સર્વસ્વ દાનમાં આપ્યું. માટે, જીવતા જ સર્વસ્વ આપવું તેને 'બલિદાન' કહેવાય છે, પશુઓને યજ્ઞમાં હોમવાં તેને નહીં.

ભગવાને બલિની આટલી કસણી કરી છતાં તેમને ભગવાનનો લેશ પણ અભાવ ન આવ્યો. તેથી વિપરીત પોતે અસુર હોવાથી પોતાના કેશ ભગવાનનાં કોમળ ચરણોમાં વાગ્યા હશે તેવું જાણી માફી માગી ભક્તિ-ભાવપૂર્વક ભગવાનનાં ચરણ ચાટવા માંડ્યા. ભગવાને પ્રસન્ન થઈ બલિને વરુણપાશથી મુક્ત કરી સુતલલોકમાં દૈત્યોના રાજા બનાવી દીધા અને કહ્યું: 'સાવર્ણિ મન્વંતરમાં તમે મારા પરમ ભક્ત ઇન્દ્ર થશો.'

ભગવાને વર માંગવાનું કહ્યું ત્યારે બલિએ માંગ્યું: 'આપ અખંડ મારા દ્વારે નિવાસ કરીને રહો.' ભગવાન બલિનાં દ્વારે હંમેશ માટે બંધાઈ ગયા.

લક્ષ્મીજીને ચિંતા થઈ કે તેમને પતિસેવાનો લાભ નહીં મળે. લક્ષ્મીજીએ શ્રાવણ સુદ પૂનમે બલિરાજાને રાખડી બાંધી ભાઈ બનાવ્યા. રક્ષાબંધનની શરૂઆત અહીંથી થઈ તેવું શાસ્ત્રો કહે છે. બલિએ માંગવા કહ્યું ત્યારે લક્ષ્મીજીએ પોતાના સ્વામી વિષ્ણુને માગ્યા. આથી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ

ત્રણેય દેવોએ ચાર-ચાર મહિના બલિનાં દ્વારે રહેવું તેવું નક્કી થયું.

વિષ્ણુ ભગવાન દેવશયની એકાદશીએ બલિને ત્યાં સુતલમાં પોઢવા જાય છે. બે મહિના બાદ પાર્શ્વ-પરિવર્તિની(જળઝીલણી) એકાદશીએ ભગવાન પડખું ફરે છે. બીજા બે મહિના બાદ દેવઊઠી એકાદશીએ (કાર્તિક સુદ એકાદશી) ભગવાન જાગ્રત થાય છે. ચાતુર્માસના આ ચાર માસ દરમિયાન આપણી સુષુપ્ત મુમુક્ષુતા જાગ્રત થાય તે માટે આપણે વિશિષ્ટ ભક્તિ-વ્રત-સાધના કરીએ છીએ.

ભગવાન સ્વામિનારાયણ *વચ.ગ.પ્ર.૬૧*માં બળિરાજાનો આ પ્રસંગ ઉલ્લેખી, તેનો સાર સમજાવતાં કહે છે:

"જેમ વામનજીએ બળિરાજાનું ત્રિલોકીનું રાજ્ય લઈ લીધું અને ચૌદ લોકનાં બે પગલાં કર્યાં અને ત્રીજાં પગલાં સારુ તે બળિરાજાએ પોતાનું શરીર આપ્યું, એવી રીતે શ્રદ્ધા સહિત ભગવાનને સર્વસ્વ આપ્યું તોય ભગવાને એને વગર વાંકે બાંધ્યો, તોપણ ભક્તિ થકી પડ્યો નહીં; ત્યારે એવી પોતાની અનન્ય ભક્તિ જોઈને પોતે ભગવાન તે બળિના બંધનમાં આવતા હતા. અને ભગવાને તો બળિરાજાને ક્ષણમાત્ર બાંધ્યો હતો ને ભગવાન તો એની ભક્તિરૂપી દોરીએ કરીને બંધાયા છે તે આજ દિવસ સુધી પણ અખંડ ભગવાન બળિને દરવાજે ઊભા છે અને બળિરાજાની દૃષ્ટિ થકી પળમાત્ર પણ ભગવાન છેટે થતા નથી. ...માટે જેમ જેમ ભગવાન આપણને કસણીમાં રાખે તેમ તેમ વધુ રાજી થવું જોઈએ જે, 'ભગવાન જેમ જેમ મને વધુ દુઃખ દેશે તેમ તેમ વધુ મારે વશ થશે અને પલમાત્ર મારાથી છેટે નહીં રહે,' એવું સમજીને જેમ જેમ ભગવાન અતિ કસણી દેતા જાય તેમ તેમ અતિ રાજી થવું, પણ કોઈ રીતે દુઃખ દેખીને અથવા દેહના સુખ સારુ પાછો પગ ભરવો નહીં."

૯

ઋષભદેવ ભગવાન

સ્વાયંભુવ મનુના દશ પુત્રો પૈકી પ્રિયવ્રતના પુત્ર આગ્નીધ્ર થયા. આગ્નીધ્રના પુત્ર નાભિ થયા. નાભિએ પત્ની મેરુદેવી સાથે રહી ભગવાન તુલ્ય પુત્રની પ્રાપ્તિ માટે યજ્ઞ કર્યો. ભગવાને કહ્યું : 'હું સ્વયં પોતાની અંશકળાથી આપને ત્યાં અવતાર લઈશ.' તે અવતાર એ જ ઋષભદેવ.

તેઓ જન્મ્યા ત્યારથી જ તેમના હાથ-પગ ઉપર શંખ, ચક્ર, ગદા અને પદ્મનાં ચિહ્નો હતાં. તેમના વિશિષ્ટ ગુણોને કારણે નાભિએ તેમનું નામ 'ઋષભ' (શ્રેષ્ઠ) રાખ્યું. તેઓ ૨૪ અવતાર પૈકી આઠમા અવતાર કહેવાય છે.

એક વાર ઈન્દ્રે અજનાભ દેશમાં વૃષ્ટિ ન કરી, ત્યારે ઋષભદેવે પોતાની યોગમાયાના બળથી વૃષ્ટિ કરી. તેથી ઈન્દ્રે પ્રસન્ન થઈ પોતાની પુત્રીનાં લગ્ન ઋષભદેવ ભગવાન સાથે કરાવ્યાં. ઋષભદેવને ૧૦૦ પુત્રો થયા. તેઓ રોજ પુત્રોને (ઘરસભામાં) ઉપદેશ આપતા: 'હે પુત્રો ! તમે વિષ્ટા ખાનારા ભૂંડને ભોગવવા યોગ્ય પંચવિષયના ભોગ ભોગવવા મનુષ્ય દેહ ધર્યો નથી. તમે દિવ્ય તપ કરો જેથી અંતઃકરણ શુદ્ધ થાય અને ભગવાનની પ્રાપ્તિ થાય. 'महत्सेवा' મોટાપુરુષની-સત્પુરુષની સેવા જ મોક્ષનું દ્વાર છે. 'भक्त्यानुवृत्त्या' - ભગવાન અને સંતની અનુવૃત્તિ મુજબ વર્તવું તે જ ભક્તિ છે.'

પિતાના ઉપદેશથી તમામ પુત્રો ભગવાનના માર્ગે વળ્યા. સૌથી મોટા ભરતજીએ ૧ કરોડ વર્ષ રાજ્ય કરી, પુત્રોને રાજ્ય સોંપી, પુલહાશ્રમમાં જઈ તપ કર્યું. આ ભૂમિ અજનાભ ખંડ ભરતજીના નામે 'ભારતવર્ષ' કહેવાય છે.[3]

---

૩. ભરતજીથી નાના ૯ ભાઈઓ ૯ મોટા યોગેશ્વરો થયા. તેમનાથી નાના ૯ ભાઈઓ કવિ, હરિ, અંતરિક્ષ, પ્રબુદ્ધ, પિપ્પલાયન, આવિર્હોત્ર, દ્રુમિલ, ચમસ ને કરભાજન આ શાસ્ત્રપ્રસિદ્ધ નવ યોગેશ્વરો થયા. અન્ય ૮૧ પુત્રો કર્મકાંડનું અનુષ્ઠાન કરનારા થયા.

ઋષભદેવ ભરતજીને રાજ્ય સોંપી પરમહંસોને ત્યાગનો આદર્શ શીખવવા અવધૂત બનીને સર્વત્ર વિચરવા લાગ્યા. તેમણે વિખેરેલા વાળ સાથે ઉન્મત્ત જેવો, દિગંબર વેશ ધારણ કર્યો. કોઈ વાત કરવા ઇચ્છતું છતાં તેઓ કંઈ જ બોલતા નહીં. દુષ્ટ લોકો તેમની પાછળ પડી મારતા, પેશાબ કરતા, વિષ્ટા કે ધૂળ-ઢેફાં ફેંકતા, ગાળો આપતા, છતાં તેઓ અખંડ પરમાત્મ-સ્વરૂપમાં સ્થિત રહેતા. તેમનું શરીર ખૂબ જ સુંદર હોવાથી સ્ત્રીઓમાં કામનો સંચાર ન થાય તે માટે તેઓ શરીરને ધૂળથી ગ્રસ્ત રાખતા. ક્યારેય સ્નાન ન કરતા. હવે તેમણે અજગરવૃત્તિ ધારણ કરી. તેઓ એક જ સ્થાને સૂતાં-સૂતાં, બેઠાં-બેઠાં કે ઊભાં-ઊભાં, ખાતાં-પીતાં અને મળ-મૂત્રનો ત્યાગ કરતા. જડ, અંધ, બધિર, મૂક અને મૂર્ખ જેવી ચેષ્ટાઓ કરતા.

શ્રીહરિએ પોતાના વૈરાગી સ્વભાવની વાત કરતાં તેમનો ઉલ્લેખ કર્યો છે :

“અમને એમ જણાય છે જે, ‘જડભરત, શુકદેવ, દત્તાત્રેય, ઋષભદેવ ભગવાન એના સરખો અમારા જીવનો ઢાળો છે.’ માટે અમને પણ વન, પર્વત ને જંગલ એમાં જ રહેવું ગમે છે, પણ મોટાં મોટાં શહેર પાટણ હોય એમાં રહેવું ગમતું નથી, એવો અમારો સહજ સ્વભાવ છે; તોપણ ...ભગવાન તથા ભગવાનના ભક્તને અર્થે માણસના ભીડામાં રહીએ છીએ.” (વચ.ગ.અં.૨૧)

ઋષભદેવ પાસે આકાશગમન, મનોજવ (મનની જેવી શરીરની શીઘ્ર, સર્વત્ર ગતિ), અંતર્ધાન, પરકાયાપ્રવેશ (અન્યના શરીરમાં પ્રવેશવું), દૂરદર્શન, દૂરશ્રવણ વગેરે તમામ પ્રકારની સિદ્ધિઓ સ્વેચ્છાપૂર્વક સેવા કરવા ઉપસ્થિત થઈ, પરંતુ તેમણે સ્વીકાર ન કર્યો. આથી પરીક્ષિતે શુકદેવજીને પૂછ્યું : ‘જ્ઞાની મહાપુરુષોને સિદ્ધિઓ મોહ પમાડી શકતી નથી, છતાં ઋષભદેવે તેમનો સ્વીકાર શા માટે ન કર્યો ?’ શુકદેવજી કહે : ‘બુદ્ધિશાળી લોકો પોતાના મનનો વિશ્વાસ નથી કરતા. કહેવાય છે કે –

न कुर्यात्कर्हिचित्सख्यं मनसि ह्यनवस्थिते।
यद्विश्रम्भाच्चिराच्चीर्णं चस्कन्द तप ऐश्वरम्॥ (भागवत: ५/६/३)
नित्यं ददाति कामस्य च्छिद्रं तमनु येऽरयः।
योगिनः कृतमैत्रस्य पत्युर्जायेव पुंश्चली॥ (भागवत: ५/६/४)

મન અતિ ચંચળ હોવાથી ક્યારેય મૈત્રી ન કરવી, કારણ કે જેનો વિશ્વાસ કરવાથી લાંબા સમયથી સંપાદન કરેલું મોટા મોટા ઈશ્વરોનું તપ નષ્ટ પામ્યું છે.

જેમ વ્યભિચારિણી સ્ત્રી જાર પુરુષ દ્વારા પોતાના પતિનો ઘાત કરે છે તેમ મનની મૈત્રી કરેલા યોગીનું મન કામને (પેસવા માટે) હંમેશાં અવકાશ આપે છે. પછી તે મન કામાદિ અંતઃશત્રુઓ દ્વારા યોગીને પથભ્રષ્ટ કરે છે.'

શ્રીહરિ વચ.લો.૧૪માં કહે છે :

"ઋષભદેવ ભગવાન વાસુદેવ સંગાથે એકાત્મતાને પામ્યા હતા તોપણ જ્યારે સિદ્ધિઓ આવી પ્રાપ્ત થઈઓ ત્યારે પોતે ભગવાન હતા તોપણ બીજા ત્યાગીની શિક્ષાને અર્થે તે સિદ્ધિઓને ગ્રહણ ન કરતા હવા."

ઋષભદેવે અંતે દેહ ત્યાગની ઈચ્છાથી દક્ષિણમાં કર્ણાટકમાં કુટકાચલના વનમાં પ્રવેશ કર્યો. મુખમાં પથરાનો ટુકડો રાખી દાવાનળમાં સ્વયં ભસ્મીભૂત થયા. ગુણાતીતાનંદ સ્વામી આનો ઉલ્લેખ કરતાં કહે છે :

"વાસના ટળે તોપણ દેહનો ભાવ રહી જાય. તે ઋષભદેવ ભગવાનનો દેહ પડવાનો થયો ત્યારે મુખમાં પાણાનો કોળિયો મૂક્યો, તે શાથી જે, ખાવાનો અભ્યાસ; માટે એ વાત પણ સમજવી." (સ્વા.વા.: ૧/૧૩૪)

ભગવાનનાં ચરિત્રોમાં દિવ્યભાવ દૃઢાવવા શ્રીહરિ ઋષભદેવની ક્રિયાનું દૃષ્ટાંત આપતાં કહે છે :

- *"અને જેમ ઋષભદેવ ભગવાન નિર્વિકલ્પ સમાધિએ કરીને ઉન્મત્ત થકા વિચર્યા ને મુખમાં પાણો રાખ્યો ને પોતાનો દેહ દાવાનળમાં બળી ગયો તોય ખબર ન રહી; એવી રીતે જે ગુણાતીત સ્થિતિ તે ભગવાનમાં જણાય તેમાં કોઈ સંશય ન થાય, તો એને જીવને વિશે નિશ્ચય જાણવો." (વચ.કા.૧)*
- *"તથા ઋષભદેવનો દેહ હતો તે દાવાનળને વિશે બળી ગયો એમ પણ થાય... એમ એ ભગવાનના જન્મ ને દેહ મૂક્યાની રીતિ તો અલૌકિક છે." (વચ.ગ.મ.૧૩)*
- *"ભગવાનના જે ઘણાક અવતાર થયા છે તેને એમ જાણીએ છીએ જે, એ સર્વે અવતાર નારાયણના છે, તોપણ તે અવતારમાં ઋષભદેવજી બહુ ગમે." (વચ.લો.૧૪)*

૧૦

કપિલમુનિ

બ્રહ્માએ પોતાના માનસપુત્ર કર્દમ ઋષિને સૃષ્ટિ રચવા આજ્ઞા કરી. કર્દમ-દેવહૂતિ થકી ૯ પુત્રીઓ જન્મી, જેમને બ્રહ્માના આદેશથી મરિચ્યાદિક પ્રજાપતિઓ સાથે પરણાવી. ત્યારબાદ ભગવાન કપિલમુનિરૂપે અવતર્યા. કર્દમ એકાંતમાં ભગવાનને મળ્યા ને કહ્યું: 'હું આપને શરણે છું. મને સંન્યાસ લેવાની રજા આપો.'

કપિલજી કહે: 'તમે સુખેથી જાઓ. બધાં કર્મ મને અર્પણ કરજો. તમારો મોક્ષ થશે.' કર્દમે વનમાં જઈ પરમપદ પ્રાપ્ત કર્યું.

હિંદુ ધર્મની માન્યતા મુજબ ભગવાને ૨૪ અવતાર મધ્યે પાંચમો અવતાર સાધુરૂપે કપિલમુનિ તરીકે ધારણ કર્યો, જેનો ઉલ્લેખ શ્રીહરિએ *વચ.વર.૧૦*માં કર્યો છે:

"શ્રીમદ્ ભાગવતના... એકાદશ સ્કંધને વિશે શ્રીકૃષ્ણ ભગવાન અને ઉદ્ધવના સંવાદે કરીને સાધુરૂપ જે દત્તાત્રેય, કપિલ આદિક ભગવાનના અવતાર તેનાં ત્રીસ લક્ષણ કહ્યાં છે. માટે જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું તેને તે તે લક્ષણે કરી તે ભગવાનને ઓળખીને તે ભગવાનને શરણે થવું ને તેનો દૃઢ વિશ્વાસ રાખવો ને તેની આજ્ઞામાં રહીને તેની ભક્તિ કરવી, એ જ કલ્યાણનો ઉપાય છે." (વચ.વર.૧૦)

તત્ત્વનિર્ણય કરનાર સિદ્ધાંતોનો સંગ્રહ સાંખ્યસૂત્ર ગ્રંથમાં કરી તેમણે વૈદિક ષડ્દર્શન પરંપરામાં સાંખ્ય દર્શનનો પાયો નાંખ્યો. એટલે જ શ્રીહરિએ તેમને વચનામૃતમાં નવાજ્યા છે. *વચ.વર.૨*માં સાંખ્યના આચાર્ય કહ્યા છે.

શ્રીહરિ તેમના વિશે કહે છે :

- *"એ સર્વે અવતાર નારાયણના છે, તોપણ તે અવતારમાં ઋષભદેવજી બહુ ગમે. તથા તેથી ઊતરતા કપિલજી તથા દત્તાત્રેય એ બે સરખા જણાય છે. ને એ ત્રણે અવતાર કરતાં કોટિ ઘણું શ્રીકૃષ્ણને વિશે અમારે હેત છે." (વચ.લો.૧૪)*
- *"જીવોના કલ્યાણને અર્થે આ ભરતખંડમાં ભગવાન અવતાર ધરે છે. તે ભગવાન જ્યારે રાજારૂપે હોય ત્યારે તો ઓગણચાળીશ લક્ષણે યુક્ત હોય અને દત્ત, કપિલ જેવા સાધુરૂપે હોય ત્યારે તો ત્રીસ લક્ષણે યુક્ત હોય." (વચ.વર.૧૩)*

કપિલજીએ માતાને ભાગવતના તૃતીય સ્કંધના અધ્યાય ૨૫ થી ૩૨ સુધી (૮ અધ્યાયો) ઉપદેશ આપ્યો, તે 'કપિલગીતા' તરીકે ઓળખાય છે.

*વચ.ગ.પ્ર.૫૪*માં મુક્તાનંદ સ્વામી શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછે છે: 'ભાગવત ધર્મનું પોષણ કેમ થાય અને જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું કેમ થાય?' તેના ઉત્તરમાં શ્રીહરિ કહે છે:

"સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાન તેણે સહિત જે ભગવાનની ભક્તિ તેણે યુક્ત એવા જે ભગવાનના એકાંતિક સાધુ તેના પ્રસંગ થકી ભાગવત ધર્મનું પોષણ થાય છે અને વળી જીવને મોક્ષનું જે દ્વાર તે પણ એવા સાધુના પ્રસંગ થકી ઉઘાડું થાય છે. તે કપિલદેવ ભગવાને દેવહૂતિ પ્રત્યે કહ્યું છે જે,

'प्रसङ्गमजरं पाशमात्मनः कवयो विदुः।
स एव साधुषु कृतो मोक्षद्वारम् अपावृतम्॥ (भागवत: ३/२५/२०)

'જેવો એ જીવને પોતાનાં સંબંધીને વિષે દૃઢ પ્રસંગ છે તેવો ને તેવો જ પ્રસંગ જો ભગવાનના એકાંતિક સાધુને વિષે થાય તો એ જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે.'"

કપિલગીતામાં કપિલમુનિએ દેવહૂતિને ભગવાનની સ્વરૂપનિષ્ઠા દૃઢાવતાં કહ્યું છે:

'मद्भयाद् वाति वातोऽयं सूर्यस्तपति मद्भयात्।
वर्षतीन्द्रो दहत्यग्निर् मृत्युश्चरति मद्भयात्॥ (भागवत: ३/२५/४२)

મારા ભયથી આ પવન વાય છે, સૂર્ય તપે છે, ઈન્દ્ર વર્ષે છે, અગ્નિ બાળે છે અને મૃત્યુ પણ મારા ભયથી (પ્રાણીઓમાં) વિચરે છે.'

આ શ્લોકનો સંદર્ભ લઈ શ્રીહરિ લો.૧૬માં કહે છે:

"ભગવાનનું માહાત્મ્ય જેમ કપિલદેવજીએ દેવહૂતિ પ્રત્યે કહ્યું છે જે, 'મદ્‌ભયાદ્વાતિ વાતોऽયં સૂર્યસ્તપતિ મદ્‌ભયાત્।' એવી રીતે અનંત પ્રકારના માહાત્મ્યે સહિત એવી જે ભગવાનની ભક્તિ તે જેને હોય તેના દોષમાત્ર ટળી જાય છે ને તેને જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ એ ન હોય તોપણ એ સર્વે આવે છે, માટે એ સાધન સર્વમાં મોટું છે."

સાંખ્યનું જ્ઞાન પામીને દેવહૂતિ માતા કપિલદેવજીનો મહિમા કહે છે:

'यन्नामधेयश्रवणानुकीर्तनाद् यत्प्रह्वणाद् यत्स्मरणादपि क्वचित्।
श्वादोऽपि सद्यः सवनाय कल्पते कथं पुनस्ते भगवन्नु दर्शनात्॥

હે ભગવન્! ક્યારેક આપના નામનું શ્રવણ કીર્તન કરવાથી, આપને પ્રણામ કરવાથી અને આપનું સ્મરણ કરવાથી શ્વપચ પણ તત્કાળ યજ્ઞ કરવાને માટે યોગ્ય થાય છે (પવિત્ર થાય છે), તો આપનાં દર્શનથી પવિત્ર અને કૃતાર્થ થાય તેમાં શું કહેવું?'

'अहो बत श्वपचोऽतो गरीयान् यज्जिह्वाग्रे वर्तते नाम तुभ्यम्।
तेपुस्तपस्ते जुहुवुः सस्नुरार्या ब्रह्मानूचुर्नाम गृणन्ति ये ते॥

(भागवत : ३/३३/६,७)

આ એક આશ્ચર્યની વાત છે કે જે શ્વપચની જીભ પર આપનું નામ વર્તે છે, તેથી તે શ્વપચ પણ સર્વથી મહાન બને છે. વળી, જેઓ આપનું નામ લે છે, તેમણે તપ કર્યું છે, તેમણે હોમ કર્યો છે, તેમણે તીર્થમાં સ્નાન કર્યું છે, તે આર્ય છે (સદાચારવાળા) અને તેમણે વેદનો અભ્યાસ કર્યો છે.'

ભગવાનના નામસ્મરણના મહિમાના આ શ્લોકોનો ઉલ્લેખ કરતાં ભગવાન સ્વામિનારાયણ કહે છે:

પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, "હે મહારાજ! ભગવાનની જે ભક્તિ છે તેમાં કોઈ રીતનું વિઘ્ન ન થાય એવી કઈ ભક્તિ છે ને જે ભક્તિમાં કાંઈક વિઘ્ન થાય છે તે કઈ જાતની ભક્તિ છે?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "તૃતીય સ્કંધમાં કપિલગીતાને વિશે માતા દેવહૂતિએ કપિલજી પ્રત્યે કહ્યું છે જે, યન્નામધેય... તથા અહો બત... એ બે શ્લોકે કરીને જેવું ભગવાનનું માહાત્મ્ય કહ્યું છે તથા કપિલજીએ માતા દેવહૂતિ પ્રત્યે પોતાનું માહાત્મ્ય કહ્યું છે જે –

મદ્ભયાદ્વાતિ વાતોઽયં સૂર્યસ્તપતિ મદ્ભયાત્ ।
વર્ષતીન્દ્રો દહત્યગ્નિર્મૃત્યુશ્ચરતિ મદ્ભયાત્ ॥

એવી રીતે માહાત્મ્ય સહિત ભગવાનની ભક્તિ હોય તેમાં તો કોઈ જાતનું વિઘ્ન આવે નહીં ને માહાત્મ્ય જાણ્યા વિના પ્રાકૃત બુદ્ધિએ કરીને જો ભક્તિ કરે તો તેમાં વિઘ્ન આવે છે.'' (વચ.ગ.અં.૫)

દેવહૂતિને કપિલગીતાનો ઉપદેશ આપી કપિલમુનિ ચાલી નીકળ્યા.[૪] અને કોલકાતા પાસે આજે ગંગાસાગર તરીકે ઓળખાતા સ્થાને પહોંચ્યા. આ સ્થાન તેમને ગમ્યું. તેઓ સમુદ્રમાં રહી તપશ્ચર્યા કરવા લાગ્યા. વર્ષમાં એક વાર મકરસંક્રાંતિએ સાગરે ત્યાંથી દૂર જવાનો કોલ આપ્યો, જેથી લોકો દર્શને આવી શકે. આજે પણ મકરસંક્રાંતિએ હજારો લોકો અહીં કપિલમુનિના આશ્રમે દર્શને આવે છે. આ સ્થાનનો મહિમા કહેવાય છે: *'સબ તીરથ બારબાર, ગંગાસાગર એક બાર.'*

નીલકંઠવર્ણી પણ વનવિચરણ સમયે અહીં કપિલમુનિના આશ્રમે પધાર્યા હતા. કપિલમુનિએ મૂર્તિમાંથી પ્રગટ થઈને તેમનું વંદન-પૂજન કર્યું હતું. નીલકંઠવર્ણીએ તેમને વચન આપ્યું હતું કે 'હું તમારા સિદ્ધાંત સાંખ્યનો યોગ સાથે સમન્વય કરી પ્રવર્તાવીશ.'

સગર રાજાના અશ્વમેધ યજ્ઞનો ઘોડો ચોરી ઈન્દ્રે અહીં કપિલમુનિના આશ્રમે બાંધી દીધો હતો. ઘોડો શોધતાં શોધતાં સગર રાજાના ૬૦,૦૦૦ પુત્રો અહીં આવી ચડ્યા. ઋષિને સમાધિમાં બેઠેલા જોઈ તેમને જ ઢોંગી ચોર માની અપમાન કરી માર માર્યો. ઋષિએ ક્રોધાગ્નિથી તેમને ભસ્મીભૂત કર્યા. ગંગા-જળના સ્પર્શથી જ તેમની સદ્ગતિ થાય. તેથી સગરપૌત્ર અંશુમાન, તેમના પુત્ર દિલીપ, તેમના પુત્ર ભગીરથ – આમ ત્રણ પેઢીની તપશ્ચર્યાના ફળરૂપે સ્વર્ગમાંથી ગંગાજી પૃથ્વી પર અવતર્યા. ભગીરથે ગંગાજીને ગંગોત્રીથી અહીં ગંગાસાગર પહોંચાડી પોતાના પૂર્વજોનો મોક્ષ કર્યો. તેથી ગંગા 'ભાગીરથી' પણ કહેવાય છે. અતિ કઠિન પુરુષાર્થને 'ભગીરથ પુરુષાર્થ' કહેવાય છે.

---

૪. માતા બિંદુ સરોવરે રહી ભગવાનનું ધ્યાન કરતાં બ્રહ્મને પ્રાપ્ત થયાં. તેમનું શરીર નદીરૂપ બની ગયું. તે સ્થળ સિદ્ધપદ કે સિદ્ધપુર કહેવાય છે. માતૃગયા તરીકે પ્રસિદ્ધ આ સ્થાનમાં લોકો માતૃશ્રાદ્ધ કરવા આવે છે.

૧૧
દત્તાત્રેયજી

બ્રહ્માના માનસપુત્ર અત્રિ ઋષિએ સૃષ્ટિની વૃદ્ધિ માટે ભગવાનની આરાધના કરી ત્યારે વિષ્ણુ ભગવાને પ્રસન્ન થઈ વરદાન આપ્યું કે 'दत्तः मत्स्वरूपं मया' અર્થાત્ 'હું મારું સ્વરૂપ તમને આપું છું.' ભગવાન દ્વારા અપાયેલું સ્વસ્વરૂપ તેથી दत्तः અને અત્રિ ઋષિના પુત્ર હોવાથી આત્રેય. આમ, દત્તાત્રેય નામ પડ્યું. તેઓ માગશર સુદ પૂનમના રોજ, માતા મહાસતિ અનસૂયાના ઉદરમાં નિવાસ કર્યા સિવાય પ્રગટ થયા. હિંદુ ધર્મની માન્યતા મુજબ ભગવાનના ૨૪ અવતારોમાં દત્તાત્રેય ભગવાનનો સમાવેશ થાય છે.

સત્યુગમાં પ્રગટ થયેલા દત્તાત્રેયજી બ્રહ્માંડમાં સતત વિચરતા રહે છે. તેઓ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનું સંયુક્ત સ્વરૂપ છે. આદિમાં બ્રહ્મા, મધ્યમાં વિષ્ણુ અને અંતમાં શિવના મુખવાળું તેમનું મસ્તક છે. દત્તાત્રેયજી પાસે ચાર કૂતરા હોય છે, અર્થાત્ ચાર વેદો તેમની સેવામાં રહે છે.

દત્તાત્રેયની ૨૪ ગુરુઓ પાસેથી બોધગ્રાહક દૃષ્ટિ

ભાગવતમાં દત્તાત્રેય અને યદુરાજાનો સંવાદ છે. તેમાં દત્તાત્રેય ૨૪ ગુરુ કરે છે તેની વિશદ છણાવટ છે. અહીં તે ૨૪ ગુરુઓ અને તેના થકી પ્રાપ્ત બોધ સારરૂપે મૂક્યો છે :

(૧) **પૃથ્વી, વૃક્ષો-પર્વતો :** ક્ષમા, પરોપકાર. (૨) **વાયુ :** સંતોષ, અસંગ-વૃત્તિ અને નિષ્કામ કર્મયોગ. (૩) **આકાશ :** નિરંજનતા, નિરાકારતા, વ્યાપકતા, અનંતતા. (૪) **જળ :** શીતળતા, મધુરતા ને પવિત્રતા. (૫) **અગ્નિ :** તેજસ્વિતા, તપસ્વિતા, અપરિગ્રહ અને પાવકતા. (૬) **ચંદ્ર :** શાંતિ, સમતા,

ઉદારતા અને સહજ વિકાસ. (૭) **કબૂતર** : સંતાનોમાં અતિ આસક્તિ ન રાખવી. (૮) **અજગર** : આપમેળે જે ભોજન મળે તે ખાઈ સંતુષ્ટ રહેવું. (૯) **સમુદ્ર** : ઉપરથી પ્રસન્ન, અંદરથી ગંભીર રહેવું. નદીઓનું પાણી આવે તો પણ છલકાય નહીં, ન આવે તો સુકાય નહીં. તેમ સમૃદ્ધિ મળે કે જતી રહે પણ હર્ષ-શોક ન કરવો. (૧૦) **પતંગિયું** : સંસારના પદાર્થોમાં મોહાંધ ન થવું. (૧૧) **ભ્રમર** : માધુકરી વૃત્તિ, સારગ્રહણ અને અપરિગ્રહ (૧૨) **હાથી** : સ્ત્રીમાં આસક્ત ન થવું. (૧૩) **પારધી** : મધમાખી મધ ભેગું કરે છે. ન પોતે ભોગવે છે, ન બીજાને ભોગવવા દે છે. તેમ લોભિયાનું ધન બીજો કોઈક ભોગવે છે. (૧૪) **હરણ** : શબ્દાસક્તિ પ્રાણ હરી લે છે. (૧૫) **માછલી** : સ્વાદલોલુપતા ન રાખવી. (૧૬) **પિંગલા વેશ્યા** : આશા મનુષ્યને લોલુપ અને દીન બનાવે છે. આશાને જીતનાર પરમ સુખી બને છે. (૧૭) **સમડી** : અપરિગ્રહ, ત્યાગભાવના. (૧૮) **બાળક** : સહજતા, નિર્દોષતા, સદા સ્મિત. (૧૯) **કન્યા** : સાધકે હંમેશાં નિઃસંગ રહેવું. (૨૦) **લુહાર** : પરમાત્મામાં એકાગ્રતા, ભગવન્મય બનવાની પ્રેરણા. (૨૧) **સર્પ** : એકાકી, અલ્પભાષી, અંતર્મુખ, ગંભીરતા. કોઈ સ્થાનમાં મમતા ન રાખવી. (૨૨) **કરોળિયો** : પોતાની જ કર્મસૃષ્ટિમાં પોતે વિહરવાનું છે. (૨૩) **ઈયળ** : ઈયળ ભમરીના ધ્યાને ભમરી થાય છે, તેમ ભગવાનનું ધ્યાન કરવાથી જીવભાવ ટળે છે. (૨૪) **શરીર** : દેહ એક મંદિર છે. દેહનો ઉપયોગ ભોગ માટે નથી, પણ પ્રભુ પ્રાપ્તિ માટે છે.

શ્રીહરિએ ગુણગ્રાહક દૃષ્ટિ અંગે દત્તાત્રેયને યાદ કર્યા છે :

"જેમ દત્તાત્રેયે પંચભૂત, ચંદ્રમા, પશુ, વેશ્યા, કુમારી, પોતાનો દેહ ઈત્યાદિક સર્વેમાંથી પણ ગુણ લીધા. એવી રીતે સંતમાં જેને ગુણ ગ્રહણ કર્યાનો સ્વભાવ હોય તેનો જ સત્સંગમાં દૃઢ પાયો થાય છે અને જેને સંતમાં ગુણ લીધાનો સ્વભાવ ન હોય તે સત્સંગમાં રહ્યો છે તોપણ એનો દૃઢ પાયો નથી." (વચ.લો.૫)

નીલકંઠવર્ણી વનવિચરણ દરમ્યાન જૂનાગઢમાં ગિરનાર પર્વત પર દત્તાત્રેયની ટૂક પર ગયા હતા. ત્યાં ૧૨ વર્ષથી દત્તાત્રેયનાં પ્રત્યક્ષ દર્શન માટે તપ કરતા એક તપસ્વીને તેમણે દત્તાત્રેયરૂપે દર્શન આપ્યાં હતાં.

વિભાગ - ૨

મહર્ષિઓ, રાજર્ષિઓ, ભક્તો

૧૨

વેદવ્યાસજી

ન કેવળ હિંદુ સમાજ, પરંતુ માનવજાતના 'આદિગુરુ' અને ભગવાનના વિભૂતિ અવતાર વેદવ્યાસનો જન્મ પરાશર ઋષિ અને મત્સ્યકન્યા સત્યવતી થકી થયો હતો. બેટ પર પ્રસૂતિ થવાથી તેમને દ્વૈપાયન પણ કહે છે.

શ્રીહરિ વ્યાસજીનું વર્ણન કરતાં કહે છે : *"ભગવાને...વ્યાસાવતાર ધાર્યો ત્યારે તે વ્યાસ કાળા હતા ને શરીરમાં મુવાળા ઘણા હતા ને શરીર ગંધાતું હતું." (વચ.લો.૧૮).* શરીરે કાળા હોવાથી તેઓ 'કૃષ્ણ' કહેવાયા. જન્મ બાદ તેઓ તપ કરવા બદરિકાશ્રમ ગયા તેથી 'બાદરાયણ' કહેવાયા. વેદને ચાર ભાગમાં વિભાજિત કર્યા, વેદના વ્યાસ કરવાથી 'વેદવ્યાસ' કહેવાયા. તેમની જન્મ જયંતી વૈશાખી પૂર્ણિમાએ છે, પરંતુ આષાઢી પૂર્ણિમાને વ્યાસપૂર્ણિમા કે ગુરુપૂર્ણિમા તરીકે ઊજવી તેમના અનંત ઉપકારોની સ્મૃતિરૂપે અંજલિ અર્પણ કરવામાં આવે છે.

સાહિત્ય-સર્જન

વિશ્વને પરમ કલ્યાણનો માર્ગ ચીંધનાર સાહિત્ય-સર્જન ક્ષેત્રમાં વેદવ્યાસ તુલ્ય કોઈ મહાપુરુષ અન્ય કોઈ ધર્મમાં, સંસ્કૃતિમાં આજ દિન સુધી પ્રગટ થયા નથી ને થશે પણ નહીં. તેમણે વેદના વિભાગ કર્યા. વેદ વાંચવાનો અધિકાર કેવળ બ્રાહ્મણોને હતો. તેથી સ્ત્રીઓ અને શૂદ્રો વેદજ્ઞાનને સમજી આત્મસાત્ કરી શકે તે માટે તેમણે પંચમ વેદ સમાન ઇતિહાસ ગ્રંથ મહાભારત રચ્યો. ત્રણ વર્ષ સતત જાગીને, ગણપતિજીને લહિયા તરીકે સેવામાં પ્રેરી, તેમણે એક લાખ શ્લોકોનો મહાભારત ગ્રંથ રચ્યો. મહાભારતમાં

કેવળ યુદ્ધકથા નથી; પરંતુ માનવજીવનમાં લોભ, ઈર્ષ્યા, કપટ વગેરે દોષો, અધર્મ કેવો વિનાશ નોતરે છે અને જે પક્ષમાં ભગવાન હોય ત્યાં જ ધર્મ હોય અને તે જ પક્ષનો વિજય થાય છે; તે વાત તેમણે પાંડવો-કૌરવોની કથા દ્વારા સમજાવી છે.

ઘણા માને છે કે મહાભારતની યુદ્ધકથા વાંચવાથી મનુષ્ય હિંસક બને, ગ્રંથ રાખવાથી મહાભારતની જેમ ઝઘડા થાય; પરંતુ વાસ્તવિકતા તદ્દન વિપરીત છે. અન્ય લૌકિક યુદ્ધકથા વાંચવાથી આમ થવું સહજ-સ્વાભાવિક છે, પરંતુ મહાભારતમાં લોભ, ઈર્ષ્યા, કપટની વાર્તા સાંભળી, આવા અધર્મથી દૂર રહી, સદાચારમય જીવન જીવવાની પ્રેરણા મળે છે. આ યુદ્ધકથા વાંચી-સાંભળી જીવનમાં શાંતિમય જીવન જીવવાની પ્રેરણા મળે છે. આ જ ભારતવર્ષના ધર્મગ્રંથોની વિલક્ષણ તાકાત છે.

મહાભારતમાં અન્ય ઘણાં દૃષ્ટાંતો, પ્રસંગો, કથાઓ દ્વારા જીવન ઉપયોગી બોધ મળે છે. સમાજ ઉપયોગી વિવિધ ક્ષેત્રોનું જ્ઞાન હોવાથી વિશ્વકોશ સમાન મહાભારત માટે વેદવ્યાસે લખ્યું છે: 'यदिहास्ति तदन्यत्र। यन्नेहास्ति न तत् क्वचिद्।' અર્થાત્ 'જે અહીં (મહાભારતમાં) છે તે જ સર્વત્ર વિશ્વમાં છે. જે અહીં (મહાભારતમાં) નથી તે બીજે ક્યાંય નથી.' મહાભારત કથામાં વેદવ્યાસ જીવંતપાત્ર પણ છે તથા સમસ્ત ગ્રંથમાં સાત પેઢીનું દર્શન કરનાર મૂક પ્રેક્ષક પણ છે.

વેદવ્યાસે વેદના બીજરૂપ ગૂઢજ્ઞાનને આખ્યાનો-કથાઓ-અવતારચરિત્રો દ્વારા સરળતાથી નવી રીતે રજૂ કરવા 'पुरा नव इति पुराणम्' સત્તર પુરાણ-ગ્રંથો લખ્યા. આટલું કલ્યાણપ્રદ સાહિત્ય રચ્યા બાદ પણ વ્યાસજીને અંતરમાં શાંતિ, સંતોષ ન થયાં (ભાગવત પ્રથમ સ્કંધ).

નારદજીએ કહ્યું: 'તમે ધર્મ-અર્થ-કામ વગેરે પુરુષાર્થોનું નિરૂપણ ખૂબ કર્યું, પરંતુ તે તો લોકો સહેજે સહેજે આચરે જ છે. તમે હજુ સુધી ભગવાનના મહિમા, યશનું ગાન નથી કર્યું. મોક્ષનું સાધન એવું નૈષ્કર્મ્ય જ્ઞાન પણ જો ભક્તિરહિત હોય તો શોભતું નથી. માટે જેમાં ભગવાનનો યશ, મહિમા, ગુણો શબ્દે શબ્દે પ્રગટ થાય તેવો ભક્તિસભર પ્રગટ શ્રીકૃષ્ણનાં લીલા-ચરિત્રોનો ગ્રંથ રચો. તે જ તમારા વેદાધ્યયન, જ્ઞાન, તપનું ફળ છે.'

વ્યાસજીએ સત્તર પુરાણોમાં પરોક્ષ અવતારનાં ચરિત્રો વર્ણવ્યાં હતાં,

પરંતુ પ્રગટ શ્રીકૃષ્ણનાં ચરિત્રોનું વર્ણન શ્રીમદ્‌ભાગવત પુરાણમાં કર્યું ત્યારે તેમને શાંતિ થઈ. શ્રીહરિ આનો ઉલ્લેખ કરતાં વચનામૃતમાં કહે છે:

"વ્યાસજી તેણે જીવના કલ્યાણને અર્થે વેદનો વિભાગ કર્યો ને સત્તર પુરાણ કર્યાં ને મહાભારત કર્યું, તોપણ તે વ્યાસજીના મનમાં એમ થયું જે, 'જીવના કલ્યાણનો ઉપાય જેમ છે તેમ યથાર્થ ન કહેવાયો.' ને તેણે કરીને પોતાના મનમાં સંતોષ ન થયો. તે પછી સમગ્ર વેદ, પુરાણ, ઈતિહાસ, પંચરાત્ર, યોગશાસ્ત્ર, સાંખ્યશાસ્ત્ર તેનું સાર એવું જે શ્રીમદ્‌ભાગવત પુરાણ તેને વ્યાસજી કરતા હવા." (વચ.વર.૧૮)

વ્યાસજીના પુત્ર શુકદેવજી થયા. તેઓ આત્મનિષ્ઠ બ્રહ્મરૂપ હતા છતાં અંતર શુષ્ક ન થાય તે સારુ વ્યાસજીએ એમને ભક્તિસભર શ્રીમદ્‌ભાગવત ભણાવ્યું.

ભગવાન સ્વામિનારાયણે વેદવ્યાસને 'આદિ આચાર્ય' તરીકે વચનામૃતમાં માન્ય કર્યા છે :

- *"અને સર્વે જે આચાર્ય થયા છે તેમાં વ્યાસજી મોટા આચાર્ય છે ને તે વ્યાસજી જેવા તો શંકરાચાર્ય ન કહેવાય, રામાનુજાચાર્ય ન કહેવાય, મધ્વાચાર્ય ન કહેવાય, નિમ્બાર્ક ન કહેવાય, વિષ્ણુસ્વામી ન કહેવાય, વલ્લભાચાર્ય ન કહેવાય; કેમ જે, એ આચાર્ય જો વ્યાસજીના વચનને અનુસરે તો એ આચાર્યના વચનનું લોકમાં પ્રમાણ થાય, નહીં તો ન થાય. ને વ્યાસજીને તો બીજા કોઈની અપેક્ષા નથી; કેમ જે, વ્યાસજી તો વેદના આચાર્ય છે ને પોતે ભગવાન છે. માટે આપણે તો વ્યાસજીના વચનને જ અનુસરવું." (વચ.વર.૧૮)*

  "અમારા સંપ્રદાયમાં અતિ પ્રમાણરૂપ જે શાસ્ત્ર છે તેને જાણવાં. તે શાસ્ત્રનાં નામ વેદ ૧, વ્યાસસૂત્ર ૨, શ્રીમદ્‌ભાગવત પુરાણ ૩, મહાભારત વિશે વિષ્ણુસહસ્રનામ ૪, ભગવદ્‌ગીતા ૫, વિદુરનીતિ ૬, સ્કંદપુરાણના વિષ્ણુખંડ માંહેલું વાસુદેવમાહાત્મ્ય ૭ અને યાજ્ઞવલ્ક્યસ્મૃતિ ૮; એ જે આઠ શાસ્ત્ર તેને જાણવાં." (વચ.વર.૧૮)

આ આઠ માન્ય શાસ્ત્રોમાં પ્રથમ સાત વેદવ્યાસ રચિત છે. શ્રીહરિ પણ વેદવ્યાસના ગ્રંથોને એકાગ્રતાથી સાંભળતા. તેઓ કહે છે :

- *"જેટલા કલ્યાણને અર્થે વ્યાસજીએ ગ્રંથ કર્યા છે તે સર્વે*

રાખીને અમે સાંભળ્યા." (વચ.ગ.મ.૨૧)

- *"અમે વ્યાસજીના કરેલા જે સર્વે ગ્રંથ તે સાંભળ્યા ને પછી પૂર્વાપર વિચારીને જોયું." (વચ.ગ.મ.૬૪)*

વેદવ્યાસજીના ગ્રંથથી વિપરીત કોઈ તત્ત્વજ્ઞાન, સિદ્ધાંત, સમજણ ભગવાન સ્વામિનારાયણ સ્વીકારતા નહીં તેનો ઉલ્લેખ બે વચનામૃતોમાં આવે છે:

(૧) *શ્રીજીમહારાજ પાસે એક માધ્વી સંપ્રદાયનો વિદ્વાન બ્રાહ્મણ આવ્યો. તેને શ્રીજીમહારાજે પૂછ્યું જે, "તમારા સંપ્રદાયના ગ્રંથને વિશે... એમ કહ્યું છે જે, 'મહાપ્રલયમાં પણ વૃંદાવનનો નાશ થતો નથી.' ને શિવમાર્ગી હોય તે એમ કહે છે જે, 'મહાપ્રલયમાં કાશીનો નાશ નથી થતો.' ...જો મહાપ્રલયમાં વૃંદાવન અખંડ રહેતું હોય તો તેના પ્રમાણનો વ્યાસજીના ગ્રંથનો શ્લોક તથા વેદની શ્રુતિ તે કહી સંભળાવો. શા માટે જે, વ્યાસજીથી બીજા કોઈ મોટા આચાર્ય નથી અને બીજા તો જે જે આચાર્ય થયા છે તેમણે વ્યાસજીના કરેલા ગ્રંથને આશરીને પોતપોતાના સંપ્રદાય ચલાવ્યા છે. માટે આદિ આચાર્ય જે વ્યાસજી તેનાં જે વચન તે સર્વ આચાર્યનાં વચન કરતાં અતિ પ્રમાણ છે." (વચ.ગ.અં.૧૦)*

(૨) *પછી શ્રીજીમહારાજે એક વેદાંતી બ્રાહ્મણ આવ્યો હતો તેને પ્રશ્ન પૂછ્યો જે, "તમે એક બ્રહ્મનું પ્રતિપાદન કરો છો ને તે વિના જે જીવ, ઈશ્વર, માયા અને જગત તથા વેદ, શાસ્ત્ર, પુરાણ તે સર્વેને મિથ્યા કહો છો, એ વાત અમને સમજાતી નથી તથા માન્યામાં આવતી નથી; માટે તમને પૂછીએ છીએ તેનો ઉત્તર કરો. તે વેદ, શાસ્ત્ર, પુરાણ, સ્મૃતિ ને ઈતિહાસ તેની સાખ્યે કરીને કરો, પણ કોઈક કલ્પિત ગ્રંથને વચને કરીને કરશો તો અમે તેને નહીં માનીએ અને જો વ્યાસજીને વચને કરીને કરશો તો અમારા માન્યામાં આવશે, કેમ જે, અમારે વ્યાસજીના વચનમાં દૃઢ પ્રતીતિ છે." (વચ.ગ.પ્ર.૩૯)*

૧૩

શુકદેવજી

વેદવ્યાસના પુત્ર શુકદેવજી પરમહંસ માત્રના ગુરુ, બાળયોગી ને જીવન-મુક્ત કહેવાય છે. તેમના જન્મ સંબંધી અનેક કથાઓ છે. એક કથા મુજબ, જ્યારે પૃથ્વી પર શ્રીકૃષ્ણ અને રાધિકાજીનું અવતરણ થયું ત્યારે રાધિકાજીનો ક્રીડાશુક એટલે કે મિત્ર સમાન પોપટ પૃથ્વી પર આવ્યો હતો.

અન્ય કથા મુજબ વ્યાસજી ને તેમનાં પત્ની વટિકાની તપસ્યાના ફળરૂપે શિવજીએ આપેલા વરદાનથી પુત્રરૂપે શુકદેવજી થયા.

ત્રીજી કથા એવી છે : એક સમયે શિવજીને પાર્વતીજીએ વિનંતી કરી : 'મને બ્રહ્મજ્ઞાન સંભળાવો.'

શિવજીએ ડમરુનો નાદ કર્યો. તેથી વનનાં તમામ પશુ-પંખીઓ દૂર જતાં રહ્યાં. એક નવજાત પોપટના બચ્ચાને પાંખો ફૂટી ન હોવાથી તે બેસી રહ્યું. શિવજી આંખો મીંચી બ્રહ્મજ્ઞાન આપવા માંડ્યા. પાર્વતીજીની સાથે પોપટનું બચ્ચું પણ તે સાંભળતું હતું. પાર્વતીજી હોંકારો દેતાં હતાં. થોડીવારે તેઓ નિદ્રાવશ થયાં ત્યારે પોપટનું બચ્ચું હોંકારો દેવા માંડ્યું. જ્યારે શિવજીને આ વાતની જાણ થઈ, ત્યારે તેમણે પોપટના બચ્ચાને મારવા ત્રિશૂળ ઉગામ્યું. પોપટનું બચ્ચું સૂક્ષ્મરૂપ ધારી વ્યાસપત્ની વટિકાના મુખ દ્વારા ઉદરમાં જતું રહ્યું, જે શુકદેવજી તરીકે જન્મ્યા.

માતાના ગર્ભથી બહાર આવે તો પોતાને માયા સ્પર્શી જાય તે ડરથી શુકદેવજી યોગશક્તિ વડે સૂક્ષ્મરૂપ ધારી વટિકાના ગર્ભમાં સોળ વર્ષ સુધી રહ્યા. વેદવ્યાસજીની વિનંતીથી બહાર આવ્યા. જન્મ થતાં જ, સંસારમાં મોહ ન થાય તેથી માતા-પિતાની સાથે ચાર આંખો ભેગી ન થવા દીધી ને વનમાં

તપસ્યા કરવા દોડ્યા. વ્યાસજી પુત્રપ્રેમને વશ થઈ તેમની પાછળ દોડ્યા. રસ્તામાં દેવાંગનાઓ સરોવરમાં દિગંબર અવસ્થામાં સ્નાન કરતી હતી. શુકજી પસાર થયાં છતાં તેમણે વસ્ત્ર ન પહેર્યાં, પરંતુ વ્યાસજી આવ્યા ત્યારે તેમણે તુરંત પહેરી લીધાં. વ્યાસજીએ કારણ પૂછતાં તેમણે કહ્યું: 'શુકજીની બ્રહ્મદષ્ટિ હોવાથી તેમને સ્ત્રી-પુરુષનું ભાન નથી.' વ્યાસજીને પુત્ર પ્રત્યે અહોભાવ થયો.

વ્યાસજીએ પુત્રને શોધવા સ્થાવર-જંગમ સૃષ્ટિમાં રહી 'હે પુત્ર! હે પુત્ર!' તેવો સાદ કર્યો. સામે શુકજી વૃક્ષમાં રહી બોલ્યા. શ્રીહરિ વચનામૃતમાં કહે છે:

- *"જેમ વ્યાસજી એક હતા તેણે શુકજીને સાદ કર્યો ત્યારે સ્થાવર-જંગમ સર્વે જીવમાં રહીને સાદ કર્યો અને શુકજીએ હુંકારો દીધો ત્યારે પણ સ્થાવર-જંગમ સર્વે સૃષ્ટિમાં રહીને હુંકારો દીધો. એવી રીતે શુકજી જેવા મોટા સિદ્ધ હોય તે પણ જે સર્વ જગતમાં વ્યાપવાને સમર્થ થાય છે."* (વચ.લો.૪)
- *"શુકજી વૃક્ષમાં રહીને બોલ્યા હતા."* (વચ.ગ.પ્ર.૬૮)

શુકજી પાછા નહીં આવે તે જાણી વ્યાસજીએ તેમને જનક રાજાને ગુરુ કરવા કહ્યું. શુકજીનો વૈરાગ્ય, આત્મનિષ્ઠા, સાધુતાને ભગવાન સ્વામિનારાયણે બિરદાવ્યાં છે: *"શુકજીના જેવો તથા જડભરતના જેવો તો અમારે વૈરાગ્ય છે ને આત્મનિષ્ઠા છે."* (વચ.લો.૧૪)

શ્રીહરિ અગ્રગણ્ય સંતો પણ શુકજીના સાધુતાના માર્ગે ચાલવા પ્રેરાતા. *વચ.ગ.મ.૨૯*માં મહારાજના કહેવાથી મુક્તાનંદ સ્વામી પોતાના ક્રોધશમનનો વિચાર જણાવતાં કહે છે: *"શુકજી ને જડભરત જેવા સંતનો માર્ગ જોઈને એમ વિચાર રહે છે જે, સાધુમાં એવો અયોગ્ય સ્વભાવ ન જોઈએ."*

આત્મનિષ્ઠ શુકદેવજી ભક્તિસભર ભાગવત ભણ્યા

આત્મનિષ્ઠ શુકદેવજીનું જીવન પરમ વૈરાગ્યમય હતું. જંગલમાંથી તેઓ ગોદોહન માત્ર જ વસતીમાં આવતા. પિતા વેદવ્યાસજીને થયું કે ભક્તિ વિના કેવળ જ્ઞાન ભારરૂપ લાગશે ને કેવળ ધર્મકર્મ વેઠ લાગશે. ભક્તિની ભીનાશ વિનાનો કેવળ વૈરાગ્ય પણ દઝાડશે. માટે ભક્તિસભર ભાગવત ભણાવવા શુકદેવજીને વનમાંથી પાછા લાવવા વ્યાસજીએ પોતાના શિષ્યોને ભાગવતના કૃષ્ણચરિત્રના શ્લોકો શીખવી વનમાં મોકલ્યા. તેઓએ શુકજી સમીપ જઈને

શ્રીકૃષ્ણની શૃંગારસહિત મૂર્તિનું વર્ણન કરતાં શ્લોકોનું ગાન કર્યું:

'बर्हापीडं नटवरवपुः कर्णयोः कर्णिकारं
बिभ्रद् वासः कनककपिशं वैजयन्तीं च मालाम्।
रन्ध्रान् वेणोरधरसुधया पूरयन् गोपवृन्दैर्
वृन्दारण्यं स्वपदरमणं प्राविशद् गीतकीर्तिः॥ (भागवतः १०/२१/५)

શિર પર મોરપિંછ, બેઉ કાને કરેણનાં ફૂલ, ગળામાં વૈજયંતી માળા તથા પીળા અને શ્યામ મિશ્રિત રંગનાં વસ્ત્ર ધારણ કરેલા, વાંસળીના સૂર છેડતા નટવર તનુધારી ભગવાન શ્રીકૃષ્ણ, ગોપવૃંદ દ્વારા મહિમા ગવાતા થકા પોતાની રમણરેતી વૃંદારણ્યમાં પ્રવેશ્યા.'

શ્રીકૃષ્ણનાં અદ્ભુત રૂપ તથા ગુણોનું વર્ણન સાંભળી ધ્યાનસ્થ શુકજીની આંખો ખૂલી ગઈ. મુખમાંથી 'વાહ!' સરી પડ્યું.

શુકદેવજીએ શિષ્યોને પૂછ્યું: 'આવું અદ્ભુત વર્ણન કોનું છે? કોણે આવા સુંદર શ્લોકો બનાવ્યા છે?'

શિષ્યો કહે: 'આ શ્રીકૃષ્ણનું વર્ણન છે. તમારા પિતા વેદવ્યાસજીએ તો આવા ૧૮,૦૦૦ શ્લોકોનું ભાગવત પુરાણ રચેલું છે. તમે તે ભણવા પાછા ઘેર ચાલો.'

શુકદેવજી વેદવ્યાસજી પાસે આવી, વિધિવત્ ભાગવત ભણ્યા ને પરીક્ષિત રાજાને તેની કથા સંભળાવી સાત દિવસમાં તેમનો મોક્ષ કર્યો.

શુકદેવજી પરીક્ષિતને પોતાની વાત કરતાં કહે છે:

'परिनिष्ठितोऽपि नैर्गुण्य उत्तमश्लोकलीलया।
गृहीतचेता राजर्षे आख्यानं यदधीतवान्॥ (भागवत: २/१/९)

હે રાજર્ષિ! નિર્ગુણબ્રહ્મમાં અત્યંત સ્થિર હોવા છતાં ઉત્તમ કીર્તિવાળા શ્રીભગવાનની લીલા વડે આકૃષ્ટ મનવાળો હું, જે આ ભાગવત આખ્યાન ભણ્યો છું.'

શ્રીહરિએ ભક્તિની મહત્તા દર્શાવવા આ પ્રસંગનો ઘણાં વચનામૃતોમાં ઉલ્લેખ કર્યો છે:

- *"ભગવાનની ભક્તિ વિના એકલું જે બ્રહ્મજ્ઞાન છે તથા વૈરાગ્ય છે તે તો નકારું જ છે ને સદા અકલ્યાણકારી જ છે. એમ જાણીને શુકદેવજી બ્રહ્મસ્વરૂપ થયા હતા તોપણ શ્રીમદ્ભાગવતને ભણતા*

હતા અને શ્રીકૃષ્ણ ભગવાનને વિશે દૃઢ ભક્તિને કરતા હતા.'' (વચ.ગ.મ.૬૫)

- *''શુકજી જેવા બ્રહ્મસ્થિતિને પામ્યા હોય તેને પણ ભગવાનનાં ચરિત્ર ગાવવાં અને સાંભળવાં.'' (વચ.ગ.મ.૩૯)*
- *''અને તે બ્રહ્મરૂપ થાય છે તોપણ નારદ-સનકાદિક ને શુકજીની પેઠે ભગવાન તથા ભગવાનના ભક્તને વિશે અતિશય દયા ને પ્રીતિએ યુક્ત વર્તે છે.'' (વચ.ગ.અં.૩)*

ભગવાન સ્વામિનારાયણ વચનામૃતમાં બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મનું ભજન કરવાનો સિદ્ધાંત દૃઢાવતાં કહે છે :

- *''શુકજીની પેઠે આત્મારૂપ થઈને પરમેશ્વરનું ભજન કરવું.'' (વચ.ગ.મ.૬૨)*
- *''આ દેહમાંથી નીસરીને નારદ, સનકાદિક, શુકજી જેવા બ્રહ્મરૂપ થઈ ભગવાનની ભક્તિ કરવી છે,' એવી વાસના રાખવી.'' (વચ.ગ.મ.૪૭)*

શુકદેવજીએ ભાગવત કથામાં રાસપંચાધ્યાયીમાં શ્રીકૃષ્ણની રાસલીલાનું વર્ણન કર્યું. ત્યારે પરીક્ષિતે ભગવાનમાં મનુષ્યભાવ પરઠ્યો. પરીક્ષિતનો સંશય તો તેમણે ટાળ્યો, પરંતુ તેમને ભક્તિમાર્ગના અનધિકારી જાણી શુકદેવજીએ પછીની કથામાં ભક્તિરસ છુપાવ્યો. કેવળ જ્ઞાનની, મહિમાની વાતો કરી.

શ્રીહરિએ *ગ.પ્ર.૨૩, ગ.પ્ર.૭૨, લો.૧૨* વગેરે વચનામૃતોમાં શુકદેવજીની સમજણને બિરદાવી છે. જેમ કે –

''અને ભગવાનનો ભક્ત હોય પણ જો એવી (ત્રણ દેહ, ત્રણ અવસ્થાથી પર બ્રાહ્મી) સ્થિતિને ન પામ્યો હોય તો ભગવાનને વિશે પણ પ્રાકૃતભાવ પરઠાઈ જાય. જેમ રાજા પરીક્ષિત એવો ભક્ત નો'તો તો રાસક્રીડા સાંભળીને શ્રીકૃષ્ણ ભગવાનને વિશે સંશય થયો ને શુકજી જો એવા ભક્ત હતા તો તેને કોઈ જાતનો સંશય થયો જ નહીં. અને જે એવો ભક્ત હોય તે તો એમ સમજે જે, 'મારે વિશે કોઈ દોષ અડી શકે નહીં તથા તે દોષ કાંઈ બાધ કરી શકે નહીં, તો જેને ભજને કરીને હું આવો થયો એવા જે ભગવાન તેને વિશે તો કોઈ માયિક દોષ હોય જ કેમ ?' એમ દૃઢપણે સમજે છે.'' (વચ.ગ.પ્ર.૨૩)

૧૪
પરીક્ષિત

પરીક્ષિત રાજા અર્જુનના પૌત્ર અને અભિમન્યુ-ઉત્તરાના પુત્ર હતા.

મહાભારતના યુદ્ધમાં કૌરવોનું મૃત્યુ થયું. ભીમની ગદાથી દુર્યોધનની બન્ને સાથળો ભાંગી ગઈ. દુર્યોધન કણસતો, રિબાતો મરણાસન્ન પડ્યો હતો. અશ્વત્થામાએ દુર્યોધનની ઈચ્છાથી, વેરભાવનાથી પાંચ પાંડવોના દ્રૌપદી દ્વારા જન્મેલાં પાંચ સંતાનોનાં મસ્તક કાપી નાખ્યાં. વળી, પાંડવોના વંશને સંપૂર્ણ નષ્ટ કરવા તેણે અભિમન્યુ થકી રહેલા ઉત્તરાના ગર્ભ પર બ્રહ્માસ્ત્ર છોડ્યું. શ્રીકૃષ્ણે પોતાના તેજ વડે ઉત્તરાના ગર્ભને વીંટી દીધો તથા અંગૂઠા જેવું સૂક્ષ્મ રૂપ ધરી, ગદા વડે બ્રહ્માસ્ત્રના તેજને વિખેરી, ઉત્તરાના ગર્ભસ્થ સંતાનની ૧૦ મહિના સુધી રક્ષા કરી. ગર્ભમાં ચારે બાજુથી રક્ષાયેલા તે બાળકનું નામ પડ્યું – 'પરીક્ષિત'. 'परितः रक्षितः इति परीक्षितः।'

તે બાળક જન્મ બાદ, ગર્ભમાં દર્શન કરેલા ભગવાનનાં બહાર દર્શનની ઈચ્છાથી ચારે બાજુ જોવા લાગ્યા કે આમાંથી તે કોણ છે ?! માટે 'परितः इक्षते इति परीक्षितः।' ચારેબાજુ જોનાર પરીક્ષિત થયા. પાંડવોએ હસ્તિનાપુરમાં પરીક્ષિતનો રાજ્યાભિષેક કરી હિમાલયમાં જઈ સ્વાર્ગારોહણ કર્યું. પરીક્ષિતને જન્મેજય વગેરે ચાર પુત્રો થયા.

પરીક્ષિત ધનુષ્ય લઈ રથમાં બેસી દિગ્વિજય કરવા નીકળ્યા. ત્યારે તેમણે જોયું કે પૃથ્વીદેવી ગાયના સ્વરૂપમાં આંખમાં આંસુ સાથે ઉદાસ હતાં, કારણ કે ભગવાન પૃથ્વી છોડી ચાલ્યા ગયા હતા. સાથે ધર્મ એક શ્વેત બળદના સ્વરૂપમાં હતાસ જેના ત્રણ પગ ભાંગી ગયા હતા ને એક જ પગ પર ઊભા હતા. સત્યયુગમાં ધર્મના ચાર પગ હતા – તપ, પવિત્રતા, દયા અને સત્ય.

તેમાંથી સત્યયુગ સાથે તપ ગયું; ત્રેતાની સાથે પવિત્રતા ગઈ; અને દ્વાપરની સાથે દયા ગઈ. કળિયુગમાં તેઓ ફક્ત સત્યના પગે ઊભા હતા. તે એક પગને પણ રાજચિહ્ન ધારણ કરેલો, કાળા શૂદ્ર પુરુષના વેશમાં કળિયુગ લાકડીથી તોડી રહ્યો હતો. બળદ મારથી મૂત્ર કરતો થરથર કંપતો હતો. તે શૂદ્ર પુરુષરૂપ કળિયુગ પૃથ્વીરૂપી ગાયને પણ પાટું મારતો હતો.

પરીક્ષિતે તે કળિને મારવા માટે તલવાર લીધી, ત્યારે તે રાજાનો વેશ ત્યાગી પગમાં પડી કરગર્યો. પરીક્ષિતે તેને પોતાના રાજ્યમાંથી ભાગી જવા કહ્યું. તેણે કહ્યું: 'સર્વત્ર તમારું જ રાજ્ય છે. હું જ્યાં જઈશ ત્યાં તમારી બીક લાગશે. માટે મને રહેવાનાં સ્થાન બતાવો.'

પરીક્ષિતે કળિને નિવાસનાં પાંચ સ્થાન આપ્યાં: જુગાર, મદિરાપાન, વ્યભિચાર, હિંસા તથા સુવર્ણ. ત્યારથી આ પાંચ સ્થાનોમાં કળિનો નિવાસ છે. *(ભાગવત : ૧/૧૭/૩૮,૩૯)*

શ્રીહરિ વચનામૃતમાં આની વાત કરે છે : *"શ્રીમદ્ભાગવતમાં સુવર્ણને વિશે કળિનો નિવાસ કહ્યો છે, તો તે સુવર્ણ અમને દીઠું પણ ગમતું નથી."* *(વચ.ગ.મ.૩૦)*

પરીક્ષિતને શાપ, શુકદેવજી દ્વારા ભાગવત સપ્તાહ શ્રવણથી મોક્ષ

પરીક્ષિતે કળિને સુવર્ણમાં નિવાસ આપ્યો હોવા છતાં, તે વાત ભૂલી તેમણે એક વાર જરાસંધનો મુગટ પહેર્યો. સુવર્ણના સ્પર્શથી તેમની બુદ્ધિમાં કળિ પેઠો. પરીક્ષિત નીતિજ્ઞ, ધર્મજ્ઞ હતા; છતાં તેમની બુદ્ધિ ભ્રષ્ટ થઈ. વનમાં શિકાર કરતાં થાક, ભૂખ-તરસથી પીડાતા તેઓ, પાણીની આશાએ શમિક ઋષિના આશ્રમમાં પ્રવેશ્યા અને પાણી માંગ્યું, પરંતુ ઋષિ ધ્યાનસ્થ હોવાથી પાણી ન આપી શક્યા. રાજાને અપમાન લાગ્યું. ક્રોધિત થઈ તેમણે એક મરેલો સાપ ધનુષ્યની અણિથી ઉપાડી ઋષિના ગળે વીંટાળ્યો. પછી હસ્તિનાપુર પાછા ફર્યા.

શમિક ઋષિનો પુત્ર શૃંગી થોડી વારે આશ્રમમાં આવ્યો. પિતાની ડોકમાં મરેલો સર્પ જોઈ ક્રોધિત થઈ તેણે શાપ ફટકાર્યો: 'જેણે મારા પિતાના કંઠમાં સર્પ નાખ્યો છે તેને આજથી સાતમા દિવસે તક્ષક નામે મહાસર્પ કરડશે.'

શ્રીહરિએ આ પ્રસંગનો ઉલ્લેખ કરતાં લૌકિક વિવેક શીખવ્યો છે:

"અને વળી જે કોઈક સંસારમાં રજોગુણી મોટો મનુષ્ય કહેવાતો હોય ને તે જ્યારે સભામાં આવે, ત્યારે તેને આદર કરીને સર્વ સભાને મોઢા આગળ બેસાર્યો જોઈએ; અને એ વ્યવહાર છે, તે જ્ઞાની હોય, ત્યાગી હોય, તેને પણ રાખ્યો જોઈએ ને જો ન રાખે તો એમાંથી ભૂંડું થાય છે. જેમ રાજા પરીક્ષિત ઋષિના આશ્રમમાં ગયા ત્યારે ઋષિ સમાધિમાં હતા, તે રાજાનું સન્માન થયું નહીં. પછી તે રાજાને રીસ ચડી, તે મરેલ સર્પ હતો તે ઋષિના ગળામાં નાખ્યો. પછી તે ઋષિના પુત્રે શાપ દીધો, તેણે કરીને તે રાજાનો સાત દિવસમાં મૃત્યુ થયો." (વચ.ગ.મ.૬૧)

આ બાજુ હસ્તિનાપુર પાછા પધારી પરીક્ષિતે જરાસંઘનો સુવર્ણ મુગટ બાજુ પર મૂકયો કે તરત તેમના મનમાં પોતાના અધમ કૃત્ય બદલ પસ્તાવો થયો. ત્યાં જ તેમને શૃંગી ઋષિના શાપની ખબર પડી. પરીક્ષિતે સાત દિવસમાં પોતાના આત્માનું કલ્યાણ કરવા વિચાર્યું. મોટા પુત્ર જન્મેજયને ગાદી સોંપી અનશન વ્રત ધારણ કરી, ગંગા કાંઠે શુકદેવજી પાસે સાત દિવસ ભાગવતની કથાનું એકાગ્રતાપૂર્વક શ્રવણ કરી, દેહભાવજન્ય મોહ, દુ:ખ, શોકથી પર થઈ ગયા. શુકદેવજીએ પરીક્ષિતને અંતિમ ઉપદેશ *ભાગવત : ૧૨-૫-૨*માં આપ્યો. તેની વાત કરતાં ગુણાતીતાનંદ સ્વામી કહે છે : *"શુકજીએ પરીક્ષિતને કહ્યું જે, 'હું રાજા છું ને મુને બ્રાહ્મણનો શ્રાપ થયો છે ને મને સરપ ડંસ થાશે, એવી જે પશુબુદ્ધિ તેનો ત્યાગ કરીને ગર્ભમાં તારી રક્ષા કરી છે તે ભગવાનને સંભાર.' સર્વ ભાગવતનો સાર આટલી વાત છે." (સ્વા.વાત: ૫/૪૧)*

સાત દિવસ બાદ તક્ષક બ્રાહ્મણના વેશમાં (ભાગવત મુજબ) અથવા ફળમાં તામ્રવર્ણના કીડાના રૂપમાં (વિષ્ણુપુરાણ મુજબ) આવ્યો ને વિશાળ સર્પનું રૂપ ધારણ કરી પરીક્ષિતને ડસ્યો. તક્ષકના ઝેરના અગ્નિથી પરીક્ષિતનું શરીર ત્યાં જ બળીને ભસ્મ થઈ ગયું. છતાં પરીક્ષિતને મૃત્યુનો અનુભવ જ ન થયો!

ભાગવતકથા દરમ્યાન શુકદેવજીના મુખે રાસપંચાધ્યાયીનું વર્ણન સાંભળી પરીક્ષિતને ભગવાનમાં મનુષ્યભાવ આવ્યો. તેમને સંશય થયો, કારણ કે તેઓ દેહભાવથી પર બ્રહ્મરૂપ થયા નહોતા. શુકદેવજી બ્રહ્મરૂપ થયા હોવાથી તેમને સંશય ન થયો. આનો ઉલ્લેખ ભગવાન સ્વામિનારાયણે *વચ.ગ.પ્ર.૨૩,૭૨; લોયા.૧૨; ગ.મ.૧૦,૧૭*માં કર્યો છે. (વિશેષ જુઓ 'શુકદેવજી'નો પાત્રપરિચય).

૧૫
ઉદ્ધવજી

ઉદ્ધવજી યાદવોમાં શ્રેષ્ઠ, બૃહસ્પતિના શિષ્ય, પરમ બુદ્ધિમાન, જ્ઞાની, નીતિજ્ઞ હતા. તેઓ શ્રીકૃષ્ણના પરમ સખા અને સલાહકાર હતા. તેઓની આકૃતિ, શરીરનો વર્ણ અને પહેરવેશ કૃષ્ણ જેવાં જ હતાં. શ્રીહરિએ તેમને *વચ.સા.૧૫*માં *'સર્વે યાદવમાં અતિશય ડાહ્યા ને ભગવાનના ચોવટિયા કહ્યા છે.'* *વચ.લો.૬*માં *'નીતિશાસ્ત્રમાં કુશળ ને રાજા જેવા કહ્યા છે.'*

ઉદ્ધવજી માત્ર પાંચ વર્ષના હતા, ત્યારથી શ્રીકૃષ્ણની મૂર્તિ બનાવી તેમની સેવા-પૂજામાં તલ્લીન થઈ જતા. માતા બોલાવે તોપણ તેમનું ધ્યાન તૂટતું નહીં. શ્રીકૃષ્ણ પ્રત્યેની ભક્તિ અને દાસત્વભાવ તેમને છેવટ સુધી રહ્યા, તેનો ઉલ્લેખ કરતાં શ્રીહરિ વચનામૃતમાં કહે છે: *"ઉદ્ધવજી જો શ્રીકૃષ્ણ ભગવાનની શ્રદ્ધા-માહાત્મ્યે સહિત સેવા-ચાકરી કરતા તો તે પરમભાગવત કહેવાયા ને તેની શાસ્ત્રમાં તથા લોકમાં અતિશય પ્રસિદ્ધિ છે."* (વચ.સા.૩)

વળી, *વચ.ગ.મ.૬૨*માં કહે છે : *"હનુમાનજી તથા ઉદ્ધવજીની પેઠે દાસ-ભાવે ભગવાનનું ભજન કરવું.*

ઉદ્ધવજીની વ્રજયાત્રા, ગોપીઓનો મહિમા સમજ્યા

વિરહાતુર ગોપીઓને સાંત્વના આપવા શ્રીકૃષ્ણે ઉદ્ધવને મોકલ્યા હતા. તે વાત કરતાં શ્રીહરિ *વચ.લો.૧૫*માં કહે છે :

"શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવ ભેળે ગોપીઓને કહેવરાવ્યું છે જે, 'ઇન્દ્રિયો, અંતઃકરણ, દેવતા અને જીવ તેના આશ્રયપણે કરીને તમારે સમીપે હું રહ્યો છું. જેમ પંચ મહાભૂત બ્રહ્માંડને વિશે રહ્યાં છે ને તેનાં તે જ સર્વના દેહમાં

રહ્યાં છે; તેમ જે હું આ મથુરામાં રહ્યો છું, તે તો જેમ મહાભૂત વિશેષપણે કરીને બ્રહ્માંડને વિશે રહ્યાં છે તેમ રહ્યો છું અને જેમ એ ભૂત જીવોના દેહોમાં સામાન્યપણે રહ્યાં છે તેમ હું તમારે પાસે રહ્યો છું. અને જે હું દેખાતો નથી તે તો તમારા ચિત્તની વૃત્તિનો મારે વિશે નિરોધ થાય તેને અર્થે નથી દેખાતો, પણ રહ્યો તો મૂર્તિમાન છું.'"

શ્રીકૃષ્ણનો સંદેશો સંભળાવી ઉદ્ધવજીએ કહ્યું: 'તમે કૃષ્ણને તમારાથી જુદા થયેલા ન માનો. તેમનામાં અખંડ વૃત્તિ રાખો.'

ગોપીઓએ કહ્યું: 'હે ઉદ્ધવજી! તમારે મથુરાવાસીઓને બે-ચાર મન હશે! અમારે તો એક જ છે, જે શ્રીકૃષ્ણ સિવાય અન્યમાં જોડાય તેવું નથી. શ્રીકૃષ્ણને તો અમે અમારા હૃદયમંદિરમાં કેદ કરી લીધા છે. તેમની તાકાત છે બહાર જવાની? અમારાં તન-મન-પ્રાણ જે કહો તે શ્યામ જ છે. અરે ઉદ્ધવજી! 'યહાં રોમ-રોમ શ્યામ હૈ.' અરે! અમારા દેહ પડી જશે, અગ્નિ સંસ્કાર થશે, પછી પોલાં હાડકાંમાં કોઈ વાંસળીની જેમ ફૂંક મારશે તો પણ 'કૃષ્ણ-કૃષ્ણ' અવાજ નીકળશે. અહીં તો શ્રીકૃષ્ણ કણ-કણમાં વસે છે. અહીં એક પણ સ્થાન એવું નથી જ્યાં અમારા કા'નની સ્મૃતિ ન હોય!!'

ગોપીઓ શ્રીકૃષ્ણના બાળપણથી માંડી કિશોરાવસ્થાનાં દરેક સ્થાન સાથે જોડાયેલાં ચરિત્રોનું મોટે મોટેથી ગાન કરવા માંડી. ઘણી તેમના સુમધુર સ્વરૂપનું વર્ણન કરવા માંડી. ઘણી લજ્જાનો ત્યાગ કરી મોટે મોટેથી રડવા માંડી.

ગોપીઓની કૃષ્ણમાં આવી તન્મયતા જોઈ, સાંભળી ઉદ્ધવજી તો ગાંડા-ઘેલા થઈ ગયા. આંખમાં આંસુ આવી ગયાં. તેમને લાગ્યું કે જ્યાં કૃષ્ણ છે ત્યાં નથી (કારણ કે યાદવો ઓળખી ન શક્યા) ને જ્યાં નથી ત્યાં છે. ઉદ્ધવજી બોલી ઊઠ્યા: 'આ પૃથ્વી પર માત્ર ગોપીઓનું શરીર ધારણ કરવું શ્રેષ્ઠ છે, કારણ કે તેઓ શ્રીકૃષ્ણમાં સ્થિત થઈ ગઈ છે.

आसामहो चरणरेणुजुषामहं स्यां वृन्दावने किमपि गुल्मलतौषधीनाम्।
या दुस्त्यजं स्वजनमार्यपथं च हित्वा भेजुर्मुकुन्दपदवीं श्रुतिभिर्विमृग्याम्॥

અહો! જે ગોપીઓ કોઈથી પણ ન તજી શકાય એવા સંબંધીજનો અને આર્યોના ધર્મમાર્ગનો ત્યાગ કરીને, વેદોએ પણ શોધવા યોગ્ય મુકુંદ ભગવાનની પદવીને સેવતી હતી. આ ગોપીઓની ચરણરજના સ્પર્શવાળી વૃંદાવનમાં થતી ગુલ્મ, લતા ને ઔષધિઓમાં હું પણ કોઈક થાઉં, એટલે ગોપીઓના

ચરણરેણુના સ્પર્શને યોગ્ય ભાગ્યશાળી થાઉં.' *(ભાગવત : ૧૦/૪૭/૬૧)*

ભગવાન સ્વામિનારાયણે ઉદ્ધવજીની આ ભાવનાનો ઉલ્લેખ *વચ.સા.૧૫; કા.૯; લો.૧૬,૧૭; અં.૨૮*માં કર્યો છે. *વચ.લો.૧૬*માં તેઓ કહે છે :

"ઉદ્ધવજી કેવા ડાહ્યા હતા... પણ જો ભગવાનનું માહાત્મ્ય સમજતા હતા તો ગોપીઓને વિશે ભગવાનનો સ્નેહ જોઈને તેની આગળ પોતાનું માન ન રહ્યું ને એમ બોલ્યા જે, 'એ ગોપીઓનાં ચરણની રજ જેને અડતી હોય એવાં જે વૃક્ષ, લતા, તૃણ, ગુચ્છ તે માંહેલો હું કોઈક થાઉં.'"

શ્રીહરિ આનો ઉલ્લેખ કરતાં કહે છે : *"એવા જે ઉદ્ધવજી, તે ગોપીઓની સમજણ જોઈને ગદ્‌ગદ કંઠ થઈ ગયા ને તે ઉદ્ધવજી એમ બોલ્યા જે, 'ગોપીઓ પાસે મને જ્ઞાન કહેવા મોકલ્યો, તે તો ભગવાને મારી ઉપર અતિશય અનુગ્રહ કર્યો.' અને પોતે ગોપીઓને ઉપદેશ કરવા ગયા હતા પણ ગોપીઓનાં વચન સાંભળીને પોતે સામો ઉપદેશ ગ્રહણ કર્યો." (વચ.સા.૧૫)*

કંસના નિમંત્રણથી ધનુર્યાગ નિમિત્તે વ્રજથી મથુરા પધારી કૃષ્ણ-બલરામ રાજમાર્ગ પર મહેલ તરફ પધારી રહ્યા હતા, ત્યારે રસ્તામાં તેમને ત્રિવક્રા નામની કંસને ચંદન, અંગરાગ ચોપડનારી દાસી મળી. તેનું મુખ સુંદર હતું, પરંતુ શરીરથી કૂબડી હોવાથી 'કુબ્જા' કહેવાતી. તેણે સામેથી કૃષ્ણ-બલરામને ચંદન, અંગરાગનું લેપન કર્યું. કૃષ્ણ ભગવાને તેનાં અંગો સીધા, સપ્રમાણ કરી તેને સુંદરી બનાવી દીધી. તેણે કૃષ્ણ પર મોહ પામી તેમના ઉપવસ્ત્રનો છેડો પકડી લજ્જાવશ હસીને કહ્યું : 'તમે મારા ચિત્તને વલોવી નાખ્યું છે. મારે ઘેર પધારો. મારા પર પ્રસન્ન થાઓ.'

કૃષ્ણે કહ્યું : 'મારું કાર્ય (કંસ ઉદ્ધાર) પૂરું કરીને આવીશ.'

કંસ ઉદ્ધાર બાદ શ્રીકૃષ્ણ કુબ્જાનું વચન પૂરું કરવા તેને ઘેર પધાર્યા, ત્યારે ઉદ્ધવજીને પણ સાથે લેતા ગયા. કુબ્જાએ બન્નેનું પૂજન કર્યું. ઉદ્ધવજી ઓરડાની બહાર બેઠા. શ્રીકૃષ્ણ કુબ્જાના કીમતી પલંગ પર બેઠા અને કુબ્જાના કોડ પૂર્યા.

આ પ્રસંગે ઉદ્ધવજીનો શ્રીકૃષ્ણ પ્રત્યે દિવ્યભાવનો ઉલ્લેખ કરતાં શ્રીહરિ કહે છે : *"જ્યારે ભગવાન કુબ્જાને ઘેર ગયા ત્યારે ઉદ્ધવજીને ભેળા તેડી ગયા હતા તોપણ ઉદ્ધવજીને કોઈ રીતે સંશય થયો નહીં." (વચ.ગ.મ.૧૭)*

ભાગવતના એકાદશ સ્કંધ મુજબ, કૃષ્ણ ભગવાને પોતાનું અવતારકાર્ય સંકેલતી વખતે યાદવાસ્થળી પૂર્વે ઉદ્ધવજીને એકાંતમાં બોલાવી કહ્યું : 'મારી

ઈચ્છાથી થયેલા બ્રાહ્મણોના શાપથી યાદવો પરસ્પર યુદ્ધથી નષ્ટ થશે. હું પણ દેહત્યાગ કરી સ્વધામ જઈશ. તેના સાતમા દિવસે સમુદ્ર દ્વારકાને ડુબાડી દેશે. કળિયુગ પોતાના પ્રભાવથી બધાને દબાવી દેશે. માટે તમે સ્વજનોમાં, સંસારમાં મોહ-મમતા છોડી મારામાં મન પરોવી અહીંથી અન્યત્ર જાઓ.'

ઉદ્ધવજી કહે: 'હે પ્રભુ! આપની માયાથી મારી બુદ્ધિ મૂઢપણે પરિવાર-સ્વજનોમાં અહં-મમતાથી એવી ફસાયેલી છે કે હું તેને છોડી શકતો નથી. આપ મને ઉપદેશ આપો.'

શ્રીકૃષ્ણ ભગવાન ઉદ્ધવજીને અધ્યાય ૬ થી ૨૯ સુધી ઉપદેશ આપે છે. તેમાં દત્તાત્રેયની ગુણગ્રાહકદૃષ્ટિ, કદરજની સહિષ્ણુતા-ક્ષમાભાવનાની વાતો કરે છે. એકાદશ અધ્યાયમાં કૃષ્ણ કહે છે: 'સંતો દ્વારા બતાવેલ માર્ગે જીવ મને સહજમાં પ્રાપ્ત કરે છે.'

ઉદ્ધવજીએ પૂછ્યું: 'એવા સંતનાં લક્ષણ શું છે?' ત્યારે ભગવાન ઉદ્ધવજીને સંતનાં ૩૦ લક્ષણો બતાવે છે, જેનો ઉલ્લેખ શ્રીહરિએ *વચનામૃત ગ.પ્ર.૭૭, વર.૧૦, વર.૧૩*માં કર્યો છે:

''એકાદશ સ્કંધને વિશે શ્રીકૃષ્ણ ભગવાન અને ઉદ્ધવના સંવાદે કરીને સાધુરૂપ જે દત્તાત્રેય, કપિલ આદિક ભગવાનના અવતાર તેનાં ત્રીસ લક્ષણ કહ્યાં છે. માટે જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું તેને તે તે લક્ષણે કરી તે ભગવાનને ઓળખીને તે ભગવાનને શરણે થવું ને તેનો દૃઢ વિશ્વાસ રાખવો અને તેની આજ્ઞામાં રહીને તેની ભક્તિ કરવી, એ જ કલ્યાણનો ઉપાય છે.'' (વચ.વર.૧૦)

સંતનાં ત્રીસ લક્ષણ કહ્યા પછી શ્રીકૃષ્ણ ભગવાન ઉદ્ધવજીને દ્વાદશ અધ્યાયમાં આવા સંતના સમાગમનો અર્થાત્ સત્સંગનો મહિમા જણાવે છે:

'न रोधयति मां योगो न सांख्यं धर्म एव च।
न स्वाध्यायस्तपस्त्यागो नेष्टापूर्तं न दक्षिणा॥
व्रतानि यज्ञश्छन्दांसि तीर्थानि नियमा यमाः।
यथावरुन्धे सत्सङ्गः सर्वसङ्गापहो हि माम्॥ (भागवत: ११/१२/१,२)

જેવો બધી આસક્તિઓનો નાશ કરનાર સત્સંગ મને વશ કરે છે, તેવાં અષ્ટાંગયોગ, સાંખ્ય, અહિંસાદિક સામાન્ય ધર્મ, વેદના પાઠરૂપ સ્વાધ્યાય, તપ, સંન્યાસરૂપ ત્યાગ, અગ્નિહોમાદિ ઈષ્ટ ને વાવકૂવા વગેરે પૂર્ત, દાન, એકાદશી વગેરે વ્રતો, દેવપૂજારૂપ યજ્ઞો, વેદ-મંત્રો, તીર્થો, નિયમ અને સંયમ મને વશ

કરી શકતાં નથી.' શ્રીહરિએ આનો ઉલ્લેખ *વચ.ગ.મ.૫૪, ગ.અં.૨*માં કર્યો છે:

"એકાદશ સ્કંધના બારમા અધ્યાયમાં શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવજી પ્રત્યે કહ્યું છે જે, 'અષ્ટાંગ-યોગ, સાંખ્ય, તપ, ત્યાગ, તીર્થ, વ્રત, યજ્ઞ અને દાનાદિક એણે કરીને હું તેવો વશ થતો નથી, જેવો સત્સંગે કરીને વશ થઉં છું."

છેવટે ઉદ્ધવજી ગળગળા થઈ હાથ જોડી બોલ્યા: 'હે પ્રભુ! આપે મારા મોહને જ્ઞાનથી નષ્ટ કર્યો છે.'

ઉદ્ધવજી માટે શ્રીકૃષ્ણ કહે છે: 'नोद्धवोऽण्वपि मन्न्यूनो...' *(ભાગવત : ૩/૪/૩૧)* 'ઉદ્ધવ મારાથી અણુમાત્ર ન્યૂન નથી.'

શ્રીહરિ આનો ઉલ્લેખ કરતાં *વચ.ગ.મ.૪*માં કહે છે :

"અને જો ઉદ્ધવજી હતા તેને ભગવાને એમ કહ્યું જે, 'હે ઉદ્ધવ! હું થકી અણુમાત્ર ન્યૂન નથી.' તે શા માટે જે, ઉદ્ધવજીએ અલૌકિક ભગવાનનું માહાત્મ્ય જાણ્યું હતું ને પંચવિષયના લીધા લેવાતા નહોતા."

શ્રીકૃષ્ણે ઉદ્ધવજીને આજ્ઞા કરી: 'તમે હવે બદરિકાશ્રમમાં જાઓ. ત્યાં વલ્કલ પહેરી, કંદમૂળ ખાઈ, મેં બતાવેલા ભાગવત ધર્મ મુજબ જીવન જીવજો. ભવિષ્યમાં ભાગવત ધર્મના પ્રચાર માટે પૃથ્વી પર પ્રગટ થજો.'

શ્રીકૃષ્ણે આ રીતે એકાદશ સ્કંધના અધ્યાય ૬ થી ૨૯ અર્થાત્ ૨૩ અધ્યાયો સુધી જ્ઞાનોપદેશ આપ્યો ત્યારે ઉદ્ધવજીએ ઘર છોડ્યું.

આથી, ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે :

"પૂર્વે અવતાર થઈ ગયા એવા તો આજ સત્સંગી ને સાધુ છે પણ આપણને મહિમા પૂરો સમજાતો નથી ને શ્રીકૃષ્ણે કેટલું જ્ઞાન કર્યું ત્યારે એક ઉદ્ધવે ત્યાગ કર્યો ને આજ તો વીસ વીસ વરસના સંસાર મૂકીને ચાલ્યા આવે છે." (સ્વા.વાતો: ૨/૧૬૯)

"ઉદ્ધવજી જ્ઞાની ને તેને ભગવાનમાં નિર્દોષપણું, પણ તેને ઘર મૂકતાં કઠણ પડ્યું." (સ્વા.વાતો : ૧/૩૬)

આ જ ઉદ્ધવજી બીજા જન્મે શ્રીહરિના પ્રાગટ્ય પૂર્વે રામાનંદ સ્વામી રૂપે પ્રગટ થયા તેવું મનાય છે. તેઓ હંમેશા કહેતા: *'હું તો ડુગડુગી વગાડનારો છું, અને ખરા ખેલના ભજવનારા તો આ સહજાનંદ સ્વામી છે.'* શ્રીહરિએ આ લોકની રીત મુજબ તેમને ગુરુ કર્યા હતા. તેથી શરૂ શરૂમાં સ્વામિનારાયણ સંપ્રદાય 'ઉદ્ધવ સંપ્રદાય' કહેવાતો.

૧૬

ભરતજી

વૈરાગ્ય અને અનાસક્તિ પ્રેરનાર ભરતજીના આખ્યાનને ભગવાન સ્વામિનારાયણે *વચ.ગ.અં.૧૭*માં ચમત્કારી કહ્યું છે. વનવિચરણ દરમ્યાન તેઓ ભરતજી અને પુરંજનના આખ્યાનને હંમેશાં યાદ કરતા.

ઋષભદેવ ભગવાનના ૧૦૦ પુત્રોમાં ભરતજી સૌથી મોટા હતા. આ ભૂમિના અજનાભ ખંડને તેમના નામથી આજે 'ભારતવર્ષ' કહેવાય છે.

ઋષભદેવ ભગવાને ભરતજીને આ ભારતવર્ષનું રાજ્ય સોંપ્યું. ભરતજી એક કરોડ વર્ષ સુધી રાજ્ય કરી, પોતાના પુત્રોને તે સોંપી, પુલહાશ્રમ(હરિહર-ક્ષેત્ર)માં જઈ, ભગવાનની ભક્તિ-સેવા-તપમાં લીન થયા.

ભરતજી એક વાર પ્રાતઃકાળે ચક્રગંડકી નદીના કાંઠે જપ કરતા હતા ત્યાં એક હરણી પાણી પીવા આવી. તેવામાં સિંહની ત્રાડ સાંભળી તેણે ગભરાઈ સામે કાંઠે છલાંગ મારી, પરંતુ તેનું ગર્ભસ્થ બાળમૃગ નદીમાં સ્રવી ગયું. હરણી સામે કાંઠે મૃત્યુ પામી. બાળમૃગને પાણીમાં તણાતું જોઈ ભરતજીને દયા આવી અને તેને આશ્રમમાં લાવ્યા. બાળમૃગનું પોષણ-રક્ષણ કરવામાં ભરતજીને તેનામાં બંધન થઈ ગયું. તેમને બાળમૃગનું જ સતત મનન-ચિંતન થવા માંડ્યું. બાળમૃગનો કોમળ સ્પર્શ તેમને આહ્‌લાદક લાગવા માંડ્યો. તેમને ભગવાનનું ભજન-પૂજા-ભક્તિકર્મ વગેરે છૂટવા માંડ્યાં, ને છેવટે તેઓ યોગસાધનામાંથી સંપૂર્ણ ભ્રષ્ટ થયા. અંતકાળે પણ શોકાતુર થઈ સામે બેઠેલા મૃગને જોતાં-જોતાં તેના ચિંતવનમાં તેઓ મૃત્યુ પામ્યા. તેથી બીજો જન્મ તેમનો મૃગનો થયો.

વચનામૃત *ગ.અં.૭*માં આ આખ્યાનનો ઉલ્લેખ કરી શ્રીહરિએ અધ્યાત્મ-સાધનાના ઘણા મુદ્દાઓને સ્પષ્ટ કર્યા છે :

"શ્રીમદ્‌ભાગવતમાં જેવું ભરતજીનું આખ્યાન ચમત્કારી છે, તેવી તો કોઈ કથા ચમત્કારી નથી. કેમ જે, ભરતજી તો ઋષભદેવ ભગવાનના પુત્ર હતા ને ભગવાનને અર્થે સમગ્ર પૃથ્વીનું રાજ્ય ત્યાગ કરીને વનમાં ગયા હતા. ને ત્યાં ભગવાનનું ભજન કરતાં થકાં મૃગલીના બચ્ચાને વિશે પોતાને હેત થયું, ત્યારે તે મૃગને આકારે પોતાના મનની વૃત્તિ થઈ ગઈ. પછી એવા મોટા હતા તોપણ તે પાપે કરીને મૃગનો અવતાર આવ્યો. માટે અનંત પ્રકારનાં પાપ છે, પણ તે સર્વ પાપ થકી ભગવાનના ભક્તને ભગવાન વિના બીજે ઠેકાણે જે હેત કરવું તે અતિ મોટું પાપ છે. માટે જે સમજુ હોય ને તે જો એ ભરતજીની વાત વિચારે તો અંતરમાં અતિ બીક લાગે જે, 'રખે ભગવાન વિના બીજે ઠેકાણે હેત થઈ જાય.' એવી રીતની અતિશય બીક લાગે."

જ્ઞાની, વૈરાગ્યવાન ભરતજી ભજન-ભક્તિ-સેવા-તપ કરતા હતા, છતાં મૃગમાં બંધન થયું. આ સંદર્ભે કોઈએ યોગીજી મહારાજને પૂછ્યું, 'ભરતજી તો સમગ્ર રાજ્યનો ત્યાગ કરી વનમાં ગયા, છતાં મૃગમાં બંધાયા. અમને તો એવો વૈરાગ્ય ઉદય નથી થયો, તો અમારી શી ગતિ થશે?' ત્યારે યોગીજી મહારાજે કહેલું, 'ભરતજી ગુરુ વિના મનધારી સાધના કરતા હતા, માટે બંધન થયું. તમને તો માયા પાર કરી શકે તેવા ગુરુ મળ્યા છે, માટે વાંધો નહીં આવે.'

દયા અને સ્નેહરૂપી સદ્‌ગુણો મનુષ્યના આવશ્યક શણગાર છે, પરંતુ તે ક્યાં રાખવા, ક્યાં ન રાખવા, કેટલા પ્રમાણમાં રાખવા તે વિવેક ગુરુ સમજાવે છે. શ્રીહરિ કહે છે : *"સ્નેહનું સ્વરૂપ તો મધ જેવું છે તે જ્યાં ત્યાં ચોંટે અને દયાનો સ્વભાવ એવો છે જે, જ્યાં ત્યાં દયા કરે. ત્યારે ભરતજીએ મૃગલા ઉપર દયા કરી તો તે મૃગલીને પેટ જન્મ લેવો પડ્યો. અને જે દયાવાન હોય તેને જે ઉપર દયા આવે તે સંગાથે સ્નેહ થયા વિના રહે નહીં." (વચ.ગ.અં.૩)*

શ્રીહરિ *વચ.ગ.અં.૧૯*માં કહે છે કે, *"જેમ ભરતજીને મૃગલીનું બચ્ચું તે જ અવિદ્યા-માયારૂપ થયું; એવી રીતે જે જે ભગવાનના ભજનમાં અંતરાય થતા હોય તેનો ભગવાનના ભક્તને અવિદ્યારૂપ જાણીને અતિશય ત્યાગ કરવો."* માટે શ્રીહરિ પોતાનો મત જણાવતાં કહે છે : *"મૂવા ટાણે તો જેવા મનમાં સંકલ્પ હોય તેવા સ્ફુરી આવે. જેમ ભરતજીને અંતકાળમાં મૃગનું બાળક સ્ફુરી આવ્યું ત્યારે તે મૃગને આકારે થઈ ગયા અને પ્રથમ રાજ્ય મેલ્યું હતું ને ઋષભદેવ ભગવાન તો પોતાના બાપ હતા તોપણ એમ થયું. માટે મને કરીને*

નિર્વાસનિક રહેવું એ અમારો મત છે.'' (વચ.ગ.પ્ર.૩૮) કુસંગથી મનુષ્યની અધોગતિ અને ભગવાનના પ્રસંગથી સદ્ગતિ જણાવતાં શ્રીહરિ કહે છે : *''જડભરત તે પૂર્વજન્મમાં ઋષભદેવ ભગવાનના પુત્ર હતા ને રાજ્યનો ત્યાગ કરીને વનમાં ગયા હતા; તેને દયાએ કરીને પણ જો મૃગ સંગાથે પ્રીતિ થઈ તો તેનો દોષ લાગ્યો ને પોતાને મૃગનો જન્મ લેવો પડ્યો...માટે ગમે તેવા મોટા હોય તેનું પણ કુસંગે કરીને તો ભૂંડું જ થાય છે.'' (વચ.ગ.પ્ર.૪૨)*

પૂર્વજન્મનું જ્ઞાન થતાં ભરતજીએ મૃગનો દેહ પાડી દીધો અને અંગિરસ ગોત્રમાં બ્રાહ્મણપુત્ર તરીકે તેઓ જન્મ્યા. આ જન્મે સંસારમાં બંધન ન થાય તે માટે તેઓ જડ અને મૂર્ખની પેઠે વર્ત્યા. એટલે સૌ તેમને જડભરત કહેતા. માતા-પિતાના મૃત્યુ બાદ ભાઈઓએ તેમને કાઢી મૂક્યા. જડભરત ઠંડી, ગરમી, વરસાદમાં નગ્ન પડ્યા રહેતા. સ્નાન ન કરવાથી શરીરે મેલ જામી ગયો. જે કાંઈ પ્રાપ્ત થાય તે અન્ન તેઓ ખાઈ લેતા. શ્રીહરિએ તેમને બિરદાવતાં *વચ.ગ.પ્ર.૪૨*માં કહ્યું છે : *''અને જેટલા ત્યાગી પરમહંસ થયા તે સર્વેને વિશે જડભરત શ્રેષ્ઠ છે.''*

શ્રીહરિ પોતાની રુચિ જણાવતાં *વચ.ગ.અં.૨૧*માં કહે છે : *'''જડભરત, શુકદેવ, દત્તાત્રેય, ઋષભદેવ ભગવાન એના સરખો અમારા જીવનો ઢાળો છે.' માટે અમને પણ વન, પર્વત ને જંગલ એમાં જ રહેવું ગમે છે.''*

વળી, *વચ.લો. ૧૪*માં કહે છે : *''શુકજીના જેવો તથા જડભરતના જેવો તો અમારે વૈરાગ્ય છે ને આત્મનિષ્ઠા છે.''*

એક વાર સિંધુ-સૌવીર દેશના રહૂગણ રાજા કપિલમુનિના આશ્રમે જ્ઞાનપ્રાપ્તિ માટે જતા હતા. રાજાની પાલખી ઉપાડવા માટે તેમના અનુચરોએ જડભરતને જાડા ને મજબૂત જોઈ બળજબરીથી જોડી દીધા. જડભરત પોતાના પગ તળે કોઈ જીવજંતુ કચડાઈ ન જાય તેથી ધીરે-ધીરે ને કૂદી-કૂદીને ચાલતા.

જડભરતની દયાળુ પ્રકૃતિનો ઉલ્લેખ કરતાં શ્રીહરિ *વચ.ગ.મ.૬૦*માં કહે છે : *''હું તો દત્તાત્રેય, જડભરત, નારદ ને શુકજી તે સરખો દયાવાળો છું.''*

રહુગણ રાજાએ અભિમાનવશ ગુસ્સે થઈ જડભરતનો તિરસ્કાર કરી દંડ દેવાની વાત કરી. પરંતુ જડભરતના મુખે સાંખ્યવિચારની જ્ઞાનવાર્તા સાંભળી રહૂગણે તેમની માફી માંગી, શરણું સ્વીકાર્યું. જડભરતે તેમને સંતસમાગમનો મહિમા કહ્યો.

૧૭

ધ્રુવજી

સ્વાયંભુવ મનુના બે પુત્રો હતા – પ્રિયવ્રત અને ઉત્તાનપાદ. ઉત્તાનપાદની બે રાણીઓ હતી – સુનીતિ અને સુરુચિ. સુરુચિ રાજાની પ્રિય, માનીતી રાણી હતી.

એક વાર સુરુચિનો પુત્ર ઉત્તમ રાજાના ખોળામાં રમી રહ્યો હતો. આ જોઈ સુનીતિના પુત્ર ધ્રુવજી પણ પિતાના ખોળામાં ચડવા ગયા. ત્યારે બાજુમાં બેઠેલી સુરુચિએ તેમનો તિરસ્કાર કરી કહ્યું: 'તું રાજાના ખોળામાં બેસવાને યોગ્ય નથી. જો તારે રાજાના ખોળામાં બેસવું હોય તો તું ભગવાનનું ભજન કરી મારે પેટે જન્મ લે.'

ધ્રુવજી ક્રોધથી ઊંડા શ્વાસ લેતા, રડતાં-રડતાં માતા સુનીતિ પાસે ગયા. સુનીતિએ કહ્યું: 'બેટા! તારા પિતા તો મને પત્ની તરીકે બોલાવતાં પણ શરમાય છે ને તું અભાગિયો મારા પેટે જન્મ્યો છે માટે તારે સહન કરવું પડે છે, પરંતુ તું સુરુચિ માટે અમંગળની કામના ન કર, પણ તેના કહ્યા મુજબ ભગવાનને પ્રસન્ન કરી ઉત્તમ પદ પામી લે.'

૭ વર્ષના ધ્રુવજી વનમાં જઈ કઠિન તપ કરવા લાગ્યા. ધ્રુવજીનું દૃઢ મનોબળ જોઈ નારદજીએ ભગવત્પ્રાપ્તિનો માર્ગ શીખવ્યો: 'તું યમુનાતટે મધુવનમાં તપસ્યા કર. 'ૐ નમો ભગવતે વાસુદેવાય' મંત્રનો જાપ કરજે. જો પાષાણમૂર્તિ મળે તો તેમાં. નહીં તો પૃથ્વી, જળ વગેરેમાં ભગવાનની પૂજા કરજે.'

નારદજીએ ચીંધેલા માર્ગે ધ્રુવજીએ તપ આરંભ્યું. ધ્રુવજી વિષયોમાંથી વૃત્તિ ખેંચી ભગવાનનું ધ્યાન ધરી એક પગે ઊભા રહી ગયા. તેમના ભારથી

પૃથ્વી એક તરફ નમી ગઈ. લોકપાલો વિષ્ણુના શરણે ગયા. વિષ્ણુ ભગવાન ગરુડ પર બેસી મધુવનમાં પધાર્યા. ધ્રુવજીએ બે હાથ જોડી સ્તુતિ કરવા ઇચ્છા કરી, પરંતુ શબ્દો સૂઝ્યા નહીં. ભગવાને તેમના ગાલ પર પોતાનો વેદસ્વરૂપ શંખ અડાડ્યો ને ધ્રુવજીના મુખેથી શબ્દો ફૂટી નીકળ્યા:

'योऽन्तः प्रविश्य मम वाचमिमां प्रसुप्तां
संजीवयत्यखिलशक्तिधरः स्वधाम्ना।
अन्यांश्च हस्तचरणश्रवणत्वगादीन्
प्राणान्नमो भगवते पुरुषाय तुभ्यम्॥ (भागवत: ४/९/६)

જે સર્વશક્તિમાન ભગવાન મારા અંતરમાં પ્રવેશીને પોતાના તેજથી મારી આ સુષુપ્ત વાણીને સજીવન કરે છે તથા બીજાં હાથ, પગ, કાન, ચામડી વગેરેને તથા પ્રાણોને પણ સજીવન કરે છે, એવા પુરાણપુરુષ ભગવાન તમને મારા નમસ્કાર હો.'

ધ્રુવજીએ ભગવાનની સ્તુતિ કરતાં સંતો-ભક્તોનો સમાગમ માગ્યો, જેથી તેમના મુખે ભગવાનની કથા-લીલા સાંભળી માયા તરી શકાય.

ભગવાન સ્વામિનારાયણે આનો ઉલ્લેખ કરતાં કહ્યું છે:

"જેમ પાંચ વર્ષના ધ્રુવજીએ ભગવાનની સ્તુતિ કરવા માંડી ત્યારે વેદાદિકના અર્થની સહજે સ્ફૂર્તિ થઈ... તેને ભગવાનની કૃપા જાણવી." (વચ.ગ.પ્ર.૨૯)

ભગવાને ધ્રુવજીના અંતરની સકામ ભાવના જાણી વર આપ્યા: 'હે ધ્રુવ! હું તને ધ્રુવલોક નામનું અવિચળ પદ આપું છું; જેની ગ્રહો, નક્ષત્ર, તારાગણ, સપ્તર્ષિ વગેરે પ્રદક્ષિણા કરે છે. તેની માતા તેને શોધતી વનમાં જઈ દાવાનળમાં ભસ્મ થશે. તું ૩૬,૦૦૦ વર્ષ પૃથ્વીનું પાલન કરજે. પછી તું ધ્રુવલોક પામીશ.' આજે ધ્રુવનો તારો આકાશમાં ઉત્તર દિશામાં શોભી રહ્યો છે.

છ વર્ષની કુમળી વયે છ માસમાં જ ભગવાનને પ્રસન્ન કરી વર પ્રાપ્ત કરવા છતાં તેઓ મુક્તિ ન માગી શક્યા. આથી તેમને ખૂબ પશ્ચાત્તાપ થયો.

૧૮

અજામિલ

કાન્યકુબ્જ (કનૌજ) શહેરમાં અજામિલ નામે એક પવિત્ર, સદાચારી બ્રાહ્મણ રહેતો હતો. એક દિવસ તે પિતાની આજ્ઞાથી વનમાં ગયો અને ફળ, ફૂલ, સમિધ લઈ પાછો ફરતો હતો ત્યારે રસ્તામાં તેણે એક ભ્રષ્ટ શૂદ્ર પુરુષ અને કુલટા અર્ધનગ્ન વેશ્યાને મદ્યપાનથી ઉન્મત્ત દશામાં પરસ્પર કુચેષ્ટા દ્વારા વ્યભિચાર કરતાં જોયાં. તે કામવશ મોહ પામી, પોતાનું કર્તવ્ય ભૂલી તેમની પાછળ ચાલ્યો. વેશ્યાના અંબોડામાંથી ફૂલ પડ્યું. અજામિલે તે સૂંઘ્યું અને અજામિલની ચેતના નષ્ટ થઈ ગઈ. ઘેર આવીને પણ તેને નિરંતર વેશ્યાનું જ ચિંતવન થવા માંડ્યું. અજામિલે પોતાની કુલીન પત્નીનો ત્યાગ કરી તે વેશ્યાને પોતાના ઘેર રાખી. વસ્ત્રાભૂષણો વગેરે મોંઘા પદાર્થોની વેશ્યાની ઇચ્છા પૂરી કરવા અજામિલ ચોરી-લૂંટ, દગા-કપટ કરવા લાગ્યો. પોતાના પિતાની સઘળી સંપત્તિ તેણે વેશ્યાને આપી દીધી. અજામિલ સંપૂર્ણ ધર્મભ્રષ્ટ થયો.

અજામિલને વેશ્યા થકી નવ પુત્રો થયા. એક વાર નારદજીનો તેને સમાગમ થયો. નારદજીએ કરુણાવશ તેના જીવનું રૂડું કરવા કહ્યું: 'હવે જે સંતાન થાય તેનું નામ તું નારાયણ રાખજે.' તે મુજબ સૌથી નાના ૧૦મા પુત્રનું નામ તેણે 'નારાયણ' રાખ્યું. નારાયણ અત્યંત વહાલો હોવાથી અજામિલ હંમેશા સાથે રાખી તેને વારેવારે 'નારાયણ' નામથી બોલાવતો.

અજામિલને ૮૮ વર્ષે અંતકાળે ત્રણ ભયાનક યમદૂતો લેવા આવ્યા. તેનાથી વ્યાકુળ થઈ તેણે નજીક રમી રહેલા પુત્રને મોટા અવાજે બોલાવ્યો: 'ઓ.. નારાયણ!' ભગવાનનું નામ સાંભળી તુરંત વિષ્ણુના ચાર પાર્ષદો પધાર્યા ને યમદૂતોને અજામિલના સૂક્ષ્મ દેહને લઈ જતાં અટકાવ્યા.

યમદૂતો કહે: 'આ અજામિલનું સઘળું જીવન પાપમય છે. અમે તેને યમરાજ પાસે લઈ જઈશું. ત્યાં દંડ ભોગવી તે શુદ્ધ થશે.'

વિષ્ણુના પાર્ષદો કહે: 'આણે વિવશ થઈને પણ 'નારાયણ' નામનું ઉચ્ચારણ કર્યું, તેમાં જ તેનાં કરોડો જન્મોનાં પાપ બળીને ભસ્મ થઈ ગયાં છે. ભૂલથી પણ અમૃત પીનાર અમર થાય; તેમ ગમે તે પ્રકારે, ગમે તે ભાવે, ગમે તે વ્યક્તિ ભગવાનનું નામ લે, તે નરક યાતનાથી મુક્ત થાય છે. માટે તમે આને નહીં લઈ જઈ શકો.'

આ રીતે અજામિલને યમદૂતોના પાશથી છોડાવી વિષ્ણુના પાર્ષદો અદૃશ્ય થઈ ગયા.

અજામિલને હવે પોતાનું પવિત્ર, સદાચારમય પૂર્વજીવન યાદ આવ્યું. વેશ્યાના કુસંગે ભ્રષ્ટ થઈ તેણે કરેલા પાપકર્મ પર પશ્ચાત્તાપ થયો. સર્વનો ત્યાગ કરી તે હરિદ્વાર જઈ ભગવદ્‌ભજનમાં લીન થયો. અંતકાળે તેને તેડવા વિષ્ણુના તે જ ચાર પાર્ષદો પધાર્યા. અજામિલ ગંગાતટે પાર્થિવ શરીરનો ત્યાગ કરી, પાર્ષદનું સ્વરૂપ પ્રાપ્ત કરી, વિમાનમાં વૈકુંઠ સિધાવ્યા.

ભગવાન સ્વામિનારાયણે આનો ઉલ્લેખ કરતાં કહ્યું છે:

"અને ભગવાનનો મહિમા એમ વિચારવો જે, 'અજામેળ મહાપાપી હતો ને દીકરાને યોગે નારાયણ એવું નામ લીધું, તે સર્વ પાપથી છૂટીને પરમપદને પામ્યો; તો મને તો તે ભગવાન પ્રત્યક્ષ મળ્યા છે ને રાત-દિવસ તે ભગવાનનું હું નામ લઉં છું, માટે હું તો કૃતાર્થ થયો છું.' એવી રીતે વિચારીને આનંદમાં રહેવું." (વચ.સા.૯)

૧૯

ચિત્રકેતુ

શૂરસેન દેશમાં ચિત્રકેતુ નામે ચક્રવર્તી રાજા હતા. તેમને એક કરોડ સ્ત્રીઓ હતી, પરંતુ કોઈ સંતાન ન હતું, તેનું બહુ દુ:ખ હતું. ચિત્રકેતુની વિનંતીથી અંગિરા ઋષિએ તેનું દુ:ખ દૂર કરવા ત્વષ્ટા દેવનું યજન કરી, યજ્ઞની પ્રસાદી ચિત્રકેતુની ઈચ્છા મુજબ કૃતદ્યુતિ પટ્ટરાણીને ખવરાવી. કૃતદ્યુતિને સંતાન થયું તેથી તે રાજાની સૌથી પ્રિય, માનીતી રાણી થઈ. બીજી રાણીઓએ ઈર્ષ્યાથી એક વાર રાજકુંવરને ઝેર આપી મારી નાંખ્યો.

પુત્રના મૃત્યુથી ચિત્રકેતુ મૂર્છિત થઈ તેના શબ પાસે ઢળી પડ્યા. અંગિરા ઋષિ અને નારદજીએ રાજાને જગતના નાશવંતપણાની વાતો કરી પુત્ર પ્રત્યે સાંખ્ય કરાવવા પ્રયત્ન કર્યો, પણ રાજાનો શોક, મોહ દૂર ન થયા. એટલે નારદજીએ યોગબળથી પુત્રને જીવતો કર્યો. ત્યારે તેણે પિતાને કહ્યું: 'જીવમાત્ર પ્રારબ્ધવશ જુદા જુદા જન્મોમાં એકબીજાનાં ભાઈભાંડું, સગાં-વહાલાં, શત્રુ-મિત્ર થતાં રહે છે. આત્માને કોઈ પારકું-પોતાનું નથી. હું પણ કર્માનુસાર અનેક યોનિઓમાં ભટક્યા કરું છું. તમે તો ફક્ત આ એક જ જન્મમાં મારાં માતા-પિતા હતાં. બાકી મારે ને તમારે કોઈ જાતનો સંબંધ નથી. માટે શોક ન કરો.' આમ કહીને પુત્રનો જીવ ચાલ્યો ગયો.

ચિત્રકેતુને જ્ઞાન થયું. તેથી તેઓ બધું જ ત્યાગ કરીને ભગવાન ભજવા નીકળી પડ્યા.

ભગવાન સ્વામિનારાયણે આનો ઉલ્લેખ કર્યો છે:

- *"ભગવાનનો જ્યારે યથાર્થ મહિમા જણાયો ત્યારે ચિત્રકેતુ રાજાએ કરોડ સ્ત્રીઓનો ત્યાગ કર્યો અને સર્વે પૃથ્વીનું ચક્રવર્તી રાજ્ય હતું*

તે રાજ્યનો પણ ત્યાગ કર્યો ને તે એમ સમજ્યા જે, 'એ ભગવાનના સુખ આગળ એ સો લાખ સ્ત્રીઓનું સુખ તે શી ગણતીમાં? અને ચક્રવર્તી રાજ્યનું સુખ પણ શી ગણતીમાં? અને તેથી ઈન્દ્રના લોકનું ને બ્રહ્માના લોકનું સુખ પણ શી ગણતીમાં?'" (વચ.ગ.મ.૫૭)

- *"અને ભગવાનના ભજન જેવું સ્ત્રીને વિશે સુખ હોય તો ચિત્રકેતુ રાજા કરોડ સ્ત્રીઓને શા સારુ મૂકે? અને ભગવાનના ભજનના સુખ આગળ તો ચૌદ લોકનું જે સુખ તે નરક જેવું કહ્યું છે." (વચ.વર.૧૬)*

ચિત્રકેતુ નારદજીના મંત્રવિદ્યાના ઉપદેશથી શેષનાગના લોકને પામ્યા. વિદ્યાધરોનું અખંડ આધિપત્ય મેળવ્યું. વિમાન દ્વારા આકાશમાર્ગે તથા સુમેરુ પર્વતની ઘાટીઓમાં કરોડો વર્ષ સુધી વિહાર કર્યો.

એક વાર વિમાન દ્વારા કૈલાસ પરથી પસાર થતાં તેમણે જોયું કે શિવજી મુનિઓ, સિદ્ધો, ચારણોની સભામાં બેઠા હતા. અહીં શિવજી અને પાર્વતીને સાથે બેઠેલાં જોઈને ચિત્રકેતુએ તેમનો ઉપહાસ કર્યો. જોકે શિવજી સ્થિર રહ્યા, પરંતુ પાર્વતીજીએ ક્રોધપૂર્વક કહ્યું: 'અમારે આત્મા-પરમાત્માનું, જીવ ને શિવનું મિલન છે. મૈથુનીભાવ જ નથી. છતાં અમારામાં દોષ કલ્પી તેં શિવજીનો દ્રોહ કર્યો છે. તેના દંડરૂપે તું અસુરયોનિમાં જા.'

પાર્વતીજીના શાપથી ચિત્રકેતુ રાજા બીજા જન્મે વૃત્રાસુર થયા. પૂર્વ-સંસ્કારના યોગથી તેમની મતિ ભગવાનમાં જ રહી. તેમની પ્રાર્થના પણ ભક્તતુલ્ય છે. (જુઓ 'વૃત્રાસુર'નો પાત્ર પરિચય)

૨૦

વૃત્રાસુર

પાર્વતીજીના શાપથી ચિત્રકેતુ રાજા બીજે જન્મે અસુર થયા. ઇન્દ્રે ત્વષ્ટા પ્રજાપતિના પુત્ર વિશ્વરૂપનો વધ કર્યો. ત્વષ્ટાએ ઇન્દ્રને મારવા શત્રુ ઊભો કરવા યજ્ઞ કર્યો. પરંતુ મંત્ર બોલવામાં ભૂલ થઈ. તેથી અસુર પ્રગટ થયો. તેણે બધા લોકને આવૃત્ત કરી દીધા, તેથી વૃત્રાસુર તરીકે ઓળખાયો. તેનું શરીર રોજ બધી બાજુ એક બાણ જેટલું વધતું.

દેવતાઓ શસ્ત્ર-અસ્ત્રથી તેને મારવા લાગ્યા, પરંતુ તે સર્વેને ગળી ગયો. તેથી ભગવાનની સૂચના મુજબ દેવોએ દધીચિ ઋષિને વિનંતી કરી, તેમનાં અસ્થિ પ્રાપ્ત કરી તેનાથી વિશ્વકર્મા દ્વારા ઇન્દ્ર માટે વજ્ર બનાવ્યું. ઇન્દ્ર વૃત્રાસુર સામે આ વજ્ર લઈ ઉપસ્થિત થયા. વૃત્રાસુરને જાણે ભગવાન પોતાની સમક્ષ ઊભા હોય તેવું લાગ્યું! અસુર હોવા છતાં તેણે ભક્તતુલ્ય પ્રાર્થના કરી: 'હે ભગવાન! આવતા જન્મે હું આપના દાસનો દાસ બનું. મારું મન આપનું સ્મરણ કરે, વાણી આપનાં ગુણગાન ગાય અને શરીર આપની સેવા કરે. હું આપને છોડીને સ્વર્ગ, ત્રિલોકીનું રાજ્ય, સિદ્ધિઓ નથી ઇચ્છતો. મારું મન હંમેશાં આપને જોવા તલસે છે. હું જે યોનિને પામું ત્યાં હંમેશા આપના ભક્તો-સંતોનો સંગ મને પ્રાપ્ત થાય.'

છેવટે ઇન્દ્રે વજ્ર વડે તેનું મસ્તક છેદી નાખ્યું. એના શરીરમાંથી આત્મ-જ્યોતિ નીકળી ભગવાનના સ્વરૂપમાં લીન થઈ ગઈ.

શ્રીહરિએ આનો ઉલ્લેખ કરતાં કહ્યું છે:

"પ્રારબ્ધકર્મને વશ થઈને જો કોઈક નીચ-ઉચ્ચ દેહની પ્રાપ્તિ થાય તોપણ વૃત્રાસુરની પેઠે જ્ઞાન જાય નહીં." (વચ.ગ.મ.૧૩)

૨૧

પૃથુરાજા

સ્વાયંભુવ મનુના પૌત્ર ધ્રુવજીના વંશમાં અંગ રાજા થયા. તેમની પત્ની મૃત્યુની પુત્રી સુનીથા હતી. તેમના થકી મહાદુષ્ટ, અત્યાચારી પુત્ર વેન થયો. અંગ રાજાએ વેનને સુધારવા બહુ પ્રયત્નો કર્યા, પરંતુ તે નિષ્ફળ થતાં તેઓ રાજ્ય છોડી વનમાં ગયા. માતાની સંમતિથી વેન રાજા થયો. તેણે યજ્ઞ-હોમ-દાન વગેરે ધર્મકર્મ બંધ કરાવ્યાં. ઋષિઓ તેને સમજાવવા ગયા તો તેણે કહ્યું : 'રાજાના શરીરમાં સર્વ દેવો વસે છે. માટે તમે મારી જ ભક્તિ કરો.'

ઋષિઓએ કેવળ હુંકારથી તેને મારી નાંખ્યો. માતા સુનીથા મંત્રશક્તિથી તેના શબનું રક્ષણ કરતી રહી.

રાજા વિના ચોર-લૂંટારુઓનો ઉપદ્રવ વધ્યો. લોકોનું જીવન અસલામત બન્યું. દેશમાં અંધાધૂંધી ફેલાઈ. તેથી ઋષિઓએ વેનના શબના બે હાથોનું મંથન કર્યું. તેમાંથી એક સ્ત્રી ને પુરુષ ઉત્પન્ન થયાં. ઋષિઓ કહે : 'આ પુરુષ વિષ્ણુનો અંશ છે. તે પોતાના સુયશનું પ્રથન (વિસ્તરણ) કરશે. માટે 'પૃથુ' નામે સમ્રાટ થશે, ને લક્ષ્મીનો અંશ આ સ્ત્રી અર્ચિ તેમની પત્ની બનશે.'

વેનના અત્યાચાર-પાપથી પૃથ્વી અન્નનાં તમામ બીજોને ગળી ગઈ હતી. તેથી પૃથ્વી પર ભૂખ, દરિદ્રતા ફેલાયાં હતાં. પૃથુ રાજા હાથમાં ધનુષ્ય-બાણ લઈ પૃથ્વીને દંડ દેવા તેની પાછળ પડ્યા. પૃથ્વી ગાયનું સ્વરૂપ ધારણ કરી ભાગી. પૃથ્વીએ રાજાને સ્તુતિ કરી શાંત પાડ્યા. પૃથુ રાજાએ પૃથ્વીરૂપી ગાયને દોહી અન્ન, ઔષધિ વગેરે ઉત્પન્ન કર્યાં. તેમણે પર્વતોનાં શિખરો તોડી પૃથ્વીને સમતળ કરી ગામ, નગરો વસાવ્યાં. તેને પુત્રી તરીકે સ્વીકારી તેથી તે પૃથુની પુત્રી 'પૃથ્વી' કહેવાઈ.

પૃથુ રાજાએ ભગવાનને પ્રસન્ન કરવા ૯૯ અશ્વમેધ યજ્ઞો કર્યા. ૧૦૦મા યજ્ઞનો પ્રારંભ કર્યો ત્યારે ઇન્દ્રને પોતાનું પદ છીનવાઈ જવાની ચિંતા થઈ. તેથી તેણે સાત વાર અશ્વ લઈ જવા સાધુ, દિગંબર, રક્તાંબર, સંન્યાસી, કાપાલિક વગેરે વેશ ધારણ કર્યા; જે પાપના ખંડ (ટુકડા) હોવાથી પાખંડ કહેવાયા. ત્યારથી પૃથ્વી પર પાખંડ ધર્મ શરૂ થયો. પૃથુ રાજા ઇન્દ્રનો વધ કરવા ગયા ત્યારે બ્રાહ્મણો કહે: 'તમે યજ્ઞ-દીક્ષા લીધી છે, માટે તમારે વધ ન કરાય. અમે મંત્રથી ઇન્દ્રને યજ્ઞમાં હોમી દઈશું.'

બ્રહ્માએ તેમને અટકાવી પૃથુને કહ્યું: 'તમને ઇન્દ્રપદની ઇચ્છા નથી. માટે ૧૦૦મો યજ્ઞ ન કરો. નહીંતર ઇન્દ્ર વધુ પાખંડ માર્ગોનો પ્રચાર કરશે અને પ્રજા તે તરફ ખેંચાશે.'

બ્રહ્માના કહેવાથી પૃથુએ યજ્ઞનો આગ્રહ છોડી ઇન્દ્ર સાથે સંધિ કરી.

વિષ્ણુ ભગવાને પ્રસન્ન થઈ વરદાન માગવા કહ્યું, ત્યારે પૃથુ રાજાએ માગ્યું:

'न कामये नाथ तदप्यहं क्वचिन् न यत्र युष्मच्चरणाम्बुजासवः।
महत्तमान्तर्हृदयान्मुखच्युतो विधत्स्व कर्णायुतमेष मे वरः॥

(भागवत : ४/२०/२४)

હે નાથ! જેમાં મોટાપુરુષના હૃદયમાંથી મુખ દ્વારા ઝરેલો, તમારાં ચરણકમળનો આસવ (રસ) નથી તેવી મોક્ષપદવી પણ હું ક્યારેય ઇચ્છતો નથી. (માટે આપની કથા સાંભળવા) મારા દશ હજાર કાન કરો (આપો). અમારી પ્રાર્થના છે.'

ભગવાન સ્વામિનારાયણે આનો ઉલ્લેખ કર્યો છે:

"અતિશય માહાત્મ્ય સહિત ભક્તિ ભગવાનને વિશે હોય તો એક ભક્તિને વિશે (ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય) ત્રણે આવી જાય... અને એવી અસાધારણ ભક્તિ તો પૃથુરાજાને હતી, તે ભગવાને વર દેવાનું કહ્યું ત્યારે ભગવાનની કથા સાંભળ્યા સારુ દસ હજાર કાન માગ્યા પણ બીજું કાંઈ ન માંગ્યું."(વચ.વર.૩)

દશ હજાર કાન એટલે તેટલા કાનથી કથાશ્રવણ કરવાની શ્રદ્ધા, ઉમંગ, ભક્તિ માંગી. પૃથુ રાજાએ ગંગા ને યમુના પ્રદેશમાં રાજ કર્યું. અંતે રાજા-રાણી વનમાં ગયાં. ભગવાનમાં મન જોડી વૈકુંઠ સિધાવ્યા.

૨૨

દક્ષ

દક્ષ પ્રજાપતિ બ્રહ્માજીના પુત્ર હતા. તેમણે મનુપુત્રી પ્રસૂતિ સાથે લગ્ન કર્યાં. તેમના વડે ૧૬ પુત્રીઓ થઈ. તેમાંના એક સતિ જે આદ્યશક્તિનો પ્રથમ અવતાર હતા, તેમને શિવજીને અર્પણ કર્યા.

એક વાર પ્રજાપતિઓના યજ્ઞમાં ઋષિઓ, દેવતાઓ એકત્રિત થયા હતા. તે સભામાં દક્ષ પ્રજાપતિ દાખલ થયા. ત્યારે તમામે ઊભા થઈ તેમનું અભિવાદન કર્યું. પરંતુ શિવજી ધ્યાનસ્થ હોવાથી ઊભા ન થયા. પોતાના જમાઈ શિવજીની આ ક્રિયાને અપમાન સમજી દક્ષ ક્રોધથી બોલી ઊઠ્યા :

'આ શંકરે મને માન ન દીધું, તેથી હું શાપ દઉં છું કે આજથી દેવોના યજ્ઞમાંથી શંકરને ભાગ ન મળે.' આમ કહી તેઓ પોતાના નિવાસસ્થાને ગયા.

શિવજીના અગ્રગણ્ય ભક્ત નંદીશ્વરને આની જાણ થઈ. તેમણે શાપ આપ્યો : 'દક્ષ તત્ત્વજ્ઞાનથી વિમુખ રહે. કર્મકાંડમાં જ પ્રવૃત્ત રહે. ગૃહસ્થાશ્રમમાં સ્ત્રી-લંપટ થાય. તેનું મોઢું બકરાનું થાય.'

બ્રાહ્મણકુળને અપાયેલા આ શાપ સાંભળી ભૃગુ ઋષિએ પણ સામે શાપ આપ્યો.

આમ, નંદીશ્વર અને ભૃગુઋષિને સામસામા શાપ થયા.

દક્ષે શિવજીના અપમાનનો બદલો લેવા પ્રથમ વાજપેય યજ્ઞ, ત્યારબાદ બૃહસ્પતિ યજ્ઞનો પ્રારંભ કર્યો. તેમાં શંકર સિવાયના બધાને આમંત્રણ આપ્યું. શંકરનો ભાગ પણ ન રાખ્યો.

સુંદર વસ્ત્રાભૂષણો ધારણ કરી દેવ-દેવીઓ, ગાંધર્વો, યક્ષો, પિતૃઓ

વિમાનો દ્વારા કૈલાસ પાસેથી પસાર થતાં હતાં. આ જોઈ સતીએ શિવજી પાસે આજ્ઞા માગી: 'મને યજ્ઞમાં જઈ સંબંધીઓને મળવાની ઇચ્છા છે. પિતાના ઘરે તો પુત્રીએ વગર આમંત્રણે પણ જવાય. માટે મને રજા આપો.'

શંકરે સતીને ચેતવ્યા: 'દેવી! તમારા પિતા દક્ષને મારા પ્રત્યે ક્રોધ છે. તેથી તમારો અનાદર કરી અપમાન કરશે. તમારું ભૂંડું થશે.'

શંકરની અનિચ્છા છતાં સ્ત્રીહઠને વશ થઈ સતી પિતાના યજ્ઞમાં ગયા.

સતીને દક્ષે યજ્ઞમાં આવકાર ન આપ્યો. વળી, સતીએ જોયું કે યજ્ઞમાં શિવજીનો ભાગ પણ નહોતો. તેઓ પોતાના પતિનું આવું અપમાન સહન ન કરી શક્યા ને બોલ્યાં: 'હે પિતાજી! તમે શિવના દ્વેષી છો. તમારા દ્વારા પ્રાપ્ત થયેલા આ દેહની મને લજ્જા આવે છે. હું હમણાં જ આ દેહનો ત્યાગ કરું છું.' એમ કહી સતી યોગાગ્નિ વડે ભસ્મિભૂત થયાં.

શિવજીને આ વાતની જાણ થતાં તેમણે જટામાંથી વીરભદ્રને ઉત્પન્ન કરી કહ્યું: 'તું દક્ષનો ને તેના યજ્ઞનો નાશ કર.' તેની સાથે શંકરના ગણોએ પણ ત્યાં જઈ યજ્ઞશાળાનો નાશ કરી આગ લગાડી. વીરભદ્રે દક્ષનું મસ્તક કાપી યજ્ઞકુંડમાં હોમી દીધું.

બ્રહ્માજીએ દેવતાઓ, ઋત્વિજોને કૈલાસ લઈ જઈ શંકરની માફી માગી, સ્તુતિ કરી અધૂરો યજ્ઞ પૂરો કરવા મનાવ્યા. શિવજી યજ્ઞસ્થળે પધાર્યા. ઘવાયેલા સૌની સારવાર અશ્વિનીકુમાર દ્વારા કરાવી. દક્ષના ધડ સાથે બકરાનું મુખ જોડી દીધું. દક્ષને પશ્ચાત્તાપ થયો. શિવજીની માફી માગી.

ભગવાન સ્વામિનારાયણે આ પ્રસંગનો ઉલ્લેખ કરતાં લૌકિક વિવેક શીખવ્યો છે:

"અને વળી જે કોઈક સંસારમાં રજોગુણી મોટો મનુષ્ય કહેવાતો હોય ને તે જ્યારે સભામાં આવે, ત્યારે તેને આદર કરીને સર્વ સભાને મોઢા આગળ બેસાર્યો જોઈએ; અને એ વ્યવહાર છે, તે જ્ઞાની હોય, ત્યાગી હોય, તેને પણ રાખ્યો જોઈએ ને જો ન રાખે તો એમાંથી ભૂંડું થાય છે...અને જ્યારે બ્રહ્માની સભામાં દક્ષ પ્રજાપતિ આવ્યા ત્યારે શિવજી ઊભા ન થયા અને વચને કરીને પણ દક્ષનું સન્માન ન થયું. પછી દક્ષને રીસ ચડી, તે શિવનો યજ્ઞમાંથી ભાગ કાઢી નાખ્યો. પછી નંદીશ્વર ને ભૃગુઋષિ તેને સામસામા શાપ થયા. પછી તે પાપમાં સતી દક્ષના યજ્ઞમાં બળી મૂઆં અને વીરભદ્રે દક્ષનું માથું કાપીને

અગ્નિમાં હોમ્યું અને દક્ષનું મુખ બકરાનું થયું. માટે ગૃહસ્થ તથા ત્યાગી એ સૌને એ રીત રાખવી જે, 'સંસાર-વ્યવહારે જે મોટો માણસ કહેવાતો હોય તેનું સભામાં કોઈ રીતે અપમાન કરવું નહીં;' અને જો અપમાન કરે તો એમાંથી જરૂર દુઃખ થાય અને ભજન-સ્મરણમાં પણ વિક્ષેપ થાય." (વચ.ગ.મ.૬૧)

આદ્યશક્તિનો પ્રથમ અવતાર દક્ષપુત્રી સતી, બીજા જન્મે હિમાલય અને મેના(મેનકા/મેનાવતી)નાં પુત્રી તરીકે જન્મ્યાં. પર્વતની પુત્રી થયાં, તેથી 'પાર્વતી' કહેવાયાં. શિવજીને પ્રસન્ન કરી તેમની સાથે લગ્ન કરવા ઉગ્ર તપસ્યા કરી. માતા મેનાએ લાગણીવશ આંખમાં આંસુ સાથે પાર્વતીને ભેટીને કહ્યું : 'ઉ...મા...' અર્થાત્ 'હે બેટી ! આવું ન કર.' ત્યારથી પાર્વતીજી 'ઉમા' કહેવાયાં. તપશ્ચર્યાથી ડગાવવા ઘણા દેવો, અસુરો, ગંધર્વો, વગેરે આવ્યાં. પાર્વતીજીના પ્રેમની પરીક્ષા કરવા શિવજીના કહેવાથી સપ્ત ઋષિઓએ પણ આવી શિવજીના દોષ અને વિષ્ણુના ગુણ બતાવી વિષ્ણુ સાથે વિવાહ કરવા સમજાવ્યા, પરંતુ પાર્વતીજી બોલ્યાં :

'जन्म कोटि लगि रगर हमारी, बरउँ संभु नत रहउँ कुआरी ।'

(रामचरितमानस : बालकांड/८०/३)

ભગવાન સ્વામિનારાયણે આનો ઉલ્લેખ કર્યો છે :

"અને પોતાને ભગવાનની મૂર્તિ મળી હોય તેને વિશે જ પતિવ્રતાની પેઠે ટેક રાખવી. જેમ પાર્વતીએ કહ્યું છે જે, 'કોટિ જન્મ લગ રગડ હમારી, વરું શંભુ કે રહું કુમારી.'" (વચ.લો.૧૧)

૨૩

જય-વિજય

વિષ્ણુના પાર્ષદ જય-વિજય વૈકુંઠલોકમાં દ્વારપાળ હતા. બ્રહ્માના માનસ-પુત્રો સનકાદિક (સનક, સનંદન, સનાતન, સનત્કુમાર) મુનિઓ વયોવૃદ્ધ હોવા છતાં હંમેશા પાંચ વર્ષના નાના બાળકની જેવા દેખાય છે. કૌપીનધારી તેઓ સમગ્ર બ્રહ્માંડમાં ભગવાનનું ભજન કરતા થકા વિચરતા રહે છે. એક વાર તેઓ વિષ્ણુ ભગવાનનાં દર્શન કરવા વૈકુંઠ આવી પહોંચ્યા. તેમની ઉચ્ચ સ્થિતિથી અજાણ જય-વિજયે તેમને સામાન્ય બાળક સમજી, અપમાન કરી, ભગવાન પાસે જતાં રોક્યા. સનકાદિકે તેમને શાપ આપ્યો: 'તમે વૈકુંઠમાં રહેવા છતાં તમારી મંદ, દુષ્ટ, આસુરી બુદ્ધિ શુદ્ધ થઈ નથી. માટે તમે ત્રણ જન્મ સુધી અસુરયોનિમાં જન્મ ધારણ કરો.'

જય-વિજયને પોતાની ભૂલ બદલ પશ્ચાત્તાપ થયો અને સનકાદિકની માફી માંગી પ્રાર્થના કરી: 'અમે જ્યાં-જ્યાં અવતરીએ ત્યાં-ત્યાં ભગવાનનું સ્મરણ અમને અખંડ રહે તેવી કૃપા કરશો.'

ત્યારે સનકાદિક મુનિએ તેમને કહ્યું: 'ત્રણેય જન્મોમાં દૈત્યકુળમાં જન્મ ધરી તમે વૈરભાવે પ્રભુનું ભજન કરશો. વિષ્ણુ ભગવાન થકી જ તમારો પ્રત્યેક જન્મમાં મોક્ષ થશે. અંતે તમે પાછા વૈકુંઠલોકમાં સ્થાન પામશો.'

જય-વિજયે ત્રણ જન્મ લીધા. તેમનો મોક્ષ કરવા વિષ્ણુ ભગવાને ચાર અવતાર ધારણ કર્યા.

(૧) હિરણ્યાક્ષ-હિરણ્યકશિપુ તરીકે જન્મ. વરાહવતાર થકી હિરણ્યાક્ષનો અને નૃસિંહાવતાર થકી હિરણ્યકશિપુનો મોક્ષ થયો.

(૨) રાવણ-કુંભકર્ણ. રામાવતાર થકી મોક્ષ.

(૩) શિશુપાલ-દંતવક્ત્ર. કૃષ્ણાવતાર થકી મોક્ષ.

આમ, સનકાદિક મુનિનો શાપ પણ જય-વિજય માટે આશીર્વાદરૂપ થયો. ભગવાન સ્વામિનારાયણ ઘણાં વચનામૃતોમાં આનો ઉલ્લેખ કરતાં કહે છે :

- *"ભગવાન પોતાના ભક્તના દ્રોહના કરનારા ઉપર જેવા કુરાજી થાય છે ને દુખાય છે, તેવા કોઈ પાપે કરીને દુખાતા નથી. અને જ્યારે વૈકુંઠલોકમાં જય-વિજયે સનકાદિકનું અપમાન કર્યું ત્યારે ભગવાન તત્કાળ સનકાદિક પાસે આવ્યા ને સનકાદિક પ્રત્યે એમ બોલ્યા જે, 'તમારા જેવા સાધુ છે તેનો જે દ્રોહ કરે તે તો મારા શત્રુ છે. માટે તમે જય-વિજયને શાપ દીધો એ બહુ સારું કર્યું. અને તમારા જેવા ભગવદીય બ્રાહ્મણ તેનો તો જો મારો હાથ દ્રોહ કરે તો તે હાથને પણ હું કાપી નાંખું તો બીજાની શી વાત કહેવી?' એવી રીતે વૈકુંઠનાથ ભગવાન સનકાદિક પ્રત્યે બોલ્યા. ને જય-વિજય હતા તે ભગવદીયના અપરાધરૂપી જે પાપ તેણે કરીને દૈત્ય થયા. એવી રીતે જેણે ભગવાનના ભક્તનો દ્રોહ કર્યો છે તે સર્વે મોટી પદવીમાંથી પડી ગયા છે, તે શાસ્ત્રમાં વાત પ્રસિદ્ધ છે." (વચ.ગ.અં.૨૨)*
- *"જય-વિજય (વૈકુંઠમાંથી) પડ્યા એ તો ભગવાને પોતાના સંતનો મહિમા દેખાડવા સારુ પાડ્યા જે, 'સનકાદિક જેવા સંતનો દ્રોહ કરે તો વૈકુંઠાદિક જેવા ધામને પામ્યો હોય તોય પણ પડી જાય છે.'" (વચ.સા.૧૪)*
- *"આસુરભાવને વિશે અને દૈવીભાવને વિશે મુખ્ય હેતુ તો સત્પુરુષનો કોપ અને અનુગ્રહ છે. જેમ જય-વિજય ભગવાનના પાર્ષદ હતા તેણે સત્પુરુષ એવા જે સનકાદિક તેનો દ્રોહ કર્યો ત્યારે અસુરભાવને પામી ગયા અને પ્રહ્લાદજી દૈત્ય હતા તેણે નારદજીનો ઉપદેશ ગ્રહણ કર્યો તો પરમભાગવત સંત કહેવાયા. માટે મોટા-પુરુષનો જે ઉપર કોપ થાય તે જીવ આસુરી થઈ જાય છે અને જે ઉપર મોટાપુરુષ રાજી થાય તે જીવ દૈવી થઈ જાય છે; પણ બીજું દૈવી-આસુરી થયાનું કારણ નથી." (વચ.વર.૧૫)*

- *"એક ક્રોધ, બીજું માન, ત્રીજી ઈર્ષ્યા, ચોથું કપટ એ ચાર વાનાં પરમેશ્વર સાથે તથા સંત સાથે રાખે નહીં, તો કોઈ દિવસ એની આસુરી બુદ્ધિ થાય નહીં. અને એ ચાર વાનાં માંહેલું એકે જો રાખે તો જેમ જય-વિજય ઘણાય ડાહ્યા હતા પણ સનકાદિક સંગાથે માને કરીને વૈકુંઠલોકમાંથી પડી ગયા ને આસુરી બુદ્ધિ થઈ, તેમ તેની પણ આસુરી બુદ્ધિ થાય."* (વચ.ગ.પ્ર.૩૫)
- *"દેશકાળાદિક જે આઠ છે તેમાં જેવું પૂર્વસંસ્કારમાં જોર છે તેવું જ એક-એકમાં છે, માટે જ્યારે એનો યોગ થાય ત્યારે જરૂર બંધન થાય છે અને પૂર્વના સંસ્કારનું જોર રહેવા દેતાં નથી... અને જય-વિજય હતા તેણે જો અયોગ્ય ક્રિયા કરી તો જે ઠેકાણે કાળ, કર્મ ને માયા નથી એવું જે ભગવાનનું ધામ ત્યાંથી પડી ગયા. અને જો નારદજીને રાજી કર્યા તો પ્રહ્‌લાદને દેશકાળાદિક અશુભ હતાં તોપણ નડી શક્યાં નહીં ને જો સનકાદિકને કોપાયમાન કર્યા તો દેશકાળાદિક શુભ હતાં તોપણ જય-વિજય પડી ગયા."* (વચ.ગ.મ.૨૭)

૨૪

સૌભરિ ઋષિ

સૌભરિ ઋષિએ યમુનાના ધરામાં ડૂબકી લગાવીને ૬૦,૦૦૦ વર્ષ સુધી તપ કર્યું. એક વાર એક મત્સ્યરાજનું ઘણી બધી માછલીઓ સાથે મૈથુન જોઈને તેમને પરણવાની ઈચ્છા થઈ. તેમણે મનુપુત્ર ઈક્ષ્વાકુના વંશમાં થયેલા માંધાતા રાજા પાસે તેમની પચાસમાંથી એક કન્યાની માંગણી કરી. ઋષિ વૃદ્ધ ને કદરૂપા થયા હોવાથી માંધાતા રાજાએ કહ્યું: 'મારી કન્યા સ્વયંવરમાં તમને સ્વીકારે તો તમે તેને લઈ જજો.' સૌભરિ ઋષિએ પોતાના તપના પ્રભાવથી સુંદર યુવા-દેહ ધારણ કર્યો. અંતઃપુર રક્ષકે તેમને કન્યાઓના મહેલમાં પહોંચાડી દીધા.

માંધાતા રાજાની તમામ પચાસ કન્યાઓ તેમનામાં મોહ પામીને તેમને પરણી. ઋષિ પોતાના તપના પ્રભાવથી દરેક કન્યા માટે સ્વતંત્ર રચેલા કીમતી ભોગ-સામગ્રીઓથી યુક્ત મહેલોમાં અને ઉપવનોમાં દરેક સાથે સ્વતંત્રરૂપે એક જ સમયે વિહાર કરવા લાગ્યા. ગૃહસ્થ સુખમાં આસક્ત સૌભરિ ઋષિની કામવાસના વધતી ગઈ. તેમને પચાસ કન્યાઓ થકી પાંચ હજાર પુત્રો થયા. ઘણાં વર્ષો ભોગ ભોગવ્યા બાદ એક દિવસ તેમને અંતર્દષ્ટિ થઈ. તેઓ કહે છે:

"અરે, હું તો મહાન તપસ્વી હતો. મેં સારી રીતે વ્રતોનું અનુષ્ઠાન પણ કર્યું હતું. મારું આ અધઃપતન તો જુઓ! મેં દીર્ઘકાળથી મારા બ્રહ્મતેજને અક્ષુણ્ણ રાખ્યું હતું. પરંતુ જળમાં વિહાર કરતી એક માછલીના સંસર્ગથી મારું તે બ્રહ્મતેજ નષ્ટ થઈ ગયું! તેથી જેને મોક્ષની ઇચ્છા છે, તે મુમુક્ષુએ જો એકલા રહીને એકાંતમાં ભગવાનમાં મન જોડવું હોય તો ભલે જોડે, પણ બ્રહ્મચર્યનિષ્ઠ ને ભગવાનમાં અનન્ય પ્રેમી નિષ્ઠાવાન એવા સાધુનો પ્રસંગ તો રાખે જ. તેણે મૈથુનાસક્ત પ્રાણીઓને જોવા ન જોઈએ.

પહેલા હું એકલો એકાંતમાં જ તપ કરતો હતો. પછી જળમાં માછલા-માછલીનો પ્રસંગ જોવાથી હું તપોભંગ થઈ ગયો. લગ્ન કરીને એકમાંથી પચાસ થઈ ગયો અને પછી સંતાનોરૂપે પાંચ હજાર થઈ ગયો! વિષયોમાં સત્યબુદ્ધિ હોવાથી માયાના ગુણોએ મારી બુદ્ધિ હરી લીધી. હવે તો લોક અને પરલોકના સંબંધમાં મારું મન એટલી લાલસાઓથી ભરાઈ ગયું છે કે, હું કોઈ પણ રીતે તેનો અંત જોતો નથી.''[૫]

આમ, સૌભરિમુનિએ ખૂબ પશ્ચાત્તાપ કર્યો. પુનઃ વૈરાગ્ય થવાથી તેઓ વનમાં તપ કરવા ચાલી નીકળ્યા. તેમની પત્નીઓ પણ તેમની સાથે વનમાં ચાલી નીકળી. સૌભરિ ઋષિએ ઘોર તપ કરી, પોતાની જાતને પરમાત્મામાં લીન કરી દીધી. તેમની પત્નીઓ પણ સતી થઈ ગઈ.


ભગવાન સ્વામિનારાયણ આનો ઉલ્લેખ *વચ.ગ.પ્ર.૭૫*માં કરતાં કહે છે:

- *''સુરાખાચરે પ્રશ્ન પૂછ્યો જે, ''જેના કુળમાં ભગવાનનો એક ભક્ત થાય તો તેનાં એકોત્તર પરિયાં ઉદ્ધરે છે,'' એમ કહ્યું છે અને તેના ગોત્રમાં કેટલાક તો સંતના ને ભગવાનના દ્વેષી પણ હોય ત્યારે તેનો કેવી રીતે ઉદ્ધાર છે?'' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''...અને માંધાતા રાજાની દીકરીઓ પચાસ, તે સૌભરિ ઋષિનું રૂપ જોઈને વરીઓ, તેને કામનાએ કરીને સૌભરિને વિશે હેત હતું તો તે સર્વેનું કલ્યાણ ઋષિના જેવું થયું. માટે જેના કુળમાં ભક્ત થયો હોય અને તેનાં કુટુંબી સર્વ એમ માને જે, 'આપણું મોટું ભાગ્ય છે જે આપણા કુળમાં ભગવાનનો ભક્ત થયો છે,' એવી રીતે ભક્તનું માહાત્મ્ય સમજીને હેત રાખે તો તે સર્વ કુટુંબીનું કલ્યાણ થાય; અને મરીને પિત્રી જે સ્વર્ગમાં ગયા હોય તે પણ જો એમ જાણે જે, 'આપણા કુળમાં ભગવાનનો ભક્ત થયો તે આપણું મોટું ભાગ્ય છે,' એમ સમજીને ભગવાનના ભક્તમાં હેત રાખે તો તે પિત્રીનું પણ કલ્યાણ થાય.''*

---

5. अहो इमं पश्यत मे विनाशं तपस्विनः सच्चरितव्रतस्य।
अन्तर्जले वारिचरप्रसङ्गात् प्रच्यावितं ब्रह्म चिरं धृतं यत्॥
सङ्गं त्यजेत मिथुनव्रतिनां मुमुक्षुः सर्वात्मना न विसृजेद् बहिरिन्द्रयाणि।
एकश्चरन् रहसि चित्तमनन्त ईशे युञ्जीत तद्व्रतिषु साधुषु चेत्प्रसङ्गः॥
एकस्तपस्व्यहमथाम्भसि मत्स्यसङ्गात् पञ्चाशदासमुत पञ्चसहस्त्रसर्गः।
नान्तं व्रजाम्युभयकृत्य-मनोरथानां मायागुणै-र्हृतमति-र्विषयेऽर्थभावः॥
(भागवत : 9/6/50-52)


બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ
(૧૯૨૧-૨૦૧૬)



બ્રહ્મસ્વરૂપ
પ્રમુખસ્વામી મહારાજ

પ્રમુખસ્વામી મહારાજ એટલે 'બીજાના ભલામાં આપણું જ ભલું છે...!' જીવનસૂત્ર સાથે લાખો લોકોને હૂંફ આપનાર એક વિરલ સંતવિભૂતિ. ભગવાન સ્વામિનારાયણની ગુણાતીત ગુરુપરંપરાના પાંચમા ગુરુદેવ આ વિશ્વવંદનીય સંતે નિર્વ્યાજ વાત્સલ્યવર્ષામાં બાળકો, યુવાનો, વૃદ્ધો, ભણેલા કે અભણ, દેશ કે વિદેશના સૌ કોઈને ધન્ય કર્યા હતા. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની અનેકવિધ આંતરરાષ્ટ્રીય પ્રવૃત્તિના સૂત્રધાર સ્વામીશ્રીએ, કઠિન પુરુષાર્થથી એક વિરાટ ચારિત્ર્યવાન સમાજ ખડો કર્યો છે. ૧૭,૦૦૦થી વધુ ગામોમાં વિચરણ; ૨,૫૦,૦૦૦થીય વધુ ઘરોની મુલાકાત; ૭,૦૦,૦૦૦થીય વધુ પત્રોનું લેખન; કરોડોની વ્યક્તિગત મુલાકાત વગેરે દ્વારા આ મહાન સંતે અસંખ્યનો જીવન-ઉત્કર્ષ કર્યો છે. અક્ષરધામ જેવા જગવિખ્યાત સંસ્કૃતિધામ ઉપરાંત, જગતભરમાં ૧,૧૦૦થીય વધુ મંદિરોનું સર્જન કરીને તેમણે સંસ્કૃતિનાં ચિરંતન સ્મારકો સ્થાપ્યાં છે. ભારત અને વિશ્વના અનેક દેશોમાં અનેક કુદરતી આપત્તિઓમાં તારાજ થયેલા લોકો માટે આ કરુણામૂર્તિ સંતની કરુણા વહી છે. એટલે જ, આંતરરાષ્ટ્રીય ધુરંધરોથી લઈને આદિવાસી સુધીના અસંખ્ય લોકોએ તેમને હૃદયપૂર્વક ચાહ્યા છે. સાધુતાના શિખર સમાન આ મહાન સંતની વિરાટ સિદ્ધિઓનું રહસ્ય એટલે પરમાત્માનો સાક્ષાત્કાર. અસંખ્યોએ તેમના સાંનિધ્યમાં પરબ્રહ્મની દિવ્ય અનુભૂતિ કરી છે, ઉચ્ચ અધ્યાત્મ-શિખર પ્રાપ્ત કર્યું છે.

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ
(જન્મ : તા. ૧૩-૯-'૩૩, જબલપુર, મધ્ય પ્રદેશ)



પ્રગટ બ્રહ્મસ્વરૂપ
મહંત સ્વામી મહારાજ

પ્રેરણામૂર્તિ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આધ્યાત્મિક અનુગામી તરીકે બિરાજમાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ એક વિરલ સંતવિભૂતિ છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પુરોગામી ગુરુદેવ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે સન ૧૯૬૧માં તીર્થધામ ગઢડા ખાતે એક સાથે ૫૧ સુશિક્ષિત નવયુવાનોને દીક્ષા આપ્યા બાદ નવદીક્ષિતોના મહંત તરીકે તેમને નિયુક્ત કર્યા ત્યારથી તેઓ 'મહંત સ્વામી'ના નામે વિશેષ આદરણીય બન્યા. તપ, વ્રત, સંયમ, ભક્તિ, સાધુતા, વિનમ્રતા, સરળતા ને બુદ્ધિમત્તા વગેરે અનેક સદ્‌ગુણો અને સેવામય જીવનથી તેઓ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની સતત પ્રસન્નતા પામતા રહ્યા. પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા અનુસાર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની અનેક સેવા-પ્રવૃત્તિઓમાં નેતૃત્વ પૂરું પાડીને તેમણે સેવકભાવે અનન્ય સેવાઓ આપી છે. સંસ્થાના વિરાટ આંતરરાષ્ટ્રીય મહોત્સવો, અક્ષરધામ જેવાં મહાન સર્જનો, બાળ-યુવા પ્રવૃત્તિઓ વગેરેમાં તેમનું યોગદાન અનન્ય રહ્યું છે. તેમનાં ગહન ચિંતનશીલ વ્યાખ્યાનોએ લાખો લોકોને આધ્યાત્મિક પ્રેરણાઓ આપી છે; તેમની ભગવન્મય પ્રતિભા અને સાધુતાએ સંતો, હરિભક્તો અને અસંખ્ય ભાવિકોનાં જીવન પર ઊંડો પ્રભાવ પાથર્યો છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી બી.એ.પી.એસ. સંસ્થાના છઠ્ઠા ગુરુદેવ તરીકે બિરાજીને તેઓ પ્રમુખસ્વામી મહારાજે વિસ્તારેલાં વિરાટ આધ્યાત્મિક અને સામાજિક કાર્યોના સૂત્રધાર તેમજ લાખો આબાલવૃદ્ધ ભક્તોના ગુરુદેવ બન્યા છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના પગલે પગલે તેઓ, બી.એ.પી.એસ.ના અસંખ્ય ભક્તો-ભાવિકોને ભગવાન શ્રી સ્વામિનારાયણે ચીંધેલા આધ્યાત્મિક માર્ગે વેગ આપી રહ્યા છે.

1819–2019

200

વચનામૃત

દ્વિશતાબ્દી મહોત્સવ

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ વસુંધરા પર અવતરીને
એક વિરાટ અને કલ્યાણમય આધ્યાત્મિક આંદોલન આદર્યું હતું.
એ આંદોલનના એક ભાગરૂપે હતાં – એમનાં જ્ઞાનસત્રો.
એમની એ પરાવાણીને પ્રમાણિત રીતે સંગ્રહીને તેમના સમકાલીન વિદ્વાન
અને સમર્થ સંતશિષ્યોએ તેનો સંપાદિત ગ્રંથ તૈયાર કર્યો.
નામ આપ્યું – વચનામૃત, જેને સ્વયં ભગવાને પ્રમાણિત પણ કર્યો.
આ વચનામૃત ગ્રંથ આધ્યાત્મિક ઇતિહાસમાં એક અજોડ શાસ્ત્ર છે.
જેમાં વેદ-વેદાંત-પુરાણ-ઇતિહાસ-સ્મૃતિ ગ્રંથો વગેરે તમામ શાસ્ત્રોનો
અનુભવ અને સાક્ષાત્કારયુક્ત અર્ક ટપકે છે. આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા
ઇચ્છતા કોઈપણ મુમુક્ષુ માટે વચનામૃત એક અનિવાર્ય ગ્રંથ છે.
તેમાં સૌ કોઈને સમજાય તેવું સરળ, અદ્‌ભુત, અનુભવપૂર્ણ માર્ગદર્શન છે.
આધ્યાત્મિક માર્ગે મુમુક્ષુને ઉદ્‌ભવતા પ્રશ્ન માત્રનું સર્વોત્તમ સમાધાન છે.
પ્રેરણામૂર્તિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદ સાથે
વચનામૃત દ્વિશતાબ્દી પર્વે વિવિધ દૃષ્ટિકોણથી વચનામૃતનું આચમન કરાવતી
આ પુસ્તિકા-શ્રેણીને માણીએ અને વચનામૃતને હૈયે ઊતારીએ...

स्वामिनारायण
BAPS

Vachanamrutma Bhagvatna Patro USD 0.75
1 5 8 6 2
B G 3 6 2
ISBN: 978-81-7526-948-4